પ્રકાશક—

મહેતા કાન્તિલાલ રાયચંદભાઈ

(જી. અમદાવાદ) મુ. સાણંદ

પોસ્ટેજના પચાસ ન. પૈ. મોકલનારને
પ્રકાશક પાસેથી ભેટ મળશે.

જુદા જુદા ગામોની જ્ઞાનદ્રવ્યની રકમમાંથી આ પુસ્તિકા
પ્રગટ કરવામાં આવી છે.

: મુદ્રક :

મહેતા અમરચંદ બેચરદાસ

શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ

પાલીતાણા (સૌરાષ્ટ્ર)

અર્ધ્યાંજલિ

દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીની, સુંદર આરાધના કરાવનાર તેમ સુદેવ સુગુરૂ અને સુધર્મરૂપ તત્વત્રયીને અર્પણ કરી મારા હૃદયને સુંદર વિચારોની સૌરભથી ખૂબ સુવાસિત બનાવનાર પરમારાધ્ય પ્રાતઃ-સ્મરણીય પરમપૂજ્ય સ્વર્ગસ્થ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના કરકમલમાં આ પુસ્તિકાને સમર્પણ કરી યત્કિંચિત્ કૃતાર્થતા અનુભવતો

આપશ્રીના ચરણકિંકર

પ્રવીણની

અનેકશઃ વંદના.

પ્રાસંગિક

પ્રસ્તુત પુસ્તિકા એ કોઈ કર્મવાદ, તત્ત્વવાદ કે ધર્મવાદની ચર્ચા કરનારો મોટો ગ્રન્થ નથી. અને તેથી જ તેની પ્રસ્તાવનાની બહુ આવશ્યકતા ન હોય એ સ્વાભાવિક છે.

છતાં એ માટે બે બોલ લખવા અનુચિત તો ન જ ગણાય.

આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ટુંક વખતમાં જ ખલાસ થતા આવેલ હોઈ, તેની બીજી આવૃત્તિ પ્રગટ કરવાનું હમોએ ઉચિત ધાર્યું છે.

આ પુસ્તિકામાં જ્ઞાન સાથે ગમ્મત આપનારા લગભગ નાના-મોટા કિસ્સાઓ મોજુદ છે, જે બાળકોને પોતાના જીવનમાં પહેલો [illegible] માટે ખુબ જ ઉપયોગી થઈ પડશે એમ હમારૂં માનવું છે.

આ આવૃત્તિમાં [illegible] પંન્યાસજી મહારાજ શ્રીમદ્ [illegible] ગણી નું ટુંક જીવનચરિત્ર આપવામાં આવ્યું છે. [illegible] અને એમ છે.

[illegible] માટે પૂ૦ પંન્યાસજી [illegible] આ પુસ્તિકામાં આવતા [illegible] શ્રી [illegible]

અંતે સૌ કોઇ 'વિચાર સૌરભ' નામના પુસ્તકને સાદ્યંત વાંચી-વંચાવી સુંદર વિચારોની સૌરભથી સ્વ-પરના હૃદયને સુવાસિત બનાવી લેખકના પ્રયાસને સફળ બનાવે એ જ એક અભિલાષા.

પ્રેસદોષથી અગર મતિમાંદ્યતાથી જે કાંઇ શાસ્ત્રવિરુદ્ધ લખાયું હોય તેની ક્ષમા માગીએ છીએ.

—પ્રકાશક



અનુક્રમણિકા

નંબર	વિષય	પાના



"પૂ૦ પંન્યાસજી શ્રી મહિમાવિજયજી ગણિવરની"

-: જીવન સૌરભ :-

ભવ્ય ભારતવર્ષની ત્યાગથી પવિત્ર થએલ ભૂમિનો એવો કયો અણુ હશે કે, જેમાં કોઇ ને કોઇ વૈરાગ્યમય આત્માના ભવ્ય ત્યાગની અપરિસીમ માધુર્યથી છલોછલ ઉભરાતી કહાનીના વૈરાગ્ય ઘંટનો પ્રતિઘોષ નહીં ગુંજતો હોય !

ભારતવર્ષ એટલે માનવતાની માતૃભૂમિ, ત્યાગ અને વિરાગની જનેતા; સંયમનું સંસ્કારપાન કરાવતી પ્રશાન્ત અમૃત સરિતા; અને શિવરમણીના અવર્ણનીય સ્વયંવરનો અનુપમ મંડપ !

આ ભૂમિના આર્યત્વના અમીથી જેના અણુએઅણુ રસાયા છે, એવી ભારતભૂમિના ગુણ ગાતાં ઋષિ-મુનિઓની, મહાત્યાગી મહર્ષિઓની, ધર્મતીર્થંકર દેવાધિદેવોની વાણીનો પ્રવાહ વણ અટક્યો વહ્યો જ ગયો છે.

જેના ગુણ ગાતાં લોકોત્તર પુરુષો અટક્યા નથી, એવી ભૂમિની ગોદમાં જન્મ લેવો એ જેવા તેવા સૌભાગ્યનું સૂચક નથી ! આ ભૂમિની ગોદમાં જન્મ લેવા માટે દેવો પણ ઝંખે છે ! આવી ભૂમિ લાડીલાઓ મહાપુણ્યથી જ અહીં જન્મ્યા હોય છે, એ શંકા વિનાની વાત છે.

આવા ત્યાગથી પવિત્ર બનેલ ભારતવર્ષમાં વર્તમાનકાળમાં ગરવી ગૂજરાત, શ્રમણ ભગવાન મહાવીરના ધર્મોપદેશો પાળવા પ્રચારવામાં, અગ્રસ્થાન ધરાવે છે. શ્રમણ ભગવાન મહાવીરના ત્યાગપંથના ચરણે અનેકાનેક સુકુમાલ પુરુષરત્નોને અર્પવામાં આજ ઘણી શતાબ્દિઓથી ગુજરાત મોખરે છે. શ્રમણ ભગવાન મહાવીરે તીર્થ, અવશ્ય, બિહારમાં પ્રવર્તાવ્યું. એ માટે બિહાર પવિત્ર છે, ધન્ય છે. ચરમ તીર્થપતિના વર્તમાન શાસનનું ઉદ્ગમસ્થાન છે, એમાં શંકા નથી પણ વર્તમાનકાળ આપણને કહે છે કે એ શાસનનો પ્રાદુર્ભાવ ભલે બિહારમાં થયો, પણ ગૂજરાત એના આધારસ્તમ્ભ સમું છે.

આવા ગુજરાતના ગૌરવ સમું સુરત શહેર. ઇતિહાસ પ્રસિદ્ધ ! વ્યાપારનું ધામ અને શ્રી જિનમંદિરો તથા અનેક શ્રદ્ધાળુ શ્રાવકોથી શોભીતું !

સુરત શહેરમાં એક શ્રાવક વસે છે. શ્રીમંત અને જ્ઞાતિએ ઓસવાલ. જેચંદભાઈ એમનું નામ. જેચંદભાઈ ભારે ધર્મી. ધર્મ પર એમને ભારે અનુરાગ. એમના પિતાનું નામ દયાચંદભાઈ.

જેચંદભાઈને બાળપણથી જ સંયમ લેવાની ઈચ્છા હતી. પણ માનવીને જેટલી ઈચ્છા થાય એટલી બધીય ઈચ્છાઓ સફળ કે ફળીભૂત થાય છે? માનવને, ભવ્ય માનવને દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી સંસારની અસારતાનું ભાન [illegible] સંસાર હેય લાગે. અને સંસાર તજવા માટે એ આત્મા ઉત્કંઠિત બને, પરન્તુ જ્યાં સુધી ચારિત્ર મોહનીય કર્મનો [illegible] ત્યાં સુધી [illegible] ભાવનાની પ્રતિ

સંભવે જ નહિ એટલું જ નહિ પણ ભોગપુણ્ય પ્રબલ બેઠું હોય તો સંસારની ભોગ કેદમાં એ બાંધ્યા વિના રહે પણ નહીં.

જેચંદભાઇને પણ કદાચ આવું જ બન્યું હતું

ક્યાં સંસારને લાત મારવાની ઇચ્છા અને ક્યાં સંસારની લાત ખાવાનું નક્કર સત્ય !

ક્યાં દીક્ષાર્થી આત્માની મુમુક્ષા અને ક્યાં ત્રણ ત્રણ વારની લગ્નકેદમાં ભોગની જંજીરોમાં જકડાવાની પ્રત્યક્ષ પરિસ્થિતિ !

સંયમ એટલે મહાકષ્ટ !

સંયમ એટલે સામે આવતાં સુખોને તરછોડીને સ્વેચ્છાએ દુઃખ માંગી લેવું !

સંયમ એટલે જીવનમુક્તિનો સંગ્રામ !

સંયમમાં મહાકષ્ટ જરૂર સહવાનું છે. સામે ચાલીને આવતાં સુખોને તરછોડીને સ્વેચ્છાએ દુઃખ અવશ્ય, માંગી લેવાનું છે. અને મુક્તિ અને બંધનના સંગ્રામમાં મરણિયા થઇને અવશ્ય ઝઝુમવાનું છે. એ વાત સાચી પણ આવું સંયમ તો દેવેન્દ્રોને પણ દુર્લભ છે. આ સંયમ મેળવવા માટે કેટકેટલાં મહાકષ્ટ સહવાં પડે છે. કેટકેટલી અનુકૂળતાને તરછોડવી પડે છે, અને કેટકેટલા જબ્બર જંગ ખેલવા પડે છે. એ તો યા તો કોઇ ભુક્તભોગી દીક્ષાર્થી જાણે, યા કોઇ જ્ઞાની.

મુમુક્ષુ જેચંદભાઈ! ત્યાગની માળા જપતાં જપતાં કર્મે
એમને રાગના ચકડોળના ચકરાવે ચઢાવી દીધા. યોગનું રટણ
કરતાં કરતાં કર્મે એમને ભોગના ઝૂલાવામાં અટવાવી મૂક્યા
પણ એટલું સારું હતું કે, હૃદયના ઊંડાણમાં મુમુક્ષાની જ્યોત
બૂઝાઈ ન હતી. એનું પ્રમાણ એ હતું કે, સંસારની ભોગ
કેદમાં જકડાયા છતાં એમણે અભિગ્રહ ધારણ કર્યો હતો
સંસારના લોહપિંજરમાંથી કોઈ પણ મુમુક્ષુ પંખી ઊડવાને
પ્રયાસ કરશે તો એની પાંખ કાપવાનું કે પાંખો કોઈ પણ
રીતે નિર્બળ બનાવવાનું પાપ હરગિજ નહિ કરું. એટલું જ
નહિ પણ એ પાંખમાં મુમુક્ષા અને દીક્ષાની પ્રેરણાના પ્રાણ
પૂરવાના બધાય શક્ય પ્રયત્નો કરીશ!

જેચંદભાઈનાં ત્રણ ત્રણ વાર લગ્ન થયાં. ત્રીજી પત્નીનું
નામ જસકોરબહેન.

સંસારના નાનાવિધ સુખો ભોગવતાં આ દમ્પતીને ત્રણ
પુત્રો અને ત્રણ પુત્રીઓ સાંપડ્યાં.

મોટા પુત્રનું નામ મોતીચંદ, વચેટ અમરચંદ, અને
નાનો ઇંદ્રકુમાર, મોટી સુશીલા, વચલી સુમંગલા અને નાની
સુનંદા. માતા-પિતાની છાયામાં ધર્મના સંસ્કારનાં અમૃતપાન
કરતાં કરતાં [illegible] મોટા થયા. જેમ જેમ મોટા થતાં ગયા
[illegible]
[illegible]
[illegible]

[illegible]

અંગ્રેજી ધોરણ ચાર સુધી અને ધાર્મિક અભ્યાસમાં પ્રતિક્રમણ અને ચાર પ્રકરણ સુધી પહોંચી ગયો હતો. ઉપરાન્ત અનેક સ્તવને અને મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. રચિત સવાસો ગાથાનું સ્તવન પણ એમણે કંઠસ્થ કરી લીધું હતું.

લૌકિક યુગમાં વ્યવહારિક શિક્ષણ ખૂબ હેવાય એ સ્વભાવિક છે. પણ આવા યુગમાં ધાર્મિક અભ્યાસમાં પ્રતિક્રમણના સૂત્રો પછી પ્રકરણ અને પછી સવાસો ગાથાનું સ્તવન આદિ અભ્યાસની ગતિ, સાચે જ, ધર્મશ્રદ્ધા અને એના પ્રત્યેના આકર્ષણની સૂચક જ ગણી શકાય.

મોતીચંદ દશ વર્ષના હતા ત્યારની આ વાત છે.

મોતીચંદ સ્વભાવના ભારે બીકણ એટલા જ શોજિયા અને બોલે ત્યારે તો જાણે ગડ ગડ ગાડી ચાલી અને હર્ષના આવેગમાં વેગ વધી જાય તો એ શું બોલે છે એ સમજવું પણ અશક્ય થઈ પડે. પણ મોટી વાત એ કે એમનું હૈયું સરળ અને પુણ્ય પ્રબળ.

રાતનો સમય છે. મોતીચંદ ઘસઘસાટ ઊંઘી રહ્યા છે. ઊંઘમાં એ એક અદ્ભુત દૃશ્ય નિહાળે છે. તેજતેજના અંબારથી ઘેરાયેલો એક દેવ એમની સામે ઊભો છે.

દેવ કહે છે : મોતીચંદ ! હું તારો પૂર્વભવનો મિત્ર છું. પણ મોતીચંદ આમેય ડરપોક હતા જ; એમાં આ ગભરાવી નાંખે એવું દૃશ્ય જોઈને એમને ભારે બીક લાગી અને પાષાણવત્ જડ થઈ ગયા.

દેવ ફરી બોલ્યા : મોતીચંદ ! ડર મા. હું તારો મિત્ર છું. ગભરા મા ! પણ મોતીચંદ તો એવા ડરી ગયેલા કે સામે ઉત્તર આપવા જેટલી હિંમત એમનામાં આવી જ નહિ.

દેવે કહ્યું : સારૂં હું અત્યારે જાઉં છું. પછી કોઈક વાર આવીશ. પણ આ વાત તું કોઈને કરીશ નહિ. નહિ તો હું આવવાનું બંધ કરી દઈશ. અને અત્યારે તારે કાંઈ જોઈએ તો માંગી લે !

પણ મોતીચંદમાં તો બોલવાના હોશકોશ જ ક્યાં હતાં?

દેવ અદૃશ્ય થયા.

સવારે મોતીચંદ ઉઠ્યા ત્યારે દુનિયા નવી જ હોય એમ એમને લાગવા માંડ્યું. રાતના દિવ્ય ચમત્કારની ઘટના હજુ એમના મગજમાં ચક્કર લગાવી રહી હતી. મગજમાં સતત પ્રશ્ન ઉઠ્યા જ કરતો હતો.

આ શું ? રાતના કોણ આવ્યું હશે ?

આ વિચારોએ એટલી ઊંડી જડ ઘાલી કે દેવે ના પાડ્યા છતાં એમના પિતાજીને આ વાત કર્યા વિના એમનાથી રહેવાયું નહિ.

મોતીચંદ : પિતાજી ! રાતના મધરાતે ઊંઘતો હતો ત્યારે દિવ્ય તેજના સમૂહથી વીંટળાયેલો કોઈ પુરુષ મારી સામે [illegible].

[illegible] શાંતિપૂર્વક સાંભળી [illegible] : પછી ?

મોતીચંદ : મને કહે, હું તારો પૂર્વજન્મનો મિત્ર છું-દેવ છું, તારે જોઇએ તે માંગ. પણ પિતાજી ! હું તો એવો ડરી ગયેલો કે કાંઇ બોલી શક્યો જ નહિ.

'જેચંદભાઈ સહેજ હસ્યા. અને બોલ્યા : ભલા ભાઇ ! એમાં ડરવાનું શું હતું ? પણ તું છે જ ડરપોક ને ?

મોતીચંદ કહે : હવે દેવ ફરી પૂછે તો માંગવું શું ?

જેચંદભાઈ બોલ્યા : આપણે શું ખોટ છે, બેટા ! ધન જોઇએ એટલું છે. માન-પ્રતિષ્ઠાની ખામી નથી. ચાર જણામાં પૂછપરછ થાય છે. બસ આપણે કાંઇ જોઈતું નથી. પણ ફરી પૂછે તો એટલું માંગજે કે અમારા કુળમાં ધર્મધ્યાનની નિરંતર વૃદ્ધિ થાય એવું આપો.

સાચે જ ધર્મી આત્માઓને ધર્મની મહત્તા સમક્ષ સંસારનાં મહત્તમ સુખો પણ તુચ્છ જ લાગે છે. નહિ તો સંસારી માનવ પાસે ગમે એટલું હોય તો પણ મેળવવાની તક આવે ત્યારે ચક્રવર્તી જેવો પણ તૃષ્ણા તરફ ગગનફાળ ભરવાની વૃત્તિ દબાવી શકતો નથી. તો સામાન્ય કરોડપતિ ને લખપતિનું તો પૂછવું જ શું !

પરંતુ સંસારમાં સુવર્ણ નિહાળનારા ધર્મમાં પારસ નિહાળતા થઈ જાય તો એમને સુવર્ણની ગુલામી પસંદ ન જ પડે. ધર્મ પારસ પાસે હશે તો, સુવર્ણ તો ચરણ રજ થઇ રહેશે. ચરણ રજ થઈને રહે એવી ચીજને માથે ચઢાવનાર ધર્મની સાચી સમજથી ઘણો દૂર છે. એટલું તો એ સમજેલા હોય છે.

માંગે તો અઢળક સમ્પત્તિ મળી શકે એવી છે. એવી પરિસ્થિતિમાં ધર્મની ઇચ્છા કરવી એ ધર્મની પ્રબળ ભાવના વિના ભાગ્યે જ સંભાવી શકે !

દિવસો વિતતા ગયા. વાત વિસારે પડી.

દેવ ગયા તે ગયા જ ફરી પાછા દેખાયા જ નહિ.

કારણ ? કારણ જે ગણો તે મોતીચંદના પુણ્ય અધૂરાં ગણો તો એ, મોતીચંદનું ડરપોકપણું ગણો તો એ, જેના પરિણામે એમણે બધી વાત એમના પિતાશ્રીને કહી દીધી.

દેવે આવવાનું બંધ કર્યું પણ દેવને મોતીચંદ પર એવો ભારે રાગ હતો કે, એને એની ખબર દીધા વિના ગમે એવું નહોતું. પણ જે વરદાન માગવાનું કહ્યું હતું એ એણે ફરી ઉચ્ચાર્યું પણ નહિ.

કેટલાક સમય પછી મોતીચંદ સંધિવાના વ્યાધિમાં સપડાયા. સંધિવા એ કેવો ભીષણ અને કંટાળા ભરેલો વ્યાધિ છે, એનું યથાર્થ વર્ણન એના ભુક્ત ભોગીઓ જ કરી શકે. પરંતુ સંધિવા જેવો ભીષણ વ્યાધિ મોતીચંદને જે રીતે દૂર [illegible] [illegible], [illegible] માનવાનું મન થઈ જાય છે, એમાં એના [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] પણ [illegible] રીતે સમાધિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હોય તો.

[illegible]

[illegible]

સિદ્ધચક્રના ગોખલે ગયા. ત્યાં આ શું ? અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીથી ભરેલો આ દિવ્ય થાળ કોણે ગોઠવી દીધો ?

અરે આ શું ? મોતીચંદના મસ્તકમાંથી આ પીળો ભૂકો શેનો ? એ તો દિવ્ય વાસચૂર્ણ હતું. એની દિવ્ય સુગંધ ચારે તરફ પ્રસરી ગઈ.

આ બધો ચમત્કાર હતો, એમના મિત્ર દેવનો ! કલિકાળમાં, દેવનું અસ્તિત્વ ન સ્વીકારનાર માટે પ્રત્યક્ષ પરિચય !

આ પ્રસંગ પછી મોતીચંદની ધર્મશ્રદ્ધાના પાયામાં અપરાજેય સ્થિરતા અને અચલ દૃઢતાના પ્રાણ પુરાયા.

આ પછી મોતીચંદના જીવનમાં અનેકાનેક ચમત્કારોના પ્રસંગો બનવા લાગ્યા.

ક્યારેક માથામાંથી ચોખાનો ઢગલો થઈ પડે તો ક્યારેક સરસર કરતું વાસચૂર્ણ સરી પડે. અને ક્યારેક ખોળામાં શ્રીફળ આવી પડે તો ક્યારેક હાથમાંથી સુવાસિત ન્હવણજળનો ફુવારો ઉડે.

આમેય મોતીચંદની ધર્મશ્રદ્ધા દૃઢ હતી પણ જેમ જેમ એ મિત્ર દેવના ચમત્કાર થવા લાગ્યા, એમ એમ ધર્મની શ્રદ્ધા એમના હૃદય પટમાં ઉંડી જડ ઘાલતી ગઈ.

મિત્રદેવના પ્રસંગો એમના જીવનમાં એટલા બન્યા છે કે, એ બધાનું અહીં આલેખન કરવું ઇષ્ટ નથી. અને શક્ય પણ નથી. કારણ પ્રસંગો કયા કયા અને ક્યારે ક્યારે બન્યા એની નોંધ નથી અને જે વારંવાર બન્યા જ કરતું હોય એની ભલા ! નોંધ પણ શી ?

મોતીચંદને શ્રી જિનમૂર્તિના દર્શન કરાવવાં. એમના
મસ્તક પર વાસચૂર્ણ વરસાવવું આદિ તો સહજ અને સામાન્ય
વાત થઈ પડી હતી.

એકવાર મોતીચંદ ચોપાટી પરથી પસાર થતા હતા ત્યાં
માર્ગમાં જ મિત્રદેવે એમને શ્રી જિનમૂર્તિના દર્શન કરાવ્યા અને
ભોળા ભાવુક મોતીચંદ વાહનવ્યવહારથી ખીચોખીચ ભરેલા
માર્ગ પરથી અન્તરીક્ષમાં દેખાતી જિનમૂર્તિને ખમાસમણાં
દેવા મંડી પડ્યા. અને ચૈત્યવંદનના સુત્રો બોલી ચૈત્યવંદન
કરવા લાગ્યા. છતાંય આશ્ચર્ય ઉપજાવે એવી હકીકત એ છે
કે, વાહનવ્યવહારથી સંકીર્ણ આવા રાજમાર્ગની વચ્ચે પણ
એમને કોઈ પણ જાતનો અકસ્માત નડ્યો ન હતો. આવા
ચમત્કારો જોવા ઠેર ઠેર લોકોની ભારે ઠઠ જામતી અને લોકો
મોંમાં, આંગળા નાખી જતા. સંયમની ભાવનાના અંકુરા તો
મોતીચંદના હૃદયમાં ક્યારનાય ફૂટી ચૂક્યા હતા. પણ ધીમે
ધીમે તે પલ્લવિત થયા અને એનો વિકાસ ત્યાં સુધી પહોંચ્યો
કે, સંયમ ન લેવાય ત્યાં સુધી એમણે છ વિગઈનો ત્યાગ
કર્યો. અને અઢાર વર્ષની ભરયુવાનીમાં બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચર્યું.

મોતીચંદને એના વૈરાગ્યતરૂનાં મૂળ સીંચનાર મહાત્મા-
[illegible] મેળાપ થયો. અને એમનું વૈરાગ્યતરૂ [illegible]
[illegible] અને [illegible] મહત્વના ભાગી તરીકે પૂ. પં.
[illegible] પૂ. આ. શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી
[illegible] મ., પૂ. આ. શ્રીમદ્
[illegible] પૂ. આ. શ્રીમદ્ વિજય[illegible]

વિ. સં. ૧૯૮૧ તથા ૧૯૮૪ માં પૂ. આ. શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજે સુરતમાં ચતુર્માસ કર્યા. આ બે ચાતુર્માસમાં પૂજ્યશ્રીની વ્યાખ્યાન પ્રતિભાના દિવ્ય તેજથી મોતીચંદનો વૈરાગ્ય દીપ્યો, એ એ જ્યોતને જાગતી રાખી. હૃદય એ જ રટવા લાગ્યું કે, "વૈરાગ્યમેવાભયમ્ ।"

ચારિત્ર મોહનીય તૂટે અને શીઘ્ર સંયમ પ્રાપ્ત થાય માટે મોતીચંદે શ્રી નવપદની શાશ્વતી ઓળીની આરાધના શરૂ કરી. જ્ઞાનપંચમીની આરાધનાનું પણ મંડાણ કર્યું અને ચાતુર્માસમાં પર્વતિથિએ ઉપવાસ આદિ પૌષધો કરવા માંડ્યા. ઉપરાન્ત અક્ષયનિધિ તથા અષ્ટમહાસિદ્ધિની આરાધના પણ કરી.

મોતીચંદ ગર્ભશ્રીમંતના પુત્ર હોવાથી કન્યાના માંગા આવે એ કાંઈ નવાઈ જેવી વાત નહિ. પણ સંયમના રાગે તરબોળ બંધાઈ ગયેલા મોતીચંદે તો બ્રહ્મચર્ય વ્રત તેમની અઢાર વર્ષની વયે ગ્રહણ કરી લીધું હતું.

સંયમ ગ્રહણ કરવાની ઉત્કંઠા વધતાં, ક્રમે વડીલોએ ને માતા-પિતાએ પણ અનુમતિ આપી. માતાનો [illegible] પ્રબળ [illegible] હતો [illegible] ગુણવંતો ભલો પણ જિન શાસનની વાતોના જાણ હતી [illegible] સંયમ લેવામાં વિઘ્ન [illegible] એવી માતા પુત્રને પણ શું કરે? [illegible] નહિ. મોતીચંદની માતા આતુર [illegible] થતાં [illegible] મોતીચંદના વૈરાગ્યના વિચાર પાસે તેમને ઝૂકવું પડ્યું. સંયમ [illegible] આપવી જ પડી.

વિક્રમની ૧૯૮૬ ની સાલ [illegible] વખતે ખંભાતમાં [illegible] મોતીચંદ તથા [illegible]

પિતાશ્રી પાટણ ગયા. પૂજ્યશ્રીને સુરત પધારવા વિનંતિ કરી
અને કહ્યું કે, મોતીચંદ દીક્ષા લેવા તૈયાર થયો છે.

પૂજ્યશ્રીએ કહ્યું: હું અહીં મહત્ત્વના કામમાં રોકાયો છું
અહીં પણ દીક્ષા આપવાની છે. માટે સુરતમાં શ્રી સાગર
નન્દસૂરીશ્વરજી મહારાજ છે. તમો એમની પાસે દીક્ષા અપ
વજો. એ અમારા નામની દીક્ષા આપશે.

મોતીચંદની અને એમના પિતાશ્રીની ખાસ ઇચ્છા હ
કે પૂજ્યશ્રી સુરત પધારે પણ વિચિત્ર સંસારમાં બધાની બ
ઇચ્છાઓ ક્યાં સફળ થાય છે ?

પૂજ્યશ્રીને મુહૂર્ત પૂછતાં વૈ. સુ. ૬ નું મુહૂર્ત આપ

મોતીચંદ વગેરે સુરત પાછા આવ્યા.

દીક્ષાની ભારે તૈયારીઓ થવા માંડી.

જેચંદભાઈએ મોતીચંદની દીક્ષા નિમિત્તે ભવ્ય મહોત
માંડ્યો અને બીજી બાજુ મોતીચંદને સ્થળે સ્થળેથી વાય
આવવા માંડ્યાં. વાયણાં જમાડીને લોકો મોતીચંદની
બુદ્ધિ અનુમોદના કરવા લાગ્યા

વૈ. સુ. ૪ના ઝવેરી નેમચંદ અભેચંદના પ્રમુખપ
[illegible] સંઘ તરફથી, અને બીજે દિ
[illegible] તરફથી [illegible] દીપચંદ કન્યાશાળ
[illegible] નિવાસી બાબુ વિજયસિં
[illegible]
[illegible] દીક્ષાર્થીનું [illegible]

ાકના કરી હતી. અને કેટલાક ભાવુક હૈયાં ગદગદ થઈ
ાયાં હતાં.

લક્ષ્મીદેવીની સુંવાળી સેજમાં ઊછેરેલો આવો ઉગતો યુવાન
ંસારના ભોગ-વિલાસોનો સદા માટે ત્યાગ કરીને મ. મહા-
ીરના સમણપણે પડે એ રાગીને આશ્ચર્ય પમાડે અને વિરા-
ીને આનંદ પમાડે એ સ્વાભાવિક છે

દીક્ષાનો દિવસ આવી પહોંચ્યો. ઢોલ ઢબૂકયાં અને શરણ-
ાઈઓના નાદ ગુંજી ઉઠ્યા. સુરત તો ઉમટ્યું તે ઉમટ્યું
ણને બહારથી પણ આવિકોનું પૂર આવ્યું.

દેશવિરતિ સમાજ, મુંબઈનું પોસાની મંડળ તથા શેઠ
ોપટલાલ ધારશીભાઈ વગેરે અનેક સંભવિત સદ્ગૃહસ્થો
ીક્ષા નિમિત્તે આવી પહોંચ્યા હતા.

મારી જ સોસાયટીની શાન્તિમાં આવો દીક્ષાનો પ્રસંગ લાગુ
જમાનામાં કો પહેલો જ હતો. ધન્ય ઈમંત ! માતા-પિતા
કયાન અને પ્રસન્નતાપૂર્વક સમ્મતિ ! ભગવાન. મીંઢનો આવેશ
ાતાના નજરના અશ્રુ સુકાવા દેતો ન હતો.

આ પ્રસંગે નઉમમંડળના મંત્રી શિવલાલભાઈ ઈડરી ના
પ્રમુખપદે નીચે એક અભિનંદન પત્ર આપવામાં આવ્યું હતું.
ે અત્રીંક છેપં અત્રે આપવામાં આવે છે.



ચારિત્ર માર્ગ અંગીકાર કરનાર

ભાઇશ્રી મોતીચંદ જયચંદભાઇને

અભિનંદન-પત્રિકા

અર્પણ કરનારઃ—

શ્રી સુરત જૈન વિસા ઓસવાળ યુવક મંડળ.

ધન્ય છે ! ધન્ય છે ! ઓ બાલ સાધુ, ત્હને ધન્ય છે ! ભર જુવાન વયે વિલાસ અને વૈભવનો ત્યાગ કરનાર, સંસારના મોહમાં નહિ ફસાનાર, જિંદગીના કૃત્રિમ સુખોને ઠોકરે મારનાર, ઓ સાધુ પુરૂષ ! ત્હને ધન્ય છે.

અને આ કોમળ વયમાં ચારિત્રમાર્ગ અંગીકાર કરનાર, મુક્તિને પંથે વિહરનાર ઓ બાલબ્રહ્મચારી ! ત્હારો જય થાઓ, વિજય થાઓ.

જિંદગીનું સાર્થક કરનાર, ઓ આદર્શ યુવાન ! ત્હને કેમ સંબોધીયે ! ક્યા શબ્દોમાં સ્વાગત કરીએ, જન્મભૂમિનું ગૌરવ વધારનાર ઓ પુણ્યાત્મા ! વીશા ઓશવાળ જ્ઞાતિના [illegible] ! આ ત્હારા યુવાન બંધુઓને ત્હેં સાંભળેલ [illegible] જગતના [illegible] સંદેશ સંભળાવજે અને ત્હારા તેજમાં [illegible].

[illegible] ઓ મહાત્મા ! ત્હારા કુટુંબ, [illegible] ત્હારા [illegible]ની કીર્તિ ત્હેં વધારી છે. [illegible] પાલન કર્યું, ત્હારા [illegible] ત્હારા [illegible].

અમને આપતો રહેજે. ત્યાગ માર્ગ અંગીકાર કરનાર ઓ ત્યાગી ! વીતરાગની વાણી સંભળાવનાર ઓ વિરાગી ! તપ માર્ગે દ્રષ્ટિ વાળનાર ઓ તપસ્વી ! ત્હારૂં ચારિત્ર, ત્હારૂં ધ્યેય, ત્હારી ભાવના અને ત્હારે મનોબલ જોઇ હમારા શીર ત્હારા ચરણે ઝુકી રહ્યાં છે.

અને ઓ કર્મવીર ! એ ત્હારા વીર પિતાશ્રી મહાવીર દેવના, ત્હારા અને હમારા એ તારણહારના, પવિત્ર વચનામૃતો સર્વત્ર ફેલાવજે, શાસનને શોભાવજે, અને જૈન ધર્મનો વિજય વાવટો દશે દિશામાં ફરકાવજે.

દૈવી રીતે પ્રતિબોધ પામેલાં ઓ દિવ્ય પુરૂષ ! શાસનના ઓ મહાન પૂજારી ! અમે ત્હને શું કહિયે ! ત્હને સલાહ આપવી એ અમારી લાયકાત છે ! ના, અમારી તો એ યાચના છે કે એવાં કૃત્ય કરજે કે જે અમને ગૌરવશાળી બનાવે, ત્હારા કુટુમ્બ અને આત્મજનની કીર્તિ વધારે અને ત્હારા પ્રભુનૂં શાસન દીપાવે.

યુવાનોના ઓ નાયિક ! આ ત્હારા યુવાન સહચરો, ત્હારા વડે સંસાર સાગર પાર ઉતરવાની આશા બાંધી રહ્યા છે, ત્હેમને નિરાશ નહિ કરતો. ત્હને ત્યાગ માર્ગે પ્રયાણ કરતો જોઈને ઓ વીર યુવક ! અમ યુવકોના અન્તર પ્રફુલ્લિત બને છે. નવપલ્લવિત બને છે. હર્ષથી ઉભરાય છે.

ઓ પરમ યોગી ! ત્હારા યોગબલથી આંખ છતાં અન્ધ બનેલાંના નેત્રો ખુલ્લાં કર, અમારૂં કર્તવ્ય બતાવ, અમારો ધર્મ સ્હમજાવ. ક્ષમા કરજે, ઓ દયાળુ આત્મા ! અમારા

કહેવાથી જો ત્હારા પવિત્ર હ્રદયમાં કોઈ પણ સમયે દુઃખની લાગણી ઉદ્દભવી હોય તો હે પરમ કૃપાળુ! ક્ષમા આપજે, ઉદાર બનજે.

પિતાની ઇચ્છાને માન આપનાર ઓ આજ્ઞાપાલક પુત્ર! અમને એવા કૃતઘ્નિ નહિ ગણી લેતો કે જહેણે શાસનને ચરણે પોતાના મહાન્ પુત્રરત્નની ભેટ ધરી ત્હેને ભૂલી જઈએ. ધન્ય હો, તે વીર માતપિતાને કે જહેણે શાસનની ઉન્નતિ ખાતર પોતાના ચમત્કારિક અને ભાગ્યવાન પુત્રનો ભોગ આપ્યો.

મોહ માયાના બંન્ધનમાં બંધાયેલાં, સંસાર સાગરમાં રડતાં, વિષય વાસનામાં લપટાયેલાં અને લક્ષ્મીના મદમાં ભાન ભૂલી કર્તવ્યથી વિમુખ બનેલાં એવાં જે અમે ત્હેને ઓ વીર પુત્ર! તું તરજે અને તારજે.

અમારૂં અભિનન્દન સાર્થક ત્યારે જ થશે કે જ્યારે ઓ ભાગ્યવાન! ત્હારા જેવા અમને તું બનાવશે. એ જ અમારી અંતિમ અભિલાષા તું પૂર્ણ કરજે. શાસનદેવ ત્હને સહાય થાઓ અને ત્હારો જય થાઓ.

ગોપીપુરા. સુરત. વંદે વીરમ.



[illegible] ૬ ના મંગળ પ્રભાતે શ્રી વાસુપૂજ્ય જિનાલયની [illegible] હતી. એ જ દિવસે મોતીચંદની દીક્ષા હતી. કેવો [illegible]!

[illegible] જિનાલયમાં પૂજાની બોલી બોલાતી હતી. [illegible] મોતીચંદને દીક્ષાને [illegible]

શ્રી ચંદ્રપ્રભસ્વામીના જિનાલયે સ્નાત્ર ભણાવીને સૌ ઘેર આવ્યાં. મોતીચંદ ભવ્ય વેષભૂષામાં સજ્જ થયા મોંઘેરા વસ્ત્રો અને હીરા, માણેક ને મોતીથી મઢેલી ટોપી.

મોતીચંદે માતાપિતાને નમ્યા સંયમની અનુમતિ માગી, સંઘ સમક્ષ એમના પિતાશ્રીએ કુંમકુંમનું મંગલતિલક કર્યું. હાથમાં શ્રીફળ આપ્યું અને સંયમની અનુમતિ આપી.

મોહ ને ધર્મનું દ્વન્દ્વ મચ્યું. ધર્મ વાચા પર બેઠો, મોહ નયનમાં ઝળક્યો, વાચાએ સંયમની અનુમતી આપી, નયનમાં મોહનાં નીર ટપક્યાં. આખરી વિજય ધર્મરાજનો થયો.

વાતાવરણ આવું બોલી રહ્યું હતું.

અનુમતિ દોને મોરા તાય રે,
અનુમતિ દોને મોરી માય રે,
અમે સંયમ લેશું આજ;

માત તાતે, અનુમતિ દીધી,
ને દીધી આશિષ રે,
સંયમ રૂડું પાળજો મારા લાલ!

કલ્યાણકારિણી ભાગવતી દીક્ષાનો વરઘોડો ચઢ્યો. અનેક બેન્ડોની સ્વરાવલીથી આકાશ ગૂંજી રહ્યું હતું. અનેક સાજનોની અનોખી સજાવટ જનતાનું ધ્યાન ખેંચતી હતી. વરઘોડાના શિરમોરરૂપે હતી ચારઘોડાની બગી, ફૂલની સજાવટ ને આભૂષણ શણગારથી બગી એવી દીપી ઊઠી છે, જાણે સ્વર્ગનું વિમાન ધરતી પર સરી પડ્યું. દેવશી, મુકેમલ, મોતીચંદ અંદર બેઠા હતા અને વરસીદાનની છોળો ઉછાળતા હતા.

· જનતાનું પૂર ઉભરાયું છે. વરઘોડામાં મેદનીની સીમા નથી. નગરમાં વરઘોડો ફર્યો, અદાલતની વાડીએ ઉતર્યો.

મોતીચંદ બગીમાંથી ઉતર્યા. હજારો માનવીનાં સ્નેહવંદન, અભિનંદન ને આશિષ ઝીલતા ઝીલતા નાણુ સમક્ષ આવ્યા. પાટ ઉપર શ્રી પૂ. સાગરાનંદસૂરીશ્વરજી મ. બિરાજ્યા હતા. એમણે દીક્ષાની ક્રિયા શરૂ કરી. રજોહરણ આપતાં મોતીચંદ હર્ષના આવેશમાં નાચી ઉઠ્યા હતા. દેવદુર્લભ સંયમ પ્રાપ્ત થાય તો કોણ અભાગી ન આનંદી ઉઠે ?

રજોહરણ લઈને મોતીચંદ મુનિવેષ પહેરવા ગયા. મુનિવેષ પહેરીને આવ્યા ત્યારે બેન્ડના મધુર સરોદોએ એમનું ભાવવાહી સ્વાગત કર્યું.

મોતીચંદભાઈનું દીક્ષાનામ પૂ. મુનિશ્રી મહિમાવિજયજી રાખવામાં આવ્યું હતું, અને તેમને પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિપ્રવર શ્રી (હાલમાં પન્યાસપ્રવરશ્રી) પ્રવીણવિજયજી મ. ના શિષ્ય જાહેર કર્યા.

દીક્ષા સમયે એક અદ્ભુત ઘટના બની હતી. અજિમગંજ નિવાસી રાયબહાદુર બાબુ વિજયસિંહજી દુધેડિયા સભામાં ઉપસ્થિત હતા. દીક્ષાની આખી ક્રિયા દરમિયાન મોતીચંદની પાછળ દેવદેવીનું અદ્ભુત નૃત્ય થતું એમણે નિહાળ્યું હતું. આ પ્રત્યક્ષ દર્શનનો એમના પર ભારે પ્રભાવ પડ્યો હતો.

[illegible] હતા. સુરતની આરાધના [illegible] [illegible] [illegible]

નૂતન મુનિને મેદની નમી રહી.

દીક્ષાનો વિધિ પૂર્ણ થયો. સૌ વાજતે ગાજતે ભગવાન મહાવીરસ્વામીના જિનાલયમાં ગયા. ચરમતીર્થપતિને નમ્યા.

બહારથી આવનાર સાધર્મીનું જેચંદભાઈ તરફથી સાહમ્મીવચ્છલ હતું. તેમ દીક્ષા બાદ શ્રીફળની પ્રભાવના થઈ હતી.

નૂતન મુનિના જોગ થયા. અંકલેશ્વરમાં ધામધૂમથી વડી દીક્ષા થઈ. ત્યાં પણ જેચંદભાઈએ સંઘજમણ આપ્યું હતું. જિનાલયમાં સુંદર આંગી રચાવાઈ હતી. પૂજાની ભાવનાનાં ભક્તિગીતોથી મંદિર ગૂંજી ઉઠ્યું હતું. શ્રીફળની પ્રભાવના થઈ હતી.

પૂજ્ય ગુરુદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજે મોકલેલા મુનિશ્રી પ્રવીણવિજયજી તથા મુનિશ્રી સત્યવિજયજી મ. પણ ત્યાં આવી પહોંચ્યા હતા.

ચતુર્માસ પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી માણેકસાગરજી ગણીવરની નિશ્રામાં સુરત થયું. ચતુર્માસ પરિવર્તનનો લાભ જેચંદભાઈએ લીધો હતો. આ વખતે પણ હોંશથી સારી ધામધૂમ કરી હતી.

સંયમ લીધા પછી પૂ. મુનિશ્રી મહિમાવિ. મહારાજે પાંચ કર્મગ્રંથ, સારસ્વત વ્યાકરણ, ભાંડારકરના સંસ્કૃત બુક-રચના બે ભાગ, રઘુવંશ આદિ કાવ્ય તથા પ્રકરણ આદિનો પોતાની શક્તિ પ્રમાણે અભ્યાસ કર્યો હતો.

પૂ. ગુરુદેવની નિશ્રામાં રત્નત્રયીની આરાધના કરતાં મુનિશ્રી અનેક ધર્મવિમુખ આત્માઓને ધર્મ સન્મુખ બનાવતાં અન-વતાં નિજ આત્માનું કલ્યાણ કરી રહ્યા હતા.

પૂ. મુનિશ્રી જો કે પ્રકાંડ વિદ્વાન્ ન હતા. છતાં એમના સમાગમમાં એક એવી દિવ્ય છાયા હતી કે, પરિચયમાં આવનાર ધર્મ પામ્યા વિના ભાગ્યે જ રહે ! ભલભલા નાસ્તિકો આસ્તિકતાના પાઠ ભણી જતા ને જીંદગી સુધી એમનો ઉપકાર યાદ કરતા.

પૂ. મુનિશ્રીના ઉપદેશથી વર્ધમાન તપના પાયા નાંખનારની સંખ્યા ઓછી નથી. ઉપરાંત એમના ઉપદેશથી સિદ્ધચક્ર પૂજન, શાન્તિસ્નાત્ર, નંદીશ્વરદ્વીપની રચના આદિ અનેક ધર્મ પ્રભાવનાનાં કાર્યો થતાં.

છોટાલાલ મણીલાલ બકરી (લલીત બંધુ) પૂ. મુનિશ્રી મહિમા વિ. મ. ના પરિચયમાં આવતા ધર્માભિમુખ બનેલા. મુંબઈ લાલબાગમાં વિ. સં. ૨૦૧૧ માં પૂ. મુનિરાજ શ્રી મહિમા વિ. મ. ના પચ્ચીસમા વર્ષની ભારે ધામધૂમથી ઉજવણી કરેલી. આ ઉજવણીમાં પૂજ્ય મુનિશ્રીના ‘ લલિત બંધુ ’ આદિ બાળકો; ઝવેરી બાબુભાઈ પ્રેમચંદ, નાનચંદ બકાભાઈ, મોતીચંદ હીરાચંદ, માણેકચંદ દામાભાઈ, શ્રીપતલાલ સુરચંદ તથા મુંબઈના બીજા ભાવિકોએ પણ સારો ભાગ લીધો હતો.

આ ઉજવણી નિમિત્તે શ્રી સિદ્ધચક્રજીનું પૂજન, સાધર્મિક વાત્સલ્ય આદિ અનેક પ્રવૃત્તિ, શાસન પ્રભાવના કરાઈ હતી. [illegible]

વિ. સં. ૨૦૧૩નું ચાતુર્માસ છાણીમાં થયું અને વિ. સં. ૨૦૧૪ના મા. સુ. છઠ્ઠના મંગળ મુહૂર્તે પૂ. ગુરુદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પૂ. મુનિશ્રીને હજારો માનવ મેદની વચ્ચે પંન્યાસપદનું પ્રદાન કરવામાં આવ્યું. આ પ્રદાન નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો. હાલતી ચાલતી ત્રણ ભવ્ય રચના કરવામાં આવી હતી. આખા ગામમાં શેર સાકરનાં પડીકાની પ્રભાવના કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુંબઈ, સુરત, અહમદનગર, સંગમનેર, સાંગલી, વહેગામ-દાભડા, શાહપુર, વાપી, છવર, ટીટોઈ, પૂના, નવસારી, ભરુચ, પાલેજ, મિયાગામ, અમદાવાદ તથા વડોદરા આદિ અનેક સ્થળોએથી વાજાગાજાની ભારે મેદની ઉમટી હતી.

પાંચમના દિવસે એક રથયાત્રા કાઢવામાં આવી હતી. જેની અભૂતપૂર્વ શોભાથી અનન્ય શાસન પ્રભાવના થઈ હતી.

છઠના દિવસે ઉપાશ્રયના પવિત્ર આંગણામાં ઉભા કરેલા ભવ્ય મંડપમાં શાન્તિસ્નાત્ર મહોત્સવ કરવામાં આવ્યો હતો.

આખા ચાતુર્માસ અને મહોત્સવના ભવ્ય પ્રસંગને દીપાવવામાં શેઠ નગીનદાસ મોતીલાલ તથા તેમના સુપુત્રો શેઠ સોભાગચંદ નગીનદાસ તથા શ્રી રમણલાલે તન, મન અને ધનનો જે અનુકરણીય ભોગ આપ્યો છે, અને પ્રશસ્ત શાસન સેવા બજાવી છે એ સાચે જ અવિસ્મરણીય છે.

આ પ્રસંગે પૂ પાદ આચાર્યદેવેશના વરદ હસ્તે તેઓશ્રીના શિષ્ય પ્રશિષ્યોમાંથી શાંતમૂર્તિ ક્રિયાભિરૂચિ પૂ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજને તથા વિદ્વદ્દર્ય પૂ. મુનિરાજ શ્રી

ભદ્રંકરવિજયજી મહારાજને પણ પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

દ્વિરેફ

પન્યાસ પદવીથી વિભૂષિત થયા બાદ સદ્ગત મહાત્માએ કરેલાં ઇડર, વડાલી અને પાલીતાણાના ચાતુર્માસ દરમ્યાન પ્રતિષ્ઠા, ઉપધાન, નવીન ઉપાશ્રયોનું નિર્માણ-ઇડર ગામમાં ત્રણ સંઘના સંગઠનનું કપરૂં કાર્ય આદિ અનેકવિધ ધર્મ પ્રભાવનાના કાર્યો પણ તેમની શુભ પ્રેરણાનાં પરિણામો હતાં.

પાલીતાણા ભવ્ય ઉપધાનની આરાધના, માળારોપણ આદિ કાર્યો નિર્વિઘ્ને પતાવી ભાવનગર તરફ પોતાના ગુરૂદેવશ્રી સાથે વિહાર લંબાવ્યો હતો.

પાલીતાણાની સ્થિરતા દરમ્યાન તેમની તબીયત નરમ ગરમ જ ચાલ્યા કરતી હતી અને તેથી ત્યાંના સેવાભાવી ડૉક્ટર ભાનીશંકરે વારંવાર કાળજીપૂર્વક સુંદર સેવા અર્પી હતી.

ત્યારબાદ ભાવનગર પંદર દિવસની સ્થિરતા દરમ્યાન [illegible] શ્રીસંઘની આગ્રહભરી વિનંતિને માન આપી ત્યાંના ચાતુર્માસ માટે જય બોલાવી હતી.

ત્યાંથી [illegible] ગામની પ્રતિષ્ઠા પણ ખૂબ જ ઉલ્લાસપૂર્વક [illegible]

લીંબડીનો જૈન સમાજ તેમના દ્વારા ચોમાસામાં અનેકવિધ ધર્મકાર્યો થવાની આશા રાખી રહ્યો હતો.

પરન્તુ ભાવિની કોને ખબર હતી ? કે લીંબડીમાં જ તેમના આયુષ્યની પૂર્ણાહુતિ થશે. અને સારોયે સમાજ તેમની દીવ્ય પ્રેરણાઓથી વંચિત રહી જશે.

તેઓશ્રી હાર્ટની બીમારીથી પીડાતા તો હતા. તેમના એ દર્દની ટ્રીટમેન્ટ ધંધુકાના ડોક્ટર પી. પી. મહેતા ખૂબ ખંતથી અને પ્રેમથી કરી રહ્યા હતા. અષાડ સુદ ચોથના ઉગ્ર હુમલા સમયે પણ તેઓ અથાગ પરિશ્રમ લઈ રાત્રે ત્રણ વાગે અમદાવાદથી આવી હાજર થયા હતાં. તે જ રાતના બીમારી ખૂબ જ વધી જતાં અત્રેના ડોક્ટર પીરૂભાઈ, રમણીકલાલ, તથા મંજુભાઈ વિગેરેએ સારી રાત જાગીને ખડે પગે સેવા બજાવી હતી. તેમજ અત્રેના સંઘના મો–ટોકસો ભાઈઓ રાત અને દિવસ તેમની સેવામાં હાજર હતા.

પરન્તુ તુટીની બુટી હોતી નથી. એ કહેવત મુજબ તેઓ ખૂબ સમાધિપૂર્વક અષાડ સુદ ૬ ના ક. ૮–૪૫ મીનીટે કાળધર્મ પામ્યા હતાં. જૈન–જૈનેતર સમાજ તેમના દર્શનાર્થે ઉમટ્યો હતો. લગભગ બાર વાગ્યે તેમના દેહને ભવ્ય પાલખીમાં પધરાવી સ્મશાનયાત્રા લગભગ ત્રણેક હજાર જૈન–જૈનેતરોની વિશાળ સંખ્યા સાથે લીંબડી શહેરના મુખ્ય લત્તામાં થઈ ભોગાવા નદીમાં લગભગ સાડા ચાર વાગ્યે આવી પહોંચી હતી. અગ્નિસંસ્કાર કરવાનો હક તેમના પરમભક્ત મુકુન્દ હીરાલાલ મણીઆરે રૂા ૯૦૦૧ ની બોલી બોલી લીધો હતો.

તે દિવસે તેમના માનમાં બજારો બંધ રહ્યા હતા. જીવદયાની ટીપ પણ થઈ હતી.

આ રીતે તેઓશ્રી ૩૩ વર્ષનો દીર્ઘ ચારિત્ર પર્યાય પૂર્ણ ઉલ્લાસથી પાળી આ ફાની દુનિયાનો ત્યાગ કરી, ત્યાગની સુંદર સુવાસ મૂકતાં ગયા છે. તેમના પ્રૌઢ અવસ્થામાં થએલા અવસાનથી જૈનસમાજને ખૂબ આઘાત પહોંચ્યો છે. આવા એક સરળ સ્વભાવી, મીલનસાર, પ્રવૃત્તિશીલ, યુવકજન પ્રતિબોધ, કુશળ મહાત્માની કદી ન પુરાય એવી ખોટ પડી છે.

તેમના કાળધર્મ અંગે દીલાસાના ૩૫૦ જેટલાં પત્રો તથા સોએક તારો આવ્યાં હતાં. જે તેમના તરફ ભક્તગણના આકર્ષણનું પ્રતીક ગણાય.

પોતાના ગુરુદેવની અખંડ નિશ્રામાં રહી પૂજ્યોની અસીમ કૃપા અને આશીર્વાદથી રત્નત્રયીની સુંદર આરાધનામાં રક્ત બન્યાં હતાં. વિવિધ સ્થળોએ ચાતુર્માસ કરી; ગુજરાત, મરૂધર, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર આદિ દેશોમાં, પોતાની નાદુરસ્ત તબીયતને અવગણી, કેટલીક વખતે ઉગ્ર વિહાર કરીને ગા[illegible] પ્રેરક ઉપદેશદ્વારા ત્યાંની જનતામાં જાગૃતિ લાવી તેમના જીવનને ઉન્નત બનાવવા માટે તેઓશ્રીએ કરેલ પ્રયત્નો અતિ પ્રશંસનીય હતા. [illegible] યુગમાં જડ બની ગયેલ [illegible] તેઓશ્રીની [illegible] અને મિલનસાર પ્રકૃ[illegible]

અને સંગઠનો, મંડળોની સ્થાપના, બાલજીવોને ઉપયોગી વિશાળ સુંદર સાહિત્યનું સંપાદન અને પ્રચાર, ઉપધાન આદિ વિવિધ તપશ્ચર્યાઓ, માળારોપણ, મહોત્સવો વિગેરે અનેકવિધ ધર્મપ્રભાવનાના કાર્યો, તેમના પ્રેરણાત્મક સચોટ ઉપદેશનુ પરિણામ છે. તેઓથી શાન્ત, સરળહૃદયી, તથા શાસનનિષ્ઠ પ્રભાવશાળી વ્યક્તિત્વવાળા સાધુરત્ન હતા. પૂર્વના સુસંસ્કારોને કારણે બાલ્યકાળથી જ તેઓશ્રીનો વૈરાગી આત્મા સંસારના સુખો અને એશઆરામથી વિરક્ત હતો. પૂર્વજન્મના મિત્રદેવના સાન્નિધ્યના યોગે તથા તેઓશ્રીના પ્રબળ પુણ્યોદયે તેઓશ્રીનું વ્યક્તિત્વ યશસ્વી હતું સર્વ કોઇને ધર્માનુષ્ઠાનમાં રસપૂર્વક જોડવાની તેમની કળા ખૂબ અજબ હતી. અમો તથા અમારા જેવા અનેક ધર્મવિમુખ આત્માઓને તેઓની હૃદયસ્પર્શી વાણીએ, શ્રી જિનશાસનના રસિયા બનાવ્યા છે. ઘણી મોટી સંખ્યામાં દેશોદેશમાં પથરાયેલ તેમનો ભક્તવર્ગ, તેઓશ્રીના ગુણો અને ઉપકારોને યાદ કરી આંસુ સારી રહ્યો છે.

એવા એક મહાન વિરલ વિભૂતિના અગણ્ય ઉપકારો અને ગુણોની સ્મૃતિ નિમિત્તે અનેક સ્થળોએ અઠ્ઠાઇ મહોત્સવો યોજાયાં છે. તેમજ શોકસભાઓ પણ ભરવામાં આવી છે. તેમજ સુરત, લીંબડી, પાલીતાણા આદિ સ્થળોએ તેમના સ્મારકો બનાવવાની વાત ચાલી રહી છે. તેમજ અષાડ સુદ છઠના દિને અંગરચનાઓ, જીવો છોડાવવા, આયંબિલ કરાવવા માટે ઘણા ભાગ્યશાળીઓએ વ્યવસ્થા કરેલ છે.

લીંબડી શ્રીસંઘ તરફથી તેમના નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો હતો. તેમજ તેમના ભક્તગણ તરફથી એક અદ્‌ભૂત


અને અપૂર્વ અષ્ટોત્તરી સ્નાત્ર સહિત અષ્ટાન્હિકા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નવપદ મંડળ, સમોવસરણ, નંદીશ્વરદ્વીપ, અષ્ટાપદ આદિની રંગોળીથી ભવ્ય રચનાઓ જૈનસમાજમાં એકના એક કુશળ કલાકાર ડભોઈ નિવાસી શ્રી રમણીકલાલે આબેહુબ બનાવીહતી તથા રાધનપુરના ભાઈ શ્રી રમણીકલાલભાઈ આંગી રચતા હતા. જેને જોવા માટે જૈન-જૈનેતરો વિશાળ સંખ્યામાં ઉમટ્યાં હતાં.

સંગીતરત્ન શ્રીયુત શાંતિલાલ શાહ, શ્રી હીરાલાલ, તથા સંગીતકાર નટવરલાલ આદિ પોતાના સમગ્ર સાજ સાથે આવેલ હોઈ પૂજા ભાવનામાં અપૂર્વ રમઝટ જામી હતી. આ પ્રસંગે લીંબડી મુકામે તેમનો ભક્તગણ વિશાળ સંખ્યામાં આવી પહોંચ્યો હતો.

અત્રેના સ્થાનિક સંઘ, શેઠ છોટાલાલ માણીલાલ, શેઠ નાનચંદ બુકાભાઈ, શેઠ અભેચંદ માણેકચંદ, શાહ સોભાગચંદ નગીનદાસ તથા મજેના કાન્તિલાલ રાયચંદભાઈ તથા અત્રેના યુવકજનો આદિના સુંદર સંચાલન અને પ્રયાસથી મહોત્સવ ખૂબ જ આકર્ષક અદ્ભુતપૂર્ણ બન્યો હતો.

અંતે સૌ સદ્ગત આત્મામાં રહેલા ગુણોનું અનુકરણ કરી જીવન આનંદથી બનાવવા તત્પર રહો, એ જ અભ્યર્થના. !

—પ્રકાશક



જુઓ ખામોશ ભોગાવો સરિતા પણ નથી વહેતી,
નથી આ વૃક્ષ હસતાં કે નથી આ ડાળીઓ હસતી.
મયૂરની આંખ ભીની છે જુઓ આ ઢેલ પણ રડતી,
રડે છે આ ધરા સાથે, ધરા પરની બધી વસ્તી.

બધાના વ્યગ્ર દિલમાં અશ્રુઓ ચોધાર લાગે છે,
હૃદયથી શું કહું આજે હૃદય પર ભાર લાગે છે.

તમે શાસનની સેવામાં, નવી જ્યોત જલાવી છે,
સમર્પણ ભાવ લાવી, ભાવનાઓને દિપાવી છે.
ઘણાએ શુષ્ક હૈયામાં, પુનિત ગંગા વહાવી છે,
તમે લબ્ધિ, પ્રવીણને, પદ્મની ગાથા ગજાવી છે.

મહિમા નામથી ઉજળો સકળ સંસાર લાગે છે,
હૃદયથી શું કહું આજે હૃદય પર ભાર લાગે છે.

વતન નિજનું ભૂલી જઇને, વતન નૂતન આ સ્થાપ્યું છે,
અવિચળ રાખવા લીંબડી, અમર સૌભાગ્ય આપ્યું છે.
ઘણાએ તીર્થધામોમાં, નવું એક ધામ સ્થાપ્યું છે,
અહિંસા, સત્ય, નીતિ, ધર્મ એનું નામ રાખ્યું છે.

અહીં સૌ સ્વર્ગના દેવોનો સાક્ષાત્કાર લાગે છે,
છતાં પણ આપના વિના, બધું સૂનકાર લાગે છે.
હૃદયથી શું કહું આજે, હૃદય પર ભાર લાગે છે.

—[illegible]
જયંત શેઠ [illegible]

[illegible] સં. [illegible]ના ભાદરવા વદ ૧૨ ને મંગળવાર

વિચાર સૌરભ

વિચાર સૌરભ

યાને

સદાચારરૂપ નિર્મળ નીરને

વહાવતું

જ્ઞાન ઝરણું

Purity of mind is the most essential Thing for a man to be great.

થોભીજા ઓ માનવી ?

સંસારના વિનાશી વૈભવ વિલાસોમાં મસ્ત બનેલા ઓ ! માનવી ! આંખ બંધ કરીને જી. આઇ. પી. એન્જીનની ઝડપને પણ મહાત કરે એવી ફુલ સ્પીડથી (Speed) અરબસ્તાની ઘોડાની માફક પુરઝોસમાં ક્યાં જઇ રહ્યો છે ? જરા આંખ ખોલી જોતો ખરો ! સામે ખાડો છે કે ખડક ? તારી જીવનનૌકા ભાંગીને ભૂક્કો થઇ જશે તેનો સહેજ ખ્યાલ તો કર.

જરા થોભીજા, થોભીજા અને મારા સુંદર સંદેશાને સુણતો જા.

જરા નમ્ર, વિનયી, અને સરલ બન. તારા એક હાથમાં રહેલી વોકીંગ સ્ટીકને ઘડીભર બાજુ ઉપર મૂક. અને પાટલુનના ખીસ્સામાં રોકાયેલા બીજા હાથને બહાર કાઢી સામે આવતા સંતો અને સજ્જનોને તારૂં મસ્તક ઝુકાવ, સંત પુરૂષોને મસ્તક ઝુકાવવામાં જ તેની સફળતા છે. ખરેખર અક્કડતા, ઉદ્ધતાઇ અને વક્રતામાં તો માણસાઇનું પણ લીલામ છે. તારૂં ભણતર લાજે છે. તારા મા-બાપની કીર્તિ કલંકિત થાય છે. પ્રતિકુળ સંજોગો આવતાં નાલાયકોને પણ તારે મસ્તક નહિ ઝુકાવવું પડે એની શી ખાત્રી ? માટે દેવ ગુરૂના દર્શનથી ચક્ષુને અને સાધુ પુરૂષોને નમસ્કારથી તારા મસ્તકને સફળ બનાવી દે.

યાદ રાખજે કે લક્ષ્મી ચંચળ છે, આયુષ્ય અસ્થિર છે, યુવાની-દિવાની છે, તારી સત્તાના દોરને તુટી જતા વિલંબ નહિ થાય.

માટે જ

અવિનાશી આત્માને અમર બનાવવા માટે અવિનાશી ધર્મનું આરાધન કરી અનંત કાળ પછી પ્રાપ્ત થયેલ માનવ ભવની મોંઘી અને અમૂલ્ય મોસમને સફળ બનાવવા પ્રયત્ન કર. આવી સુંદર મોસમ નિષ્ફળ જવા સાથ નુકશાનીમાં તને નહિ ઉતારે તેનો ખૂબ ખ્યાલ રાખજે.

મારો તો તને આ એક જ સુંદર સંદેશ છે.



માટે જ હજુ પરતંત્ર છો.

૧. મરવું ગમતું નથી છતાં મરવું પડે છે માટે જ હજુ પરતંત્ર છો.

૨. ઘડપણ આવે એ પસંદ નથી છતાં તેને આધીન થવું પડે છે. માટે જ હજુ પરતંત્ર છો.

૩. સ્નેહીઓનો વિયોગ અને દુર્જનોનો સંયોગ પસંદ નથી છતાં વિયોગ સંયોગ તો થાય જ છે. માટે જ હજુ પરતંત્ર છો.

૪. માલ મિષ્ટાન ખાવાની ઇચ્છા છતાં રોટલા પણ મળવા મુશ્કેલ પડે છે. માટે જ હજુ પરતંત્ર છો.

૫. નિરોગી અવસ્થા પસંદ છે છતાં એકાએક ભયંકર રોગોથી ઘેરાઇ જવું પડે છે. માટે જ હજુ પરતંત્ર છો.

૬. ધનાઢ્યતા ગમે છે છતાં કંગાલીયતનો અનુભવ કરવો પડે છે. માટે જ હજુ પરતંત્ર છો.

૭. સલામો ભરાવવી પસંદ છે છતાં સલામો ભરવી પડે છે. માટે જ હજુ પરતંત્ર છો.

૮. સત્તાધીશ થવાના કોડ તો ઘણા છે. છતાં બીજાની સત્તા હેઠળ રહેવું પડે છે. માટે જ હજુ પરતંત્ર છો.

૯. શેઠાઈ પ્રિય હોવા છતાં નોકર બનવું પડે છે. માટે જ હજુ પરતંત્ર છો.

૧૦. દાનેશ્વરી બનવાની ભાવના હોવા છતાં યાચક બનવું પડે છે. માટે જ હજુ પરતંત્ર છો.

ટુંકમાં

તમોને જે જોઇએ છે તે મળે નહિ અને નથી જોઇતું તે આવીને વળગે છે ત્યાં સુધી તમારે સમજવું જોઇએ કે કોઈને કોઇ સત્તાના હાથ નીચે છો, તે સત્તાનું નામ કર્મસત્તા. તે સત્તાને જ્યારે મળથી નાશ કરશો ત્યારે જ તમારે ત્યાં સાચું સ્વરાજ્ય આવશે. અને ત્યારે જ તમો સાચા સ્વતંત્ર છો એમ કહી શકાશે.



તેથી તને શું ?

૧. હે ચેતન ? સારીયે દુનિયા તને લાખો સલામ ભરતી હોય **તેથી** તને શું ? તારી જીવનનૌકાની સલામતીનો આધાર તો સલામ ઉપર નહિ પણ સદાચાર ઉપર છે.

૨. હે ચેતન ? તું ગમે તેવો મોટો સત્તાધીશ હોય **તેથી** તને શું ? તારા શીરે ઝઝુમતી કર્મસત્તાનો નાશ તો ધર્મસત્તાના શરણે જઈશ ત્યારે જ થશે.

૩. હે ચેતન ? તારા મરણ બાદ તારા મનમાં ગમે તેટલી શોકસભા ભરાય. અગર ગમે તેટલા બજારો બંધ રહે **તેથી** તને શું ? તારા જીવનમાં રહેલો અધર્મનો (ગરમા ગરમ) બજાર બંધ ન થાય ત્યાં સુધી તારી દુર્ગતિના દ્વાર બંધ થવા મુશ્કેલ છે.

૪. હે ચેતન ? દુનિયાભરની ભાષા અને શાસ્ત્રો ઉપર કાબુ હોય **તેથી** તને શું ? તારૂં કલ્યાણ તો પાંચે ઇંદ્રિયોના વિષયો ઉપર કાબુ પ્રાપ્ત કરવાથી જ થશે.

૫. હે ચેતન ? સારીએ દુનિયા તને ઓળખતી હોય **તેથી** તને શું ? તારૂં ભલું તો સુદેવ, સુગુરૂ અને સુધર્મને ઓળખવાથી જ થશે.

૬. હે **ચેતન**? તારા મૃતદેહને તારા ભક્તો સુખડથી બાળે કે બાવળના લાકડાથી બાળે **તેથી તને શું**? જો તું ધર્મ વિના ખાલી હાથે ગયો તો દુઃખ દાવાનલમાં તારૂં બળવાનું તો કાયમ જ છે.

૭. હે **ચેતન**? તને ગમે તેવી અને ગમે તેટલી ડીગ્રીઓ ઉપાધિઓ પ્રાપ્ત થઇ હોય **તેથી તને શું**? તારી સંસારની ઉપાધિઓનો અંત તો સત્ય ધર્મની પ્રાપ્તિ થશે ત્યારે જ થશે.

૮. હે **ચેતન**? તારે ત્યાં કરોડો રૂપીયાનો ઢેર હોય તો **તેથી તને શું**? તારી સાથે તું તારા હાથે દાન કરશે તેટલું જ આવનાર છે.



યાદ રાખો.

૧. યાદ રાખો—" આ લોક મીઠા તો પરલોક કોણે દીઠા " એવા વચન બોલનારા ધીઠા માણસોને જો પરલોક નીકળ્યો તો મોરારજી મીલની ચાદર ઓઢીને મોટી પોક મૂકવી પડશે.

૨. યાદ રાખો—તમો તમારા સ્નેહી-સંબંધીઓ ખાતર ધર્મને ભૂલી જઇ આત્માની ખાનાખરાબી કરી રહ્યા છો. પણ તમારી ખાનાખરાબી થતા તેઓ સામું પણ જોશે નહિ.

૩. યાદ રાખો—અભિમાનમાં અક્કડ બની, સત્તાનો ખોટો ફાંકો રાખી દેવ ગુરૂને મસ્તક નહિં ઝુકાવશો તો પ્રસંગ આવે અનાડી માણસોને પણ શીર ઝુકાવવું પડશે.

૪. યાદ રાખો—તમારી સદ્દગતિનો આધાર, લોકોની સલામ ઉપર કે તમારી સ્મશાન યાત્રામાં ભેગી થયેલી માનવોની વિશાળ સંખ્યા ઉપર નથી પણ તેનો આધાર તમોએ તમારા જીવનમાં પાળેલા સદાચાર ઉપર છે.

૫. યાદ રાખો—પાપ કરતી વખતે પીઠ થાબડનારા ઘણા મળશે. પરંતુ પાપના પરિણામે પીઠ ઉપર જ્યારે લાઠીનો માર પડશે ત્યારે બચાવનાર કોઇ નહિ મળે.

૬. યાદ રાખો—સત્તાના જોરથી કદાચ દુનિયાને રંજાડ-વામાં સફળ થશો. પણ આવતા ભવમાં કર્મસત્તાનો પંજો તમને રંજાડવામાં બાકી નહિ રાખે.

૭. યાદ રાખો—આશાના જેઓ દાસ છે તેઓ સમસ્ત જગતના દાસ છે. પણ આશાને જેમણે પોતાની દાસી બનાવી છે તેમનું આખું જગત દાસ છે.

૮. યાદ રાખો—જે કાંઇ ભલું બુરૂં થાય છે તે તમારા પૂર્વંકૃત શુભાશુભ કર્મનું જ પરિણામ છે. અન્ય તો તેમાં નિમિત્ત માત્ર ગણાય છે. માટે નિમિત્તને ગુન્હેગાર ન ગણતા તમારે તમારી જાતને જ ગુન્હેગાર ગણવાની જરૂર છે.



આટલું તો જરૂર વાંચો.

૧. સાતે વ્યસનનો ત્યાગ કરજો પણ દાન દેવાના વ્યસનનો કદી ત્યાગ કરશો નહિ.

૨. બધાનો લોભ છોડજો, પણ ભક્તિનો લોભ છોડશો નહિ.

૩. કોઇથી ડરશો નહિ, પણ અપકૃત્યથી તો જરૂર ડરતા રહેજો.

૪. પારકી વસ્તુ છીનવી લેવાની દુષ્ટ ભાવના થાય ત્યારે પાંગળા બનવાનું પસંદ કરજો.

૫. વિકાર દૃષ્ટિથી રૂપરંગને નીહાળવામાં જ રક્ત રહેનારી ચક્ષુની પ્રાપ્તિ કરતાં અંધાપો વધુ હિતકર છે એમ માનજો.

૬. બધી વાતે સંતોષી બનજો, પણ ધર્મ કરવામાં તો અસંતોષી જ રહેજો.

૭. કોઇનું ભલું ન થાય તો ન કરશો પણ કોઇનું બુરૂ તો કરશો નહિ.

૮. ધર્મ થાય તેટલો કરજો, પરંતુ ધર્મ કરનારાના માર્ગમાં કદી અંતરાયરૂપ કાંટા પાથરશો નહિ.

૯. કોઇના ગુણ ગાવાનું ન બને તો ભલે પણ કોઇના અવગુણ તો બોલશો જ નહિ.

૧૦. દેવ, ગુરૂ અને ધર્મનું બહુમાન થાય તેટલું કરશો પણ અપમાન તો કદી કરશો નહિ.



તે જ સાચું જ્ઞાન.

૧. મનુષ્યોને વિનયી, વિવેકી, નમ્ર અને દયાળુ બનાવે તે જ સાચું જ્ઞાન.

૨. ઉદ્ધતાઈ, અક્કડતા, સ્વચ્છંદતા અને નિર્દયતાને દૂર હઠાવે તે જ સાચું જ્ઞાન.

૩. શરીર અને આત્માની ભિન્નતાનું (જુદાઈનું) ભાન કરાવે તે જ સાચું જ્ઞાન.

૪. શરીર વિનાશી છે અને આત્મા અવિનાશી છે. એવું જ્ઞાન પેદા કરે તે જ સાચું જ્ઞાન

૫. આત્મા પોતે જ શુભાશુભ કર્મોનો કર્તા અને ભોક્તા છે. એ સિદ્ધાન્તની માન્યતા કરાવે તે જ સાચું જ્ઞાન.

૬. ઈશ્વર બનાવનાર નથી, પણ બતાવનાર છે, એ માન્યતાને ધારણ કરાવે તે જ સાચું જ્ઞાન.

૭. ભૌતિકવાદ તરફ આંખ બંધ કરીને કુચ કરતી જનતાને અધ્યાત્મવાદ અને ધર્મવાદનો રાહ બતાવે તે જ સાચું જ્ઞાન.

૮. બાહ્ય શત્રુઓની અવગણના કરી રાગદ્વેષ આદિ અભ્યંતર શત્રુઓનો સામનો કરવાનું બળ સમર્પે તે જ સાચું જ્ઞાન.

૯. જન્મ અને મરણ નામના બે [illegible] રોગોથી માનવીને મુક્ત બનાવે તે જ સાચું જ્ઞાન.



માનવજન્મની મહત્તા

અનંતકાળના પરિભ્રમણ પછી આ જીવને ક્વચિત જ મહાન્ પુણ્યોદયથી માનવજન્મની પ્રાપ્તિ થાય છે. સર્વ જન્મોમાં માનવજન્મની શ્રેષ્ઠતા, વિના મતભેદે સઘળા દર્શન કારોએ–શાસ્ત્રકારોએ સ્વીકારેલી છે. પણ તેની મહત્તા મોક્ષ પ્રાપ્તિના અનન્ય સાધનરૂપ માત્ર ત્યાગ ધર્મને જ આભારી છે એ કદી ભૂલવા જેવું નથી. અખૂટ અને સ્વાધીન વૈભવ વિલાસો અને રંગરાગના ભોક્તા દેવ, દાનવો અને ઇંદ્રો પણ એ જન્મને રાત–દિવસ ઝંખી રહ્યા છે. એનું કોઇપણ કારણ હોય તો તે માત્ર એ ભવમાં સહેજે પ્રાપ્ત થઈ શકતો ત્યાગ ધર્મ જ કારણ ગણાય.

જ્ઞાન અને વિવેકની પરાકાષ્ઠા માત્ર માનવજન્મને વરેલી હોય છે, વળી આ માનવદેહ એ તો ધર્મ રાજાની આપેલી કરેલી સેવાના બદલાની સુંદર સોનાના થાળની ભેટ છે.

સોનાના થાળમાં તો અહિંસા, સંયમ, તપ, ત્યાગ, વૈરાગ્ય [illegible] ભરાય, તેમાં હિંસા, જુઠ, ચોરી, આદિ [illegible] કચરો કદી ન ભરાય. કચરો ભરવા માટે તે [illegible] કયાં તોટો હોય છે?

જે આત્માઓ મોંઘા માનવભવને માત્ર વિષય સુખોના ભોગવટા પાછળ જ વેડફી રહ્યા છે. તેઓ સોનાના થાળમાં ધૂળ ભરવાની, અમૃતથી પગ ધોવાની, ઐરાવણ હાથી પાસે લાકડા વહન કરાવવાની, અને ચિંતામણી રત્નથી કાગડો ઉડાવવાની ગાંડી ચેષ્ટાઓ કરી રહ્યા છે.

આત્માને અજન્મા કોઈ બનાવનાર હોઈ તો માત્ર માનવજન્મ જ છે. આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ અને દેવ ગુરૂ ધર્મની સામગ્રીના સદુપયોગદ્વારા તે જન્મની સાર્થકતા થઈ શકે છે. માત્ર માનવજન્મની પ્રાપ્તિથી જો કલ્યાણ થઈ શકતું હોત તો અબજો માણસોને માનવદેહ તો મળ્યો જ છે તો પછી અકલ્યાણ કોનું થાય ? માટે જ ત્યાગ ધર્મની સુંદર આરાધના કરી માનવજન્મની મોંઘી મોસમ જેટલે અંશે સફળ થાય તેમ કરવા પ્રયત્નશીલ બનો. અને તેમ નહિં કરો તો માનવ-જન્મ તો શું ? પણ તેનું સ્વપ્ન આવવું પણ દુર્લભ થઈ પડશે.





છે. પણ તેમને ક્યાં ખબર છે ? કે એ સઘળો વૈભવ ભાડુ-તી જ છે. પૂર્વભવમાં કરાયલું પુણ્ય એનું ભાડુ છે. વૈભવોના ભોગવટાની પણ મુદત નક્કી કરીને આવ્યા છો. પુણ્ય, ભાડુ અને તેની મુદત પુરી થયે એટલે આનાકાની વિના મુગે મોઢે વૈભવ વિલાસોને છોડીને ચાલ્યા જવું પડશે. અગર તમોને તે છોડી ચાલ્યા જશે. બેમાંથી એકનો વિયોગ જ્યાં નિશ્ચિત જ છે. તેવા પૌદ્ગલિક પદાર્થો ઉપર મમત્વ ભાવ રાખી, તેમજ તેમના વિયોગમાં શોક સંતાપ કરી નાહક કર્મ બાંધવા એના જેવી બીજી અજ્ઞાનતા કઈ હોઇ શકે ?

ટુંકમાં

દુનિયાના ગમે તેટલા વૈભવો આવે તો આનંદ નહિ મનાવો અને જાય તો શોક ન કરવો પણ સમભાવમાં રહી સંસારની અનિત્યતાનો વિચાર કરી નિત્ય રહેનારા આત્મા માટે કાંઇ કરી લેવાની જરૂર છે.



લક્કડકા લાડુ

સુતરફેણી માટે ખંભાત, ઘારી માટે સુરત, હલવા માટે મુંબઇ અને ચેવડા માટે વડોદરા જેમ પ્રખ્યાત છે તેમ ઠગ માટે દીલ્હી પ્રખ્યાત છે.

ત્યાંના એક ઠગે હૈયાફુટાઓને ઠગવા માટે લાકડાના વેરનો (ભુકાનો) ઘી, કસ્તુરી, કેશર નાંખી સુંદર લાડુ બનાવ્યો. તેના ઉપર સોનેરી વરખ લગાવી બજારમાં વેચવા માટે બેઠો.

લાડુનો સુંદર દેખાવ અને સુંદર સુગંધ સૌનું દીલ ખેંચી રહ્યા છે. જીભ તો તેનો સ્વાદ લેવા માટે લપલપાયમાન થઇ રહી છે પણ પૈસા વિના શું કરે ? તેની કીંમત ઠગે રાખી છે માત્ર બસો રૂપીયા. ખાલી ખીસ્સાવાળા જોઇને હાય ! આપણી પાસે પૈસા હોત તો જરૂર એને ખરીદતે. એમ પશ્ચાત્તાપ કરતા આગળ ચાલ્યા જાય છે.

એવામાં ત્યાં એક શેઠ આવી પહોંચ્યા. સ્વાદ તો પછી આવશે પણ તેના દેખાવે અને સુગંધે શેઠને લેવાની લલચાવ આપી.

શેઠે તુરત જ મોં માંગ્યા દામ આપી ખરીદી લીધો. ઠગ પકડાઇ ન જાય એટલે જલદી જલદી ભાગ્યો અને શેઠ સ્વાદ જલદી લેવાની ઉતાવળમાં ઘર ભેગા થયા.

[illegible]

વિષયોની ભયંકરતા

One ounce of pleasures is one pound of pains.

ઉપરોક્ત પાશ્ચિમાત્ય વિદ્વાનના વાકયનો એ ભાવાર્થ છે કે સરસવ જેટલું વિષયસુખ મેરૂપર્વત જેટલા દુઃખોને ઉત્પન્ન કરે છે. આજ સુધી આપણે અનંત દુઃખોના ભાગી થયા હોઇએ તો તેમાં માત્ર ઇંદ્રિયજન્ય–વિષય સુખોનો ભોગવટો જ કારણ ગણાય; અને હજી પણ એ વિષય સુખોને આપણા જીવનમાંથી દેશવટો ન દઇએ ત્યાં સુધી દુઃખના ભાગી થયા વિના છુટકો નથી. પાંચ ઇંદ્રિયોથી ઉત્પન્ન થતા સુખોનો સ્વાદ અલ્પ છે, જ્યારે તેનાથી બંધાયેલા પાપનો ભોગવટો લાંબા કાળ સુધીનો છે. જેમ મધથી લેપાયલી તરવારની ધારને કોઇ મધનો લોલુપી ચાટવા જાય તો તેને મધનો સ્વાદ તો જરૂર પ્રાપ્ત થાય છે. પણ તેના સ્વાદનું સુખ અલ્પ કાલીન છે, જ્યારે મધ ચાટતાં જો જીભ કપાઇ જાય તો તેનું દુઃખ બહુ લાંબા કાળ સુધી ભોગવવું પડે છે. એટલા માટે કહેવતમાં આવે છે કે પાંચે ઇંદ્રિયોના વિષયસુખનો ભોગવટો એ મધથી લેપાયેલી તરવારની ધાર ચાટવા જેવો છે. વળી વિષ અને વિષયમાં આમ તો માત્ર એક જ અક્ષરનો ભેદ છે, પરંતુ તેના પરિણામમાં આકાશ પાતાળ જેટલો તફાવત છે. વિષ–ઝેર

માવાથી કદાચ મરાય પણ ખરૂં અને ન પણ મરાય. ઝેરી જાનવર કરડવાથી ઝેર ચઢે પણ ખરૂં અને ન પણ ચઢે અને ચઢે તો ઉતરી જવાનો પણ સંભવ ખરો. પરન્તુ વિષયરૂપ નાગથી ડંખાયલા પ્રાણીઓએ આજ સુધી પારાવાર જન્મમરણ કર્યા છે અને કરી રહ્યા છે એમાં બે મત નથી. વળી સ્પર્શેન્દ્રિને વશ પડી હાથી, જીહ્વાને વશ પડેલું માછલું, નાસીકાને વશ પડેલો ભમરો, ચક્ષુને વશ પડેલો પતંગીઓ, અને કર્ણેન્દ્રિયને વશ પડેલ હરણીયો માત્ર એક એક ઇંદ્રિયને વશ પડેલાં પાંચે પ્રાણીઓ મરણને શરણ થાય છે, તો પછી એકી સાથે પાંચે ઇન્દ્રિયોની મોજ લુંટનારા માનવીઓની તો શી ગતિ થશે ? તેમ કેટલા મરશે ? તે તો ભગવાન જ જાણે. માટે જ સુંદર અને સુંવાળા સ્પર્શનો, અભક્ષ્ય વસ્તુ ખાવાનો ચટાકો, અત્તર વિ. સુંઘવાનો શોખ, નાટક-સીનેમા નવાનવા રૂપરંગ જોવાની ઇચ્છા અને ફિલ્મી બીભત્સ ગાયનો સાંભળવાનો શોખ છોડી દઇ, પાંચે ઇન્દ્રિયોના વિષયો ઉપર કાબુ મેળવી સૌ સદ્ગતિના ભાગી બનો.

કહ્યું છે કે—

Master your passions and heaven is not far.

તમે ઇન્દ્રિયોના વિષયો ઉપર કાબુ પ્રાપ્ત કરો એટલે સ્વર્ગ દૂર નથી.



ગંદા દેહનો વળી ગર્વ શો ?

આત્મા એ શરીર નથી અને શરીર એ આત્મા નથી. આત્મા એ અવિનાશી તત્વ છે. જ્યારે શરીર નાશમાન વસ્તુ છે. અવિનાશી તત્વની પાછળ થોડો પણ કરેલો પ્રયત્ન સફળ થાય છે. જ્યારે નાશમાન વસ્તુ પાછળ કરેલો સઘળો પ્રયત્ન નિષ્ફળ જાય છે. એટલું જ નહિ પણ નુકશાનમાં ઉતારતો જાય છે.

આ પ્રમાણે જડ અને ચેતન્ય વચ્ચેના ભેદને નહિ સમજનારા માનવીઓ ધર્મને વેગળો મુકીને પણ શરીરની સુખાકારી અને સૌંદર્યતા માટે હજારો રૂપીઆ ખર્ચી તનતોડ પ્રયત્ન કરે છે. પરંતુ શરીરનો તો સડન પડન અને વિધ્વંસન સ્વભાવ છે. એક દિવસ જેની બળ્યા પછી રાખ થવાની છે, એવા વિનશ્વર દેહની મમતાવાળા લોકો ન ખાવાના પદાર્થો ખાય છે. નહિ પીવા લાયક પીણાઓ પીએ છે. આટલો પ્રયત્ન કરવા છતાં પણ દુર્જનના નેહની માફક લાડ મુદ્દ કરાયેલું આ શરીર [illegible] છેલ્લા ભાગમાં દગો દઈ કામ આપતું બંધ થઈ જાય છે. વળી આ શરીર ઉપરથી જ દેખાવમાં સારું છે પણ અંદર [illegible] માંસ આદિ અપવિત્ર પદાર્થોથી ભરેલું છે. [illegible] શરીરને [illegible] અંદર જાય અને આંતરડાં

પવિત્ર આત્માને બનાવો.

આત્મા પોતાના મૂળ સ્વભાવથી અપવિત્ર નથી. પરંતુ કર્મનો મેલ લાગવાથી તે અનાદિકાલથી મલીન ગણાય છે. આત્મા ઉપર લાગેલા એ કર્મ મેલને જ્યારે અહિંસા, સંયમ અને તપનો અસહ્ય તાપ આપવામાં આવે છે, ત્યારે સો ટચના સોનાની માફક નિર્મળ બની જાય છે. અને એક વખત બીલ્કુલ નિર્મળ બનેલો એ આત્મા કદી પાછો મલીન બનતો નથી. જ્યારે શરીરને ગમે તેવા અત્તર આદિના વિલેપન લગાવો અગર સનલાઇટનો સાબુ લગાવો, તો પણ એનું લાઇટ (તેજ) વધતું નથી. અને તે કદી હમેશના માટે પવિત્ર બની શકતું નથી. અરે હંમેશની વાત તો જવા દો, પણ સ્નાન કર્યા પછી કપડા પહેરો અને જરા પસીનો થાય કે તુરત જ પાછું હતું તેવું જ થઇ જાય છે. શરીર પણ લસણના જેવી એક દુર્ગંધી ચીજ છે. કસ્તુરીની સાથે રાખેલું લસણ જેમ કસ્તુરીમાં પોતાની વાસ [illegible] બનાવી દે છે તેમ આ શરીર પણ સો રૂપીઆની કીંમતના કોટ આદિ વસ્ત્રને, પોતાની સોબતમાં લઇ કેટલાક સમયમાં મલીન બનાવી તેને સેકન્ડહેન્ડની ઉપમા આપી, અર્ધી કીંમતનું કરી નાખે છે. તેમજ ગમે તેવા મિષ્ટા-ન્નને પણ [illegible] બનાવી દે છે. એવા શરીરને પવિત્ર બનાવ-



દોલત એટલે ?

દોલત એટલે બે લાત. દોલત (લક્ષ્મી) આવે ત્યારે પાછળથી લાત મારે છે. જેના પ્રતાપે છાતીનું ઠાઠું આગળ કાઢીને શેઠ બજારમાં ચાલે છે. અને જાય છે ત્યારે આગળથી (છાતીમાં) લાત મારે છે, એટલે શેઠ, સાહેબ વાંકા વળીને ચાલે છે. કોઈને મો પણ દેખાડતા નથી. આ પ્રમાણે જતાએ લાત અને આવતાએ લાત મારનારી લક્ષ્મીનો વિશ્વાસ શો? એ તો આજે છે અને કાલે નથી. વળી લક્ષ્મી આવે ત્યારે નાળીએરમાં પાણી આવે તેમ આવતી હોઈ ખબર પડતી નથી. અને જાય છે ત્યારે હાથીએ ખાધેલા કોઠાના ગલની માફક જતી રહે છે. ત્યારે પણ ખબર પડતી નથી. માટે હું પૈસાથી ખાલી છું, એમ માની ખેદ કરવાની જરૂર નથી. અને હું પૈસાથી ભરપૂર છું, એમ માની આનંદ માનવાની જરૂર નથી. કારણ કે દૈવને ખાલીને ભરી દેતા અને ભરેલાને ખાલી કરી દેતા જરા પણ વિલંબ લાગતો નથી. વળી ચંચળ લક્ષ્મીની દાન, ભોગ અને નાશ એમ ત્રણ અવસ્થાઓ છે. લક્ષ્મીનો [illegible] ઉપયોગ તો દાનમાં જ છે [illegible] એનો [illegible] [illegible] નથી. અને જે લક્ષ્મી દાન અગર ભોગમાં [illegible], તેનો નાશ તો નિશ્ચિત જ છે. જો લક્ષ્મી

વિના નહિ જ ચાલે તો તેને કમાવવામાં અનીતિ, છેતરપીંડી; દગો-ફટકો આદિ ખરાબ આદતોને છોડી, પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો જેટલો સદુપયોગ થાય તેટલો કરી લેવો એ જ હિતાવહ છે. હાથે તે જ સાથે આવવાનું છે. એમ બોલવાને બદલે કરી બતાવો. પોતાના હાથે સારા કાર્યોમાં લક્ષ્મીને વાપરનારો લક્ષ્મીનો માલીક ગણાય છે. જ્યારે તેને સાચવી રાખનારો ભેખારી ગણાય છે.



ઘર કે ધર્મશાળા

જેમાં તમો રહો છો, એને તમો મારૂં ઘર કહો છો. પણ વાસ્તવિક રીતીએ તપાસીએ તો એ ઘર નહિ પણ ધર્મશાળા (મુસાફર ખાનું) છે. કદાચ તમો પૂછશો, કે ધર્મશાળામાં તો ચારે દિશામાંથી મુસાફરો આવે છે અને મુદત પુરી થાય ત્યારે ચાલ્યા જાય છે. હમારા ઘરમાં તો એવું કાંઇ જ થતું નથી. તો પછી ઘરને ધર્મશાળા કેમ કહેવાય ? ધર્મશાળા જેવી જ તમારાં ઘરની દશા હોય છે માટે ધર્મશાળા કહેવાય છે. જુઓ તમારા ઘરમાં પણ ચાર ગતિઓમાંથી આવીને જન્મ લેનારા એક જાતના મુસાફરો જ છે. તેઓ પણ સૌ સૌના આયુષ્યની મુદત પૂરી થાય છે એટલે મુસાફરો જેમ ધર્મશાળા છોડીને ચાલ્યા જાય છે તેમ તેઓ પણ ઘર છોડીને ચાલ્યા જાય છે. જેમ ધર્મશાળામાં તેના ટ્રસ્ટીઓએ અમુક મુદત સુધી રહેવાની મર્યાદા બાંધી હોય છે, તેમ ઘરમાં પણ આયુષ્ય નામના કર્મે મુદત નક્કી કરી છે. આયુષ્ય પૂરું થયે વિદાય થયા વિના કોઇનો પણ છુટકો જ નથી.

પણ સાચું પૂછાવો તો તમારા ઘર કરતાં ધર્મશાળાની પરિસ્થિતિ ઘણી સારી હોય છે. જેમ કે કોઇ ધર્મશાળામાં [illegible] માં આવી છે. એના

આ કાયદો હોવા છતાં કદાચ જાત્રાળુઓને વધુ રોકાવાનો પ્રસંગ આવ્યો, તો મુનિમજીના હાથમાં પાંચની નોટ મૂકી દો, એટલે ત્યાં રહેવાની મુદતમાં આપોઆપ વધારો થઇ શકે છે. ઓહો ! ત્યારે ઘર કરતા ધર્મશાળા સારી કે નહિ ? કેમ કે ઘરમાં તો આયુષ્ય પૂરૂ થતાં એક મીનીટ પણ આયુષ્યમાં કોઇ વધારો કરી શકતો નથી. વળી ધર્મશાળામાં તમારો બીસ્તરો અગર કોઇ દાગીનો ઉતાવળમાં રહી જાય તો મુનિમજી તમારા શીરનામે પહોચતો પણ કરે, પણ તમારા ઘરમાં તો તમો ન છુટકે બધું ભૂલીને નહિ પણ છોડીને જ ચાલ્યા જાઓ છો. એટલે મોકલવાનો પ્રશ્ન જ રહેતો નથી. માટે હે મુસાફર ! તું તારા ઘરને પણ મુસાફર ખાનું માનજે. અને સ્વજન સંબંધીઓને મુસાફર માનજે, જેથી તેમના સંયોગ અને વિયોગમાં ખુશી થવા જેવું કે શોક સંતાપ કરવા જેવું તમારે માટે રહેશે નહિ. અને આત્મા સમભાવમાં રહી નાહકમાં પાપકર્મ બાંધશે નહિ.



પુણ્ય પાપ છે.

પુણ્ય પાપના અસ્તિત્વને નહિ સ્વીકારનારાઓની સંખ્યા બહુ અલ્પ હશે. પણ છે તો ખરી જ. તેમનું માનવું એમ છે કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતોમાં એક શક્તિ ઉત્પન્ન થાય છે અને પાણીમાંના પરપોટા પાણીમાં જ નાશ પામી જાય છે તેમ પાંચ ભૂતોમાં જ તે શક્તિ સમાઇ જાય છે એટલે પરલોકમાં જનારો કોઇ આત્મા જ નથી. આત્મા જેવી કોઇ ચીજ નથી તો પછી પુણ્ય પાપ જેવી પણ ચીજ કયાંથી હોય ? આ માન્યતા બીલકુલ વજુદ વગરની તેમ નાસ્તિકના ભેજાની એ પેદાશ છે.

જરા દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો પુણ્ય છે, પાપ છે અને પરલોક પણ છે, એમ જણાયા વિના નહિ રહે.

તમો કહેશો કે આત્મા, પુણ્ય અને પાપ કયાં દેખાય છે ? દેખાડો તો માનવા તૈયાર છીએ. તો સાંભળો કેટલીક વસ્તુઓ આંખથી દેખાય છે. કેટલીક અનુમાનથી જણાય છે. જયારે કેટલીક વસ્તુ માટે સર્વજ્ઞ ભગવાનના વચન ઉપર વિશ્વાસ રાખવો પડે છે.

હું સુખી, હું દુઃખી, એ પ્રમાણે હું શબ્દથી જે બોલી શકાય છે તે જ આત્મા છે. માણસ મરી ગયા પછી હું સુખી

કે હું દુઃખી કાંઈ જ બોલતો નથી. તેને બાળી નાંખવામાં આવે છે, તો પણ કાંઈ જ અવાજ કરતો નથી. જો પાંચ ભૂતોમાંથી આત્મા ઉત્પન્ન થનારો હોત તો મુડદામાં પણ પાંચ ભૂતો તો છે જ. છતાં હું બળી રહ્યો છું. મને કેમ બાળો છો? વિગેરે બોલતો નથી. એટલે સિદ્ધ થાય છે કે હું સુખી, હું દુઃખી એમ બોલનારી એક શક્તિ શરીરમાંથી ચાલી ગઈ છે. અને તેનું જ નામ આત્મા. આમ અનુમાનથી આત્મા સિદ્ધ થાય છે. એટલે પુણ્ય પાપ પણ સિદ્ધ થઈ જ જાય છે.

હવે પુણ્ય પાપ ભલે ન દેખાતા હોય, પણ પુણ્ય પાપના દીવા જેવા પરિણામો તો દેખાય છે. જેમ ખેડુતોએ ખેતરમાં વાવેલ બીજમાં ઘઉં છે કે બાજરી છે, એમ શરૂઆતમાં દેખાતું નથી, પણ તેના અંકુરા બહાર આવે છે, ત્યારે સૌ કોઈને નક્કી થાય છે કે આમાં ઘઉં અગર બાજરી વાવ્યા હતા.

એ જ મુજબ આ જગતમાં એક સુખી, એક દુઃખી, એક ગરીબ, એક ધનાઢ્ય, એક ઉંચ, એક નીચ, એક આંધળો, એક દેખતો, આ બધી જીવોની ભિન્નભિન્ન અવસ્થા મનુષ્યપણું એક સરખું હોવા છતાં કેમ જણાય છે? એનો જરા વિચાર કરશો તો પુણ્ય પાપ છે એનો નિશ્ચય થયા વિના નહિ રહે. કારણ વિના કોઈ પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી. માટે જે સુખી દેખાય છે તેમાં તેમણે પૂર્વભવમાં કરેલું પુણ્ય કારણ છે. અને જે દુઃખી દેખાય છે તેમાં તેમનું પાપ જ કારણ છે. પણ આ બધું ત્યારે જ સમજાશે કે જ્યારે પાંચ ભૂતોનું જે ભૂત વળગ્યું છે તેને કાઢી મૂકશો ત્યારે વળી

રાગ-દ્વેષ વિનાના પરમકૃપાળુ પરમાત્માને કોઇને સુખી અગર
દુઃખી કરવાનું કાંઈ જ પ્રયોજન નથી.

અરે પશુ પક્ષીઓમાં પણ પુણ્ય પાપના પરિણામો નજરે
જોવાય છે. જુઓ સાહેબનો કુતરો મોટરમાં બેસે છે. બિસ્કુ
ટ, મીઠાઈ ખાય છે. જ્યારે અનેક કુતરાઓને એંઠું, જુઠું
ખાઈને પેટ ભરવું પડે છે. અને લાકડીના માર ખાવા પડે
છે. આનાથી પુણ્ય પાપ અને પરલોક સિદ્ધ કરવા માટે વધારે
શી સાબીતી જોઈએ છે ?

સુખ અને દુઃખ એ પાછલા ભવમાં કરેલા પુણ્ય અને
પાપના પરિણામો છે. આ ભવમાં જેવું કરશો તેવું આવતા
ભવમાં મળવાનું જ છે.

કાલે રવિવાર હોય તો આજે સોમવાર આવવાનો જ,
અને આજે સોમવાર છે તો કાલે મંગળવાર નક્કી જ છે
એ જ મુજબ ગયો ભવ, આ ભવ અને પરભવ બધું એ છે.
એમ માની ધર્મને અપનાવો અને અધર્મને છોડી દો. એટલે
સદગતિ તમારી હથેલીમાં જ છે.



ધર્મ વિનાનું જીવન એ જ પશુ-જીવન

માનવો અને પશુઓ વચ્ચે કોઈ પણ મોટો ભેદ હોય તો તે માત્ર મનુષ્યોમાં રહેલા એક ધર્મને લીધે જ છે. બાકી આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર જાતની ક્રિયાઓ બંનેમાં એક સરખી જ છે. પશુઓ કરતાં હમો ઉંચા છીએ, એમ બોલવાનો માનવોને ત્યારે જ હક પ્રાપ્ત થઈ શકે છે, જ્યારે તેઓમાં ધર્મ જેવી અમૂલ્ય વસ્તુ હોય.

માટે જ ધર્મ વિનાના માનવીઓને પશુ જેવા કહેવામાં આવ્યા છે. પશુ જેવા કહેવામાં પણ કવિએ ઉદારતા બતાવી છે. બાકી કોઈ અપેક્ષાએ ધર્મ વિહિન માનવીઓને પશુ કરતા પણ હલકા કહેવામાં આવે તો કાંઈ વાંધા જેવું નથી. કારણ કે કેટલાક માનવીઓમાં-પશુઓમાં જે પરોપકાર આદિની સારી ક્રિયા દેખાય છે તે તેઓમાં નથી હોતી.

દૃષ્ટાંત તરીકે ગાય, ભેંસ વિગેરે, ઘાસ, વિષ્ટા જેવા હલકા પદાર્થો ખાય છે, અને મનુષ્યોને દૂધ જેવી ઉત્તમ વસ્તુ આપે છે. જ્યારે માનવીઓ દૂધ પીને શું આપે છે તે તો સૌ કોઈ જાણે જ છે. માણસની ટટ્ટીને સાફ કરવા માટે ઢોરનું છાણ જ કામ લાગે છે. વળી તે છાણના છાણા બનાવી રસોઈ કરવામાં

પણ કામ આવે છે. જીવતા તો ઉપકાર કરે છે પણ મર્યા પછી પણ તેના ચામડા, ચરબી અને હાડકાની કીંમત ઉત્પન્ન કરાવી તેના માલીકને ફાયદો કરતા જાય છે.

જ્યારે મનુષ્યો મરી જાય છે ત્યારે લાકડાનો અને કાણ-મોકાણના ખર્ચાનો બોજો વધારતા જાય છે. આ રીતે તપાસીએ તો અધર્મી માનવીઓ પશુ કરતાં કોઈપણ રીતિએ ચઢીયાતા ગણી શકાતા નથી.

અલબત્ત જો તેઓમાં ધર્મ જેવી અમૂલ્ય વસ્તુ હોય તો દેવો અને ઈંદ્ર મહારાજા કરતાં પણ લાખ દરજ્જે ચઢીયાતા કહી શકાય છે.

વલી જીવી જવું અને જીવી જાણવું એ બન્ને વસ્તુ અલગ છે. જીવી જનારા ઘણા છે જ્યારે જીવી જાણનારા ઓછા હોય છે. માટે જીવનમાં ધર્મને અપનાવી જીવી જાણતા શીખો. એટલે પશુ જેવા નહિ ગણાતા સાચા મનુષ્ય તરીકે તમારી ગણત્રી થશે.



મરણથી શામાટે ડરો છો ?

ક્ષણભંગુર જગતમાં કર્મને વિવશ બનેલા આત્માઓ જન્મે છે અને મરે છે. જેમ ખીલેલા પુષ્પને કરમાવું પડે છે, ઉદય પામેલા સૂર્યને અસ્ત થવું પડે છે, અગર તો જે ઝોળીમાં તે હોળીમાં એ ન્યાય મુજબ જન્મેલા પ્રત્યેક પ્રાણીને એક વખત મરવું તો પડે છે. તો પછી મરણથી ડરવાની શી જરૂર છે ? જે જન્મે છે તે જ મરે છે. પણ જે જન્મતો નથી તે કદી મરતો પણ નથી. આથી એ સિદ્ધ થયું કે મરણ આપનાર જન્મ છે. માટે વાસ્તવિક રીતે મરણથી ન ડરતા જન્મથી ડરવાની જરૂર છે. પરન્તુ મોટે ભાગે અધ્યાત્મ જ્ઞાનીઓને છોડી દુનિયાના તમામ આત્માઓને મરણનો ખૂબ જ ડર છે. પરંતુ ડરવાથી મરણ કોઈને છોડતું નથી. એ તો ખુદ તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, રાજાઓ, શેઠ-શાહુકારો કે રંક ગમે તે હોય, પણ સમય આવે સૌનું મરવું પડ્યા વિના રહેતું નથી. જગતમાં મરણ જેવી સમભાવી અને ન્યાયી કોઈ ચીજ નથી. એના પાસે કોઈ લાંચ રૂશ્વત, વિજ્ઞાન કે કોઈની ભલામણ ચાલતી નથી. સમય આવે એટલે આજના પરણેલાને, હમણાં જ ધનાઢ્ય બનેલાને, મોટા ડીગ્રીધરોને, એફ. આર. સી. એસ. ડોક્ટરને કે જ્યોતિષાચાર્યને

કે આજે જ ગાદી નશીન થએલા રાજપુત્રને, પાછળ વાળાનું શું થશે? એની જરા પણ ચિંતા કર્યા વિના મરણ ઉઠાવી જાય છે. મરણ જેવો આ દુનિયામાં ભય છે. એટલે જ નાસ્તિકો અને અધર્મીઓ જમીન ઉપર હેંડે છે. ટુંકમાં મરણ આપનાર જન્મ છે અને જન્મ આપનાર હિંસા, જુઠ, ચોરી જારી, મમતા આદિ પાપો છે, માટે વાસ્તવિક મરણનો ભય જેને પેદા થયો હોય, તેણે પોતાના જીવનમાંથી તે સઘળા પાપોને તિલાંજલિ આપી ધર્મ કરી લેવાની જરૂર છે. પછી મરણ કાલે આવતું હોય તો આજે ભલેને આવે. ધર્મને કરીને જનારા માણસો માટે મૃત્યુ એક જાતનું રસાયણ છે. ધર્મી માણસો મરણથી કદી ડરતા નથી. એ તો હસતા મુખે યમ-રાજના આમંત્રણને સ્વીકારી લે છે. અધર્મીઓ જ મરણથી ડરે છે. પણ પાપથી ડરતા નથી. માટે જ પાપથી ડરો પણ મરણથી નહિ ડરો.



Live and let live

જીવો અને જીવવા દો.

આકાશ, મૃત્યુ અને પાતાળવાસી ત્રણે જગતમાં રહેલા આત્માઓ ચૈતન્ય દૃષ્ટિએ એકસરખા છે. અનાદિકાળથી કર્મને વિવશ પડેલા તે તે આત્માઓને સ્થાન, શરીર શક્તિ, સમજ અને ઇંદ્રિયો ભિન્નભિન્ન હોય છે, પરંતુ ચેતના તો સૌમાં એકસરખી જ છે, અને તેથી જ સુખ-દુઃખની લાગણી પણ એકસરખી જ હોય છે. દેવલોકમાં રહેલા ઇંદ્રને જીવવાની ઇચ્છા અને મરણનો ભય જેટલો છે, તેટલી જ જીવવાની ઇચ્છા અને મરણનો ભય દુનિયાના તમામ નાના મોટા પ્રાણીઓને હોય જ છે, અને તેથી જ સજ્જન પુરૂષો કોઈપણ જીવને મારવા મરાવવાની પ્રવૃત્તિ કરતા નથી. સ્વયં જીવવાનું પસંદ કરનારા, અન્યોને મારી નાંખવાની દુષ્ટ પ્રવૃત્તિ કરતા કેમ કાંઈ વિચાર નહિ કરતા હોય તે જ સમજાતું નથી. બધા જન્મોમાં માનવજન્મ જ્ઞાન અને વિવેકથી ચઢીયાતો ગણાય છે. એવા મનુષ્યો જ જ્યારે જ્ઞાન અને વિવેકને વેગળા મૂકી, મુંગા પ્રાણીઓ કે જેની કોઈ દાદ-ફરીયાદ સાંભળનાર નથી તેમને જ મારી નાખવાની અધમ પ્રવૃત્તિ કરે, ત્યારે 'વાડ ચીભડા ચોરે ત્યાં ફરીયાદ કોને કરવી' એ કહેવત ચરિતાર્થ થાય છે. બળવાને નિર્બળોનું રક્ષણ કરવું જોઇએ.

કોને ગુમાવવાનું છે ?

ભારત જેવા અહિંસા, અને ત્યાગપ્રધાન દેશમાં પણ આજના કેળવાયલા લોકો, અગર તો કેટલાક લક્ષ્મીના મદમાં મસ્ત બનેલા લક્ષ્મીનંદનો, એમ બોલી રહ્યા છે કે, હમો દેવ, ગુરૂ કે ધર્મ કોઇને માનતા જ નથી; પૈસો હમારો પરમેશ્વર છે, બાયડી હમારો ગુરૂ છે, અને ખાવું-પીવું અને એશ આરામ એજ હમારો ધર્મ છે. તથા છૈયાં-છોકરા હમારા સાધર્મિભાઇ છે, બધું હમારા ઘરમાં જ છે. હમારે કાંઇ બહાર જવું પડે એમ નથી. ધર્મ એ તો નવરા માણસો માટે છે, જેને ઘડીભર ખાવાની પણ ફુરસદ નથી, એના માટે વળી ધર્મ કેવો ? જે લોકો પાપ કરીને આવ્યા હોય એને ધર્મની જરૂર છે. હમો તો પુણ્ય કરીને જન્મ્યા છીએ.

આવા પ્રકારના ઉન્મત્ત અને બે લગામ, વિચારો ધરાવનાર પણ આપણા જ આ પવિત્ર દેશમાં વસે છે.

પરન્તુ તેમણે યાદ રાખવાની જરૂર છે કે ધર્મ એ કાંઇ અમુક માટે જ નિયત થએલો છે એમ નથી. પરંતુ જેમને જન્મ-મરણના દુસાધ્ય રોગોથી મુક્તિ મેળવવી હોય તેવા સર્વ રોગીઓએ ધર્મ ઔષધ લેવાની જરૂર છે.

બર્નાર્ડ શૉ નામના અંગ્રેજ વિદ્વાન્ ધર્મની મહત્તા બતાવતા કહે છે કે—

Real religion is not o luxury for respectable folk but it is a prime necessity for all.

અર્થાત્—સાચો ધર્મ એ કાંઈ માનવંતા લોકો માટે મોજ શોખની વસ્તુ નથી. પરંતુ તે તો દરેકને માટે જરૂરી ચીજ છે.

આથી સિદ્ધ થાય છે, કે ધર્મ એ સૌ-કોઇના જીવનમાં અન્ન, હવા અને પાણી કરતાં પણ વધુ ઉપયોગી ચીજ છે.

આજે તમોને જોઇએ એટલું અને જોઇએ તેવું ખાવાનું, પીવાનું, પહેરવાનું અને ઓઢવાનું મળે છે, અને તેથી તમો છાતી કાઢી લાલ-પીળા થઇને ફરો છો. એ તમારા પૂર્વમાં કરેલા ધર્મનું જ પરિણામ છે. જે ધર્મે તમોને તમામ જાતની સગવડ ઉભી કરી આપી તેજ ધર્મને તમો ન માનો અગર તેની મશ્કરી ઉડાવો, તો કહેવું પડશે કે તમારા જેવો બીજો કૃતઘ્ની કોઇ નથી.

વળી પાછલું પુણ્ય ખાયાજ કરશો અને નવું પુણ્ય ઉપાર્જન નહિ કરો, તો આવતા ભવમાં તમારી શી હાલત થશે? તેનો પણ વિચાર કરવાની જરૂર છે. દુનિયામાં પણ જગજાહેર છે કે ગમે તેવો મુડીવાળો, જીવે ત્યાં સુધી બેઠો બેઠો જ ખાય અને નવી આવક ઉભી ન કરે તો તેને પણ ભૂખે મરવાનો સમય આવે જ છે.

પણ યાદ રાખજો કે તમો ગયા ભવમાં પુણ્યનું પાકુ કરારનામું લખાવીને લાવ્યા છો. એટલે હમણા ગમે તેમ ભોગવો,

ગમે તેમ કરશો તેમ ચાલશે, એ સઘળા ગુન્હાઓ માફ થઈ જશે. પણ પુણ્ય ખતમ થતા જેમ સુકા વનની લાકડી આપો આપ સળગી ઉઠે છે તેમ તમારા જીવનમાં દુઃખ દાવાનલ સળગી ઉઠતા જરા પણ વિલંબ નહિ થાય. પછી દાવાનલને બુઝાવવો મુશ્કેલ થઈ પડશે. જીવનમાં બંગલા, બંગીચા, બગી-મોટર, કે એરોપ્લેનની કીંમત નથી. પરન્તુ ધર્મની જ કીંમત છે.

માટે ખોટી બડાઈ ન હાંકતા ઉન્મત્ત વિચારોને તિલાંજલિ આપી દેવગુરૂ અને ધર્મનું બહુમાન કરી, થાય એટલી સેવા કરી લો. તેમની સેવા તમો નહિ કરો તો તેમને કાંઈ જ ગુમાવવાનું હોતું નથી. તેઓ તો શાશ્વત અને સહીસલામત છે. તમારે શાશ્વત અને સહીસલામત થવું હોય તો સેવા કરવાની મળેલ સોનેરી તકને જતી કરશો નહિ. હાથમાંથી તક ગયા પછી કરવામાં આવેલો પશ્ચાતાપ રાંધ્યા પછીના ડહાપણ જેવો ગણાશે એ કદી ભુલશો નહિ.



હાથના કર્યાં જ હૈયે વાગે છે.

અજ્ઞાનતાથી, અભિમાનથી, હાસ્યથી અગર ઉન્મત્તતાથી ઘણી વખત આપણે એવા કઠીન અને ચીકણા (નીકાચીત) કર્મો બાંધી દઇએ છીએ, કે જેને ભોગવ્યા સિવાય છુટકો જ થતો નથી. બાંધતી વખતે આપણે તેના પરિણામનો (Result) જરા પણ વિચાર કરતા નથી, અને જ્યારે ભોગવવાનો દુઃખદ સમય આવે છે, ત્યારે રોવા બેસીએ છીએ. પરંતુ રોવાથી કાંઇ દુઃખનો નાશ થતો નથી. બલ્કે નવીન કર્મોનો બંધ થાય છે. રોવાથી કર્મનો નાશ થતો હોત તો રોતા તો સૌને આવડે છે. કહ્યું છે કે " હસતા બાંધ્યા કર્મ, રોતા ન છુટે પ્રાણીયા રે. "

જેમ રડવાથી કે શોક સંતાપ કરવાથી કર્મ છુટતા નથી તેમ જે નિમિત્તથી આપણને દુઃખ આવ્યું હોય તેને ગાળ દેતાં કે તેના ઉપર ગુસ્સો કરતાં પણ બાંધેલ કર્મનો કદી નાશ થતો નથી. આ તો બધી આપણે બાંધેલ કર્મોમાં વધારો કરવાની એક જાતની મૂર્ખાઈ છે.

તમોએ કરેલી ભૂલ માટે તમો પોતે જ જોખમદાર છો. ફલાણાએ મારૂં બગાડયું, અમુકે મારૂં સત્યાનાશ કાઢયું, અને ઢીકણાએ મને દુઃખી દુઃખી કરી નાખ્યો.

આ પ્રમાણે નિમિત્તના ઉપર દોષનો ટોપલો ઓઢાડનારે સમજવું જોઈએ, કે ફલાણાએ, અમુકે કે ઢીકણાએ એ ત્રણમાંથી તારૂં કોઈએ પણ નુકશાન કર્યું નથી. પણ એ ભૂલ માટે તું પોતે જ ગુન્હેગાર છો. આ વાતની પુષ્ટિ કરતાં એક અંગ્રેજ વિદ્વાન્ પણ કહે છે કે—

When a misfortune befalls you do not find fault with the person who is apparent agent.

Scrutinize your Conduct and perhps you will find your self responsible for the same.

અર્થ—જ્યારે તમે દુઃખી થાઓ છો ત્યારે દુઃખ આપવામાં જે નિમિત્ત માત્ર થાય છે, તેનો દોષ કાઢશો નહિ. તમો તમારા પૂર્વકૃત આચરણની તપાસ કરશો, તો માલુમ પડશે કે આ ભૂલના ભોગવટા માટે તમો પોતે જ જોખમદાર છો.

તાવ આવે તેને જ દવા ખાવી પડે છે, તેમ જે કોઈ કર્મ કરે તેનો ભોગવટો તેને જ કરવો પડે છે. ગમે તેટલા નીકટના સ્નેહીઓ હશે તે પણ તેમાં જરા પણ ભાગ પડાવી શકશે નહિ. આપણે કર્યાં આપણે જ ભોગવવાના છે. એટલે જ કહેવત પડી છે કે, "હાથના કર્યા જ હૈયે વાગે છે." તો પછી બીજાનો દોષ શા માટે કાઢો છો ?

હસતાએ ભોગવવા પડશે અને રડતાએ ભોગવવા તો પડશે જ. તો પછી હસતા એટલે સમતા પૂર્વક શા માટે ભોગવવા નહિ ?

સંપત્તિ કે આપત્તિમાં ફુલાવું અને મુંઝાવું નહિ. પરંતુ

બન્નેમાં સમભાવ રાખી, શક્ય ધર્મધ્યાન કરી, જુના કર્મોનો નાશ કરી ફરી એવી ભૂલ ન થાય તેનો જ ખ્યાલ રાખવાની હવે જરૂર છે. જાગ્યા ત્યાંથી સવાર ગણી ધર્મ ક્રિયામાં લાગી જવું એજ હિતકર છે.

કારણ કે—

'As you sow so shall you reap.'

જેવું વાવશો તેવું જ લણશો, બાજરી વાવનારને ઘઉં નહિ મળે, બાવળ રોપનારને કેરી ખાવાની નહિ મળે.



પણ પછી શું ?

એક વખત ધારી લ્યો કે તમો સારાએ હિંદુસ્તાનના નહિ પણ સારીયે દુનિયાના મહારાજા બન્યા, અથવા તો મોટામોટા રાષ્ટ્રોના પ્રમુખ બન્યા, કે પિતા બન્યા, વડાપ્રધાન બન્યા, કે છોટા પ્રધાન બન્યા, સ્વદેશના એલચી બન્યા, કે પરદેશના એલચી બન્યા. કોલેજના પ્રોફેસર બન્યા, કે કોઇ મોટી ઓફીસના ઓફીસર બન્યા, વકીલ કે બેરીસ્ટર બન્યા. ડોકટર બન્યા કે સોલીસીટર બન્યા. ઠાકોર બન્યા કે દરબાર બન્યા. મોટી મોટી મીલના માલીક બન્યા કે મોટા લેન્ડલોર્ડ બન્યા શાહજાદા બન્યા કે, હરામજાદા બન્યા, શેર દલાલ બન્યા, કે વીમા દલાલ બન્યા, એક સ્ત્રીના સ્વામીનાથ બન્યા, કે અનેક સ્ત્રીઓના સ્વામીનાથ બન્યા, રૂપાળા બન્યા કે કદરૂપા બન્યા મોટી મોટી પેઢીના માલીક બન્યા, કે યુરોપની લેડીના માલીક બન્યા.

અગર તો

ઓસ્ટ્રેલીયાનું સોનું લાવી ઘરમાં ભર્યું કે અમેરીકાની લક્ષ્મી તમારા ઘરમાં આવીને વસી ગઇ. પાંચ પચ્ચીસ મકાનના માલીક બન્યા, કે મોટા મોટા માળાઓના માલીક બન્યા. મોટરમાં બેઠા કે એરોપ્લેનમાં બેઠા.



નહિ તો

નહિ તો શું? લમણે હાથ દઇ રડવું પડશે, કપાળ કુટવું પડશે. સુખી માણસોના સામે ટગર ટગર જોઇ બળવું પડશે. નાલાયકોને પણ સલામ ભરવી પડશે, ગાલીપ્રદાન કરનારાને અન્નદાતા કહેવા પડશે, ગુરૂમહારાજને યાદ કરવા પડશે. આટલું કરવા છતાંએ સાત દહાડાનો સુકો રોટલો પણ મળવો મુશ્કેલ થશે. લો? પણ પછી શું? નો જ આ જવાબ છે.



સ્વાર્થી જગત.

આ જગતમાં સ્વાર્થી માણસોની સંખ્યા પરમાર્થી પુરૂષો કરતાં હંમેશનાં માટે વધારે જ હોય છે. સ્વાર્થી માણસને કોઇ પાસે જ્યારે કાંઇ પણ કામ કઢાવવું હોય છે, ત્યારે તે તેની ખુશ-ખુશામત કરે છે. વારંવાર સલામો ભરે છે. મીઠું મીઠું બોલે છે. એટલું જ નહિ પણ તેમને જેની પાસે સ્વાર્થ સાધવો હોય છે, તેનું તેની યોગ્યતાથી પણ અધીક માન, સન્માન કરે છે. પણ પોતાનો સ્વાર્થ પુરો થાય છે ત્યારે તુરત જ તેને છોડી દેતા જરા પણ વિલંબ લાગતો નથી. તેમ જ તેમ કરતાં તેના સ્વાર્થી ભેજામાં સારાસારનો જરા પણ વિચાર આવતો નથી. આટલું જ નહિ પણ ઉપકારી ઉપર અપકાર કરવાની દુષ્ટતા પણ કરે છે. અંગ્રેજીમાં કહેવત છે કે—

When a cow is old she is soon sold.

ગરજ સરી કે વૈદ્ય વેરી.

સ્વાર્થની સગાઇ

ફળ ફુલ અને પાંદડાંવાળા વૃક્ષ ઉપર અનેક પક્ષીઓ રોજ આવીને કલ્લોલ કરે છે. પણ જ્યારે તે ઝાડ ખીલકુલ સુકાઇ જઇ ઠુંઠા જેવું થઇ જાય છે, ત્યારે ઝાડ તેનું તે જ હોવા છતાં તેના ઉપર કોઇપણ પક્ષી આવતું નથી.

કારણ કે....

પક્ષીઓને ફળફુલ સાથે સગાઇ હતી, ઝાડ સાથે કાંઇ લેવા-દેવા ન હતું.

પાણીથી ભરેલા સરોવરમાં સારસ, હંસ અને બતક વિગેરે પક્ષીઓ રોજ આવતા હતા. પણ સરોવર જ્યારે સુકાઇ જાય છે, ત્યારે સર્વ પક્ષીઓ તેને છોડી ચાલ્યા જાય છે. સરોવર ત્યાંનું ત્યાં જ છે.

કારણ કે....

પક્ષીઓને પાણી સાથે સગાઇ હતી. નહિ કે સરોવર સાથે.

સુગંધવાલા પુષ્પો ઉપર રોજ ભ્રમરો આવીને બેસતા હતા. જ્યારે તે પુષ્પો સુગંધ રહિત થઇ જાય છે ત્યારે ભમરાઓ ઉડીને ચાલ્યા જાય છે.

કારણ કે....

ભમરાઓને પુષ્પ સાથે સગાઇ ન હતી, પરંતુ સુગંધ સાથે હતી.

લીલા ઘાસવાલા જે જંગલમાં હરણીયા રોજ ચારો ચરતા હતા, તે જ જંગલ જ્યારે બળી જાય છે ત્યારે મૃગલાઓ પણ તે વનને છોડી દે છે.

કારણ કે—

મૃગલાઓને વન સાથે કાંઇ સગાઇ ન હતી, પણ ઘાસ સાથે હતી.

એ જ મુજબ

નિર્ધન માણસને વેશ્યા અને ગાદીભ્રષ્ટ થયેલા રાજાને પોતાના સેવકો છોડી દે છે. કારણ કે વેશ્યાને પૈસાનો સ્વાર્થ બંધ થયો અને સેવકોને પગાર બંધ થયો.

ટુંકમાં

એટલું જ કહેવાનું છે કે સારી એ દુનિયા પોતપોતાના સ્વાર્થ સાધવામાં જ તત્પર રહે છે સ્વાર્થ સરતા નજીકના ગણાતા સગાઓ પણ ખસી જાય છે. કરેલા ઉપકારને ભૂલી જાય છે. આપત્તિમાં પણ સામું જોતાં નથી.

માટે જ—

આ સ્વાર્થી જગતની પાછળ મુંઝાઇ, ધર્મકર્મને છોડી દઇ આત્માની ખાનાખરાબી ન કરતાં પરમાર્થી જીવનને ધારણ કરનારા દેવગુરૂની ખૂબ સેવા કરવાપૂર્વક ધર્મની આરાધના કરી લેવામાં ખરૂં ડહાપણ અને બુદ્ધિમત્તા છે.



સાચી ઉન્નતિ.

પોતાના દેશની, શહેરની, ગામની, કુટુંબની કે પોતાના
શરીરની ઉન્નતિ સૌ કોઇ ચાહે છે. તેમ તેની પાછળ બની
શકે તેટલા પ્રયત્નો પણ પુરજોસમાં કરે છે.

પરન્તુ ઉન્નતિ કોને કહેવી અને ઉન્નતિ કોની કરવી જોઇએ
એ વિષયનું જ્ઞાન નહિ હોવાથી કાલ્પનિક ઉન્નતિની પાછળ
તનતોડ દોડધામ કરી રહ્યા છે જવું છે પૂર્વમાં અને દોડી
રહ્યા છે પશ્ચિમ દિશામાં. એટલે દોડવાનો પ્રયત્ન નિરર્થક
જાય છે. એટલું જ નહિ પણ જે દિશામાં આપણે જવું છે
તે દિશા આપણાથી દૂર ને દુર થતી જાય છે.

જીવનમાં ઉન્નતિની સંપૂર્ણ જરૂર છે. પણ ઉન્નતિ કોની
થવી જોઇએ અને કોની થઇ રહી છે, એ પણ સમજવું તો
જોઈએ ને ?

આજની દુનિયા નવા નવા આવિષ્કારોથી તેમ નવી નવી
શોધખોળ દ્વારા સુખ સાહ્યબીની સગવડો ઉભી કરી માત્ર
નાશમાન એવા જડ શરીરની ઉન્નતિ માટે મરીફીટે છે, પરંતુ
અમર અને અવિનાશી આત્મા માટે તો કોઇ કાંઇ વિચાર જ
કરતા નથી.

આજકાલ અપાતી શુષ્ક કેળવણી, સહશિક્ષણનો કુરિ
નાટક, સિનેમા, ફીલમોના બીભત્સ દૃશ્યો આદિએ આત્માની
દની અવનતિમાં વધારો કર્યો છે. આર્યસંસ્કૃતિ અને ધર્મ
સંસ્કારોનું પાલન જે પૂર્વમાં ખૂબ સુંદર અને મજબુત ક
તે શિથિલ અને ઢીલું બનતું જાય છે; આધ્યાત્મિક શિક્ષ

ધીમે ધીમે દેશવટો અપાતો જાય છે. અને વ્યાવહારિક કેળવણી આપનારી કોલેજો અને હાઈસ્કૂલો વધતી જાય છે.

આજની સઘળી પ્રવૃત્તિ અને ધમાલ માત્ર જડની ઉન્નતિ માટે જ છે, જે આત્માને ક્ષણભર કાલ્પનિક આનંદ આપી દુર્ગતિના ગહરા ખાડામાં ધકેલી દે છે.

આ તો એવું થયું કે પાંજરાને ખૂબ શણગારવું છે. પણ અંદર રહેલા પોપટની જરાપણ દરકાર કરવી નથી. પરન્તુ પાંજરાની શોભા પોપટથી છે. કીંમત પાંજરાની નહિ પણ પોપટની છે. તેમ અહીં પણ કીંમત શરીર નહિ પણ આત્માની જ છે. માટે આત્માની ઉન્નતિ એ જ સાચી ઉન્નતિ છે.

અનંતકાળથી જન્મ મરણની લોખંડી બેડીમાં જકડાઈ રહેલા આત્માને તેમાંથી મુક્ત બનાવવાની જે પ્રવૃત્તિ, તે જ સાચી ઉન્નતિ કહી શકાય. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહપણું આદિનું જીવનમાં યથાશક્તિ પાલન કરી, આત્માને શાશ્વત સ્થાન અને અનંત આનંદ આપનાર એવા મોક્ષની પ્રાપ્તિ માટે કરમર કસવી એ જ સાચી ઉન્નતિ. સાચો વિકાસ, સાચી પ્રગતિ. તે સિવાયની સઘળી પ્રવૃત્તિ એ અવનતિ અને પીછેહઠ છે. માનવજન્મ આત્માને ઉન્નત બનાવવા માટેનું કેન્દ્રસ્થાન છે.

માટે શરીર પાછળના ધમપછાડા છોડી દઈ આત્મા પરમાત્મા બને, એવી કાર્યવાહી આજથી જ હાથ ધરો. જડવાદ આદિ વાદોને છોડી દઈ આત્મવાદને સ્વીકારો એટલે તમો સદાને માટે ઉન્નત બનશો.

ૐ

ધર્મનો ટુંકો સાર

ધર્મનું લાંબુ ચોડું સ્વરૂપ એ પાનામાં કહેવું એ તો સાગરને ગાગરમાં સમાવેશ કરવા જેવું છે. જેમ સાગરનો ગાગરમાં સમાવેશ થવો અશક્ય છે, તેમ ધર્મનું સંપૂર્ણ સ્વરૂપ કહેવું એ પણ અશક્ય છે. કદાચ ધર્મની સંપૂર્ણ વ્યાખ્યા કરનાર હોય પણ સાંભળનારાનો દુકાળ હોય છે. એટલે તેનો ટુંકો સાર જણાવતા એક કવિએ કહ્યું છે કે "आत्मनः प्रतिकुलानि परेषां न समाचरेत् !"

અર્થાત્—જે વર્તન પોતાને પ્રતિકુલ હોય અથવા પસંદ ન હોય તેવું વર્તન બીજા પ્રત્યે કદી કરવું નહિ.

જેમકે તમોને કોઇ મારે તો પસંદ પડતું નથી, તો પછી તમો બીજાને મારી શકતા નથી. તમારે માટે કોઇ જુઠું બોલે તો તે પણ તમોને ગમતું નથી, તો તમારે પણ બીજા માટે કદી જુઠો પ્રચાર કરવો ન જોઇએ. તમારી વસ્તુ કોઇ રજા વિના લઇ જાય તો તમોને ઇષ્ટ નથી, તો તમો પણ કોઇની નાની કે મોટી કીંમતી કે બીન કીંમતી કોઇપણ ચીજ માલીકની રજા વિના લઇ શકતા નથી.

તમારી મા-બેન સાથે કોઇ કુદષ્ટિ કરે, તો તેના ઉપર

રોતીતી અને પીયરીયા મળ્યાં.

કેટલાક માણસો પોતાની આદતને વશ બની, અગર તો એવા પ્રકારના ઘડાઇ ગયેલા માનસને આધીન બની, સારી જીંદગી પર-પંચાતમાં, ખટપટમાં, ચોવટ કરવામાં અને અવગુણ ગાવામાં જ પસાર કરી, કમાણી કરવાના સુંદર સ્થાનમાં આવી ઘણું ગુમાવીને જાય છે.

જેમકે—

અમુક માણસો આમ કરે છે અને અમુક માણસો તેમ કરે છે....એ નહિ કરે તો આપણે શા માટે કરીએ? અમુક માણસના જીવનમાં કાંઇ જ નથી. અને બીજાને ઉપદેશ આપવાનું દોઢડહાપણ કરે છે. ફલાણા ભાઇ જે બોલે છે તે પ્રમાણે કરવાના તો તેને કસમ છે. અમુક ભાઇ ધર્મક્રિયા તો કરે છે, પણ અનીતિ તો છોડતા જ નથી. સૌ ક્રિયા તો કરે છે પણ કાંઇ અર્થ બર્થ સમજતા નથી. પોપટના જેમ બોલી જાય છે. દહેરાસરમાં તો ઘોંઘાટ બહુ થાય છે. એટલે જવાનું મન થતું નથી. ધર્મસ્થાનોમાં તો અનેક મતભેદના ઝઘડાઓ ચાલી રહ્યા છે, એટલે ત્યાં જઇને પણ શું કરીએ? કોઇ ધર્મી માણસની જરા કોઇ પ્રશંસા કરે તો તરત જ બોલી ઉઠશે કે હવે જોયા જોયા. એમાં કાંઇ માલ નથી.

આ પ્રમાણે પરપંચાતમાં ખટપટ અને લટપટમાં તેમજ અવગુણો જ ગાવામાં ચોવટીયા માણસો, લાંબા કાળ પછી પ્રાપ્ત થયેલી ધર્મ કરવાની સુંદર તક હાથમાંથી ગુમાવી દે

છે. સાચું પૂછાવો તો આવા સ્વભાવવાળા માણસોને ધર્મની પડી જ નથી. અગર તો ધર્મ કરવો જ નથી એના બધા બહાના છે. એક તો ધર્મ કરવાની ભાવના નહિ એટલે આવા નિમિત્તો આગળ કરી પોતાના ધર્મ નહિ કરવાના વિચારોને મક્કમ બનાવે છે. આ તો રોતીતી અને પીયરીયા મળ્યા એ કહેવતને ચરિતાર્થ કરી.

જેમને ધર્મ કરવો જ છે, તેઓ કોઇ તરફ લક્ષ્ય આપતા જ નથી. વળી મતભેદ અને પૈસા વિના પણ થઇ શકે એવા, તેમ વિના-મહેનતના પણ ધર્મો ક્યાં ઓછા છે ? જેને ધર્મ કરવો જ નથી તેને તો અનેક જાતના બહાના અને નિમિત્તો ગમે ત્યાંથી મળી જ રહેશે કારણ કે નાચવું નહિ તેને આંગણું વાંકું.

કહ્યું છે કે—

Bad carpenter qurrels with his tools.

માટે—

પરલોક સુધારવાની ભાવના જ હોય તો તમો તમારૂં સંભાળી લઇ, થાય એટલી ધર્મક્રિયા કરી લો. અને અન્યના એકાદ વાંકા અંગને નીહાળવાની ઉટબાઇના જેવી ખોટી આદતને છોડી દઇ તમારાં અઢારે વાંકા અંગોને દેખતાં શીખો. એટલે તમોને ખાત્રી થશે કે મારા કરતા બીજા ઘણા સારા છે. માટે સૌએ સોનું સંભાળી થાય તેટલો ધર્મ કરી લેવાની જરૂર છે.



ધર્મીને ઘેર ધાડ છે એ ધર્મનું ફળ નથી પણ પાછલા પાપોનું ફળ છે. અને પાપીના પાશા પોબાર પડે છે. એ તેમના અધર્મનું ફળ નથી. પણ પાછલા ભવમાં કરેલા ધર્મનું પરિણામ છે.

વલી કેટલીક વખત ધર્મી અને સુખી માણસોને પણ ધર્મક્રિયા કરતા આપત્તિઓ આવી જાય છે. અરે કેટલીક વખત એવા નુકશાનમાં ઉતરી જાય છે કે ખાવાના પણ ફાં ફાં પડે છે, તો તેમાં પણ તેમનો તે પ્રસંગે આવેલો પાપનો ઉદય જ કારણ છે. કહ્યું છે કે–' કાગનુ બેસવું અને ડાળનું પડવુ ' અહીંયા કાગડાના બેસવાથી ડાળ પડી જાય એમ કદી બનતું નથી. પરંતુ કાગડાને બેસવું અને ડાલને પડવું એ બે પ્રસંગો કુદરતે એકી સાથે થઇ જાય છે. તેમ ધર્મી અને સુખી માણસોને પણ ધર્મ કરતાં પણ પાપનો ઉદય તે જ વખતે આવી જાય તો આપત્તિનો ભોગ થવું પડે છે.

પણ એ તો નક્કી જ છે કે...

ધર્મથી જ સુખ અને અધર્મથી જ દુઃખ.

પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ એ વાતને પુષ્ટ કરતા ફરમાવે છે કે सुखं धर्मात्, दुःखं पापात् सर्व धर्म व्यवस्थितिः न कर्तव्यमतःपापं कर्त्तव्यो धर्म संचयः

અર્થઃ– ધર્મથી સુખ અને અધર્મથી દુઃખ એ સઘળા ધર્મની એ જ માન્યતા છે. માટે પાપ ન કરતા ધર્મનો સંચય કરો.

એક દંત કથા

માખી જેમ ચંદનને છોડી ચાંદા ઉપર બેસે છે. ભુંડ જેમ ખીરને છોડી દઇ વિષ્ટાને પસંદ કરે, અને કાગડો તરણુચ આદિ સુંદર ફળોને ત્યજી વિષ્ટાને ચુંથે છે તેમ કેટલાક માણસો ગુણો છોડી દઇ અવગુણને જ ગ્રહણ કરે છે, અને અવગુણને જ બોલે છે.

જો કે અવગુણ અવગુણરૂપે જ હોય અને કદાચ બોલે તો હજુ એ ક્ષન્તવ્ય ગણાય. પણ ગુણોને પણ અવગુણરૂપ ચીતરી તેની ટીકા ટષ્કો કરનારા માણસો આ જગતમાં હોય છે. જેનો સામાન્ય નમુનો નીચેની દંતકથા પરથી માલમ પડશે.

માલવા દેશના અધિપતિ રાજા ભર્તૃહરિ, પીંગળાના નિમિત્તને પામી વિશાળ રાજપાટ છોડી સંન્યાસી બની ગયા છે. ઘર ઘરની ભિક્ષાથી પોતાની આજીવિકા ચલાવે છે. એક વખત ગામો ગામ ફરવાથી થાકીને લોથપોથ થઇ ગયેલા ભર્તૃહરિજી, એક ગામના પાદરે કુવાના નજીકમાં આવેલા વિશાળકાય વડલા નીચે હાથને ઓસીકું બનાવી ઘસઘસાટ ઉંઘી રહ્યા છે.

પ્રાતઃકાલે આખાયે ગામની સ્ત્રીઓ એજ કુવે પાણી ભરવાને આવે છે. અને પોતપોતાના ઘરમાં અગર તો બીજાના

ઘરમાં બનેલા પ્રસંગોનું વર્ણન પોત પોતાની બેનપણી સાથે ઘરથી કુવા ઉપર આવતા અને કુવાથી ઘરે જતાં વાતોના તડાકા મારવા દ્વારા કરે છે. તેમની વાતો ખૂટતી જ નથી. સાચુ પૂછાવો તો કુવો એટલે આખા ગામનો રિપોર્ટ લેવાનું અનુકુળ સ્થાન.

આ પ્રસંગે વડ નીચે સુતેલાં ભર્તૃહરિજી ઉપર એક ચબાવલી સ્ત્રીની નજર પડી. નજર પડતાની સાથે જ એ પોતાની બેનપણીને કહે છે કે અલી! જો તો ખરી? આ સુતેલા યોગીની દેદીપ્યમાન પ્રચંડ કાયા અને વિશાળ કપાળ કહી આપે છે કે આ ભર્તૃહરિજી હોવા જોઈએ. આગળ વધીને તે કહે છે, કે જરા જોતો ખરી. વિશાળ રાજપાટ અને અખૂટ ઋદ્ધિ છોડવા સમર્થ બની, બધાયે શોખ છોડયો. પણ હજી હાથના ઓશીકાનો શોખ ગયો નહિ. સ્ત્રીઓના શોર-બકોરથી જાગી ગયેલા ભર્તૃહરિજીના કાન ઉપર આ શબ્દો અથડાયા. સાંભળતાની સાથે જ ગુણગ્રાહી દૃષ્ટિવાળા યોગીરાજ વિચાર કરે છે કે, આ સ્ત્રી જે કહે છે તે તદ્દન સત્ય છે. જ્યારે હું બધાએ વૈભવ છોડી શકયો, તો હાથના ઓશીકાને છોડી દેવામાં મને શી હરકત છે? એમ નિશ્ચય કરી હાથનું ઓશીકું કાઢી નાખી બીજે દિવસે પણ કુદરતે જ તે જ વડના નીચે આવીને સુતા છે. એનો એ કુવો, એની એ સ્ત્રીઓ, અને એના એ જ ભર્તૃહરિ. બીજે દિવસે પાણી ભરવા આવેલી પેલી સ્ત્રીએ ભર્તૃહરિજીને હાથ કાઢી નાખી સુતેલા જોઇને કહ્યું કે— અલી કેવું છે? આપણે ગઈકાલે હાથના ઓશીકાની વાત તો શુભ ઇરાદાથી સહેજ સ્વભાવે કરી હતી. તેમાં તો આજે

આ બાવાજીને રીસડો ચડયો લાગે છે, કે જેથી બાઈસાહેબ હાથ કાઢીને સુતા છે.

હવે ભર્તૃહરિજીને કાંઈ કરવાનું રહેતું નથી. પણ દુનિયા રોગી છે. એમ સમજી સમભાવમાં રહી જે સત્ય હોય તે જ કરવાનું છે.

આ ઉપરથી એ વિચારવાનું છે કે હાથનું ઓશીકું કરીને સુવું એ કાંઇ મોટો અપરાધ નથી. એ કાંઇ તેમના સંન્યાસીપણામાં મોટો દોષ ન હતો. છતાં પણ અનેક ગુણોની અવગણના કરી અવગુણરૂપે ન હોય તેવી વસ્તુને પણ અવગુણ કરીને ચીતરનારા માણસો, દુધમાંથી પોરા કાઢવાની માફક બુદ્ધિને કેવી રીતે અવળે રસ્તે ચલાવે છે તેનો આ નમુનો છે.

સારાંશ કે...

ઘઉ ને કાંકરા એ ભેગા જ હોય છે પણ ડાહ્યા માણસો કાંકરાને ફેંકી દઇ ઘઉંને જ સંઘરે છે, તેમ સજ્જનોએ અવગુણને છોડી દઇ ગુણો જ ગ્રહણ કરવા આવશ્યક છે.



ઘરમાં બનેલા પ્રસંગોનું વર્ણન પોત પોતાની બેનપણી સાથે ઘરથી કુવા ઉપર આવતા અને કુવાથી ઘરે જતાં વાતોના તડાકા મારવા દ્વારા કરે છે. તેમની વાતો ખૂટતી જ નથી. સાચુ પૂછાવો તો કુવો એટલે આખા ગામનો રિપોર્ટ લેવાનું અનુકુળ સ્થાન.

આ પ્રસંગે વડ નીચે સુતેલાં ભર્તૃહરિજી ઉપર એક ચણાવલી સ્ત્રીની નજર પડી. નજર પડતાની સાથે જ એ પોતાની બેનપણીને કહે છે કે અલી! જો તો ખરી? આ સુતેલા યોગીની દેદીપ્યમાન પ્રચંડ કાયા અને વિશાળ કપાળ કહી આપે છે કે આ ભર્તૃહરિજી હોવા જોઈએ. આગળ વધીને તે કહે છે, કે જરા જોતો ખરી. વિશાળ રાજપાટ અને અખૂટ ઋદ્ધિ છોડવા સમર્થ બની, બધોયે શોખ છોડયો. પણ હજી હાથના ઓશીકાનો શોખ ગયો નહિ. સ્ત્રીઓના શોર-બકોરથી જાગી ગયેલા ભર્તૃહરિજીના કાન ઉપર આ શબ્દો અથડાયા. સાંભળતાની સાથે જ ગુણગ્રાહી દૃષ્ટિવાળા યોગીરાજ વિચાર કરે છે કે, આ સ્ત્રી જે કહે છે તે તદ્દન સત્ય છે. જ્યારે હું બધોએ વૈભવ છોડી શકયો, તો હાથના ઓશીકાને છોડી દેવામાં મને શી હરકત છે? એમ નિશ્ચય કરી હાથનું ઓશીકું કાઢી નાખી બીજે દિવસે પણ કુદરતે જ તે જ વડલા નીચે આવીને સુતા છે. એનો એ કુવો, એની એ સ્ત્રીઓ, અને સૂતા એ જ ભર્તૃહરિ. બીજે દિવસે પાણી ભરવા આવેલી પેલી સ્ત્રીએ ભર્તૃહરિજીને હાથ કાઢી નાખી સુતેલા જોઈને કહ્યું કે— અલી જોયું કે? આપણે ગઈકાલે હાથના ઓશીકાની વાત તો ગુપ્ત ઇરાદાથી સહેજ સ્વભાવે કરી હતી. તેમાં તો આણે

આ બાવાજીને રીસડો ચડયો લાગે છે, કે જેથી ભાઈસાહેબ હાથ કાઢીને સુતા છે.

હવે ભર્તૃહરિજીને કાંઈ કરવાનું રહેતું નથી. પણ દુનિયા દોરંગી છે. એમ સમજી સમભાવમાં રહી જે સત્ય હોય તે જ કરવાનું છે.

આ ઉપરથી એ વિચારવાનું છે કે હાથનું ઓશીકું કરીને સુવું એ કાંઈ મોટો અપરાધ નથી. એ કાંઈ તેમના સંન્યાસીપણામાં મોટો દોષ ન હતો. છતાં પણ અનેક ગુણોની અવગણના કરી અવગુણરૂપે ન હોય તેવી વસ્તુને પણ અવગુણ કરીને ચીતરનારા માણસો, દુધમાંથી પોરા કાઢવાની માફક બુદ્ધિને કેવી રીતે અવળે રસ્તે ચલાવે છે તેનો આ નમુનો છે.

સારાંશ કે...

ઘઉં ને કાંકરા બે ભેગા જ હોય છે પણ ડાહ્યા માણસો કાંકરાને ફેંકી દઈ ઘઉંને જ સંઘરે છે, તેમ સજ્જનોએ અવગુણને છોડી દઈ ગુણો જ ગ્રહણ કરવા આવશ્યક છે.



રેંટીયો-કુવો

કોઇ એક મુસાફર ઘોડે સ્વાર થઈ બીજે ગામ જઇ રહ્યો છે. થોડેક દૂર જતાં ઘોડાને તૃષા લાગવાથી ઘોડો બરાબર વેગમાં ચાલતો નથી. એટલે તેનો માલીક નજીકના એક ખેતરમાં ચુંચુંચું અવાજ કરતા એક રેંટીયા કુવા પાસે તેને પાણી પાવા લઈ ગયો. પણ એ રેંટીઆમાંથી ચુંચુંચું અવાજને સાંભળી ઘોડો ભડકીને પાછો હઠી જાય છે. એટલે ઘોડાનો માલીક કુવાવાલાને કહે છે કે ભાઇ ? મારો ઘોડો તારા રેંટીયામાંથી નીકળતા અવાજથી ભડકે છે, માટે થોડીવાર તારો રેંટ જો બંધ રાખે તો જ મારો ઘોડો પાણી પી શકે, ત્યારે ખેતરવાલો કહે છે કે, જો રેંટ બંધ રહે તો પાણી આવે નહિ. અને રેંટ ચાલુ રહે તો તારો ઘોડો ભડકે છે. તો હવે એક જ ઉપાય છે કે મારો રેંટીયો ચુંચુંચું કરતો રહે, અને તારો ઘોડો પાણી પીતો રહે, તો જ તારૂં કામ બનશે, અને જો એમ તારા ઘોડાથી ન બને તો આ રસ્તો ઉઘાડો છે. વિદાય થાઓ.

એ જ મુજબ

આ સંસાર પણ એક જાતનો ચુંચુંચું કરતો રેંટીયો કુવો છે. જેમાં પણ નાનો બાળો રડે છે. મોટો બાકો માંડે છે.

એઓને પરણાવવાની ચિંતા છે. સવારથી સાંજ સુધી રાંધવું ખાવું-પીવું, ખવડાવવું-નવડાવવું, માંદાની માવજત કરવાની ધમાલ હોય છે. નવા આવેલા વહુ તો શેઠાણી થઈને જ બેઠા છે. શેઠ તો પધારીવય છે. આવી અનેક ઉપાધિની ફરિ-યાદોરૂપી ચુંચુંચુંનો અવાજ રોજ આ સંસારના રેંટીયા કુવામાંથી નીકળતો હોય છે ! એટલે સંસારીઓથી પૂજા, દર્શન પ્રતિક્રમણ, વ્યાખ્યાન શ્રવણ આદિ કેવી રીતે બને ? એવી ઘણા માણસોની ગુરૂમહારાજ પાસે ફરીયાદ ચાલુ હોય છે. પણ તેનો જવાબ બીજો શો હોઇ શકે ?

સંસારનો રેંટીયો કુવો તમોને બંધ કરવો પાલવે તેમ નથી અને ધર્મક્રિયા કરી દુઃખરૂપ તૃષાને છીપાવવી પણ છે.

માટે...

એનો પણ એક જ જવાબ છે કે તમારો સંસારનો ઉપા-ધિરૂપ રેંટીયો કુવો ચુંચુંચું કરતો રહે. અને તમો ધર્મક્રિયા કરી લેવાની તકને ઝડપી લો. તો જ ધાર્યું કામ બની શકશે. નહિ તો પરલોકનો દુઃખમય રસ્તો તો લેવો જ પડશે.



બધુએ ગાયના ઘીમાં.

કોઈ એક ગામમાં કસ્તુરચંદ નામના શેઠ રહે છે. તેમને ચીમનલાલ (ચમનીયો) નામનો દીકરો છે. ધન ઘણું છે. પણ કંજુસનો કાકો હોઈ જરૂર હોય ત્યાં પણ ખરચતા વિચાર કરે છે. ઉમ્મર થતા શેઠ દમના રોગમાં સપડાયા. પરંતુ શેઠે પાકો નિશ્ચય કર્યો છે કે દમ નીકળી જાય ત્યાં સુધી દમની દવાની એક દમડી પણ ખરચવી નથી. એક વખત શેઠની આ અસહ્ય બીમારી જોઈને ચીમન પોતાના બાપને કહે છે, કે બાપાજી, આપણી પાસે ધન ઘણું છે તો તમો કોઈ દમના (Expert) નિષ્ણાત વૈદ્યની દવા લો. એમાં શું ખર્ચ થવાનો છે? પુત્રના આગ્રહથી શેઠ પોતાની સાથે ભણેલા લંગોટીયા દોસ્ત જે વૈદ્ય થયા છે, તેની દુકાને ગયા. કે જેથી દવાના પૈસા લાગે નહિ.

પોતાના મિત્રના મેળાપથી વૈદ્યરાજ પણ ખુશી થઈ પૂછવા લાગ્યા, કે શેઠ, કેમ આવવું થયું? શેઠ કહે છે કે તમારા ઘરે કયારે આવવાનું થાય એ તો તમો જાણો જ છો. ઘણા વખત થયા દમના રોગથી હું પીડાઉં છું. માટે દવા લેવા આવ્યો છું. બધું જાણી વૈદ્યરાજે નાડી તપાસી કહ્યું, કે દમ બહુ જુનો થઈ ગયો છે. એટલે ઉંચી ભસ્મ લીધા સિવાય

રોગ નાબુદ થઇ શકશે નહિ. મરમનું નામ સાંભળી શેઠના મોતીયા મરી ગયા. વૈદરાજ તથા પાસે બેઠેલા ચીમન પણ તેની મુખાકૃતિ ઉપરથી સમજી ગયા કે શેઠનો દમ નીકળી જાય ત્યાં સુધી દમની દવા ખાય તેવા નથી.

તરત જ શેઠ બોલી ઉઠ્યા, કે વૈદરાજ? ભલે મોડું સારૂં થાય, પણ તમો મને દમમાં ઉપયોગી એવી ઘરગથ્થુ દવાનો નુકસો (Prescription) લખી આપો તો ગાંધીના ઘેરથી મંગાવી હું ખાઇશ. એટલે પોતાના મિત્રના સંબંધથી વૈદરાજે ૧ તોલો ગંઠોડા, ૧ તોલો સુંઠ, ૧ તોલો પીપર, ૧ તોલો મેરસાલ, ૧ તોલો એલચી, ૧ તોલો લવંગ, એ બધી વસ્તુને ખાંડી કપડછાણ કરી ગાયના ઘીમાં એક એક વાલ દવા ચાટજો એટલે સામાન્ય આરામ રહેશે.

કાગળીઓ લઇ શેઠે ઘેર આવી કબાટમાં મૂકી દીધો. બીજે દિવસે કબાટમાંથી કાગળીઓ કાઢી બધી દવાના વજન સાથે નામ બોલી જાય છે. અને પોતાના પુત્રને કહે છે કે બેટા ચીમનીયા? દવા તો ઘણી જ સારી હો! બધુંએ ગાયના ઘીમાં. રોજ ને રોજ દવાનું કાગળીયું કાઢે છે, વાંચી જાય છે. બેટા ચીમનીયા બધુંયે ગાયના ઘીમાં એમ કહી કાગળીઓ કબાટમાં ગોઠવી દે છે. કાગળીઓ રોજ વાંચતા વાંચતા શેઠ પરલોક સીધાવી ગયા.


એ જ મુજબ...

ઘણા લોકો એમ જ બોલે છે કે-ધર્મ-તો બહું ઉંચો, કરવા લાયક, એના સિવાય કોઇનું કલ્યાણ નથી. વ્યાખ્યાન

પણ ઘણું જ સારું. મહારાજ જે કાંઇ કહે છે એ તો સોએ સો ટકા સાચું છે. આપણે શું કાંઇ નથી સમજતા ? પણ શેઠ જેમ દવાનું લીસ્ટ વાંચી જઇ બધુંએ ગાયનાં ઘીમાં બોલતા પરલોકમાં ચાલ્યા ગયા એ જ મુજબ કેટલાક લોકોને બધુંએ બોલવામાં જ હોય છે કરવા કરાવવાનું કાંઇ જ નહિ. પોલી અનુમોદના અને ડાહી ડાહી વાતો કરી આ પ્રમાણે ઘણા લોકો ખાલી હાથે પરલોકમાં પ્રયાણ કરી ગયા, કરી જાય છે અને કરી જશે

માટે...

ખાલી તડાકા મારવાની ટેવને છોડી દઇ, ધર્મની ક્રિયા થાય એટલી કરી, કરાવી અને અનુમોદના કરી, પરલોકના પ્રયાણ પહેલા ધર્મની શક્ય આરાધના કરી જન્મ મરણના દુઃસહ્ય રોગોને દૂર કરવાનો પ્રયત્ન કરો.



બોલો પણ બોળો નહિ

ઘણી વખત એવું બને છે કે, જેને બોલતાં આવડતું નથી, બોલવામાં બાફી મારતો હોય છે,. એવાને બોલવાનો ઘણો શોખ હોય છે. બહુજ બોલકણા અને વાચાળ માણસો પોતે શું બોલે છે, તેનો વિચાર કરતા નથી. વિના વિચારે બોલવાથી જાણે-અજાણે કોઈનું અપમાન થઇ જવાનો ભય રહે છે. સામાને ખોટું લાગવાથી ઝઘડો ઉભો થવાનો સંભવ છે. ન બોલવાનું પણ બોલાઈ જાય છે. આશય શુભ હોવા છતા બોલવામાં પાપ બંધાઇ જાય છે. કહેવાની હોતી પણ પ્રગટે છે

માટે જ કહ્યું છે કે—

Think before you speak and look before you leap.

બહુ બોલકણો માણસ કેવી રીતે બાફી મારે છે, તેનું એક દૃષ્ટાન્ત જાણવા જેવું છે.

એક વખત એક ગામના દરબારના જમાઈ ગુજરી ગયા. એટલે ગામના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને પણ બેસવા માટે લૌકિક જવું પડે. માટે તે લોકોએ દરબાર સાહેબને ત્યાં દિલાસો આપવા જવાનો દિવસ નક્કી કરાવ્યો. નક્કી કરેલા દિવસે સૌ દરબારગઢમાં જવા તૈયાર થયા. એટલે તે ગામમાં બોલકણો

અને જેમ આવે તેમ ફેંકનાર એક માણસ હતો. તે પણ જવા માટે તૈયાર થયો.

ગામ લોકોએ આ ભાઈ બોલીને કાંઈ બાજી બગાડી નાખશે. એમ જાણતા હોઈ તેને આવવા માટે ના પાડી. પેલા ભાઈ તો જાણતા જ હતા કે મારી જીભડી ઠેકાણે રહેતી નથી, એટલે જ આ લોકો ના પાડે છે. એટલે તેણે કહ્યું જરા પણ વચમાં ન બોલું. મારા મોઢે કપડાનો ટુકડો બાંધો પણ હું આવવાનો તો ખરો જ. સૌએ તેણે નહિ બોલવાની શરત કરીને લઈ લીધો.

દરબારગઢમાં જઈ સૌ કોઇ દરબાર સાહેબને સલામ ભરી બેઠા. પછી બે ત્રણ આગેવાનોએ બોલતા જણાવ્યું કે આપના જમાઈરાજના મરણથી આપને અસહ્ય દુઃખ થાય એ સ્વભાવિક છે. પણ મરણ આગળ કોઈનું ચાલતું નથી. છઠની સાતમ કોણ કરી શકે છે? એટલામાં દરબાર સાહેબની નજર પેલા મોઢે કપડું બાંધીને આવેલા વિચિત્ર દેખાવવાળા માણસ પર પડી. તેમણે પૂછ્યું કે આ બિચારાને મોઢે કપડું કેમ બાંધ્યું છે? જવાબમાં તેમણે કહ્યું કે સાહેબ? આને બોલતા આવડતું નથી, અને વચમાં જેમ આવે તેમ બોલવાની ટેવ પડી છે. માટે કપડું બાંધી નહિ બોલવાની શરતે લાવ્યા છીએ. દયાળુ બાપુએ કહ્યું કે, મારી આજ્ઞા છે કે કપડું છોડી નાંખો. બોલીને શું બોલી નાંખવાનો છે? પેલા લોકોએ ઘણી ના પાડી પણ સત્તા આગળ શું ચાલે? એટલે જ્યાં કપડું છોડી મોં ખુલ્લું કર્યું કે અરે સાહેબ તો વ[illegible] છોડતા દિલાસો આપવા [illegible] કે—

સાહેબ ? આપના જમાઈરાજ ગુજરી ગયા તે ઘણું ખોટું તો થયું, પણ શોક કરવાની જરૂર નથી. આ બધા બેઠા છે એમને જ તમારા જમાઈ માની લ્યો ને ? એક જમાઇ ગયા પણ અનેક હાજર છે ને ?

આ સાંભળી દરબાર સાહેબ તો ચૂપ જ રહ્યા. કેમકે ના પાડવા છતાં મોઢું પોતે ખુલાવ્યું હતું. એટલે તેમને કાંઇ બોલવા જેવું હતું જ નહિ. સાથે લાવેલા માણસો પણ સમજી ગયા કે ગાંડાએ બાફ્યું તો ખરું.

માટે જ

હિતકર, પરિમિત, ખપ જેટલી, મધુર, પાપ રહિત વાણી બોલતા શીખો, જેથી ક્લેશ, ઝગડા, નકામા પાપો આદિ ઉભા થાય નહિ.



કાકા કહેતા હતા !

આજકાલ આપણે જોઇએ છીએ કે, ભગવાનની, ગુરૂ મહારાજની, અગર તો વડીલોની સુંદર અને હિતકર આજ્ઞાના પરમાર્થને નહિ સમજનારા ઘણાં માણસો તેની અવગણના કરી પોતાની મતિ કલ્પના મુજબ સ્વચ્છંદ વર્તન કરતા માલૂમ પડે છે.

જો કે તે હિત શિક્ષાઓને ઠોકરે મારી અવગણના કરવાનું ફળ કદાચ તેમનો પાકો પુણ્યોદય હોય તો આજ ભવમાં તેનો અનુભવ કરવો પડતો નથી. પરન્તુ પરલોકમાં તો તેના માઠા વિપાકોનો અનુભવ જરૂર કરવો પડે છે.

વળી કેટલીક વખત પોતાના વડીલોની આજ્ઞાઓને નહિ માનવાથી આવી પડેલ આપત્તિમાંથી પુણ્યોદયથી પ્રાપ્ત થયેલ બુદ્ધિના પ્રભાવે થોડો ઘણો ટોપરાપાક (માર) ખાઇ બચી પણ જવાય છે. પરન્તુ તે પ્રસંગે તેમના મનમાં એટલું તો જરૂર થાય છે કે, વડીલો કહેતા હતા તે માન્યું નહિ તેનું જ આ પરિણામ આવ્યું છે.

જેના માટે 'કાકા કહેતા તા' નું દૃષ્ટાંત સમજવા જેવું છે.

મારવાડમાં ઠાકોરના તાબાનું એક ગામ છે, જ્યાં અનેક ધનાઢ્ય વણિકો વસે છે. અનેક પ્રકારના વ્યસનોમાં ફસાયલા

ઠાકોર સાહેબ જેટલી આવક આવે તે સઘળી ઉડાવી દેતા હતા. કેટલીક વખત તો ફક્કડ ફકીર જેવા ઠાકોર સાહેબને ખાવાનાં પણ ફાંફાં પડતા હતાં: તેમ નોકરોનો પગાર પણ ચડેલો જ રહેતો હતો.

એક દિન ઠાકોરને વિચાર આવ્યો કે આપણા ગામમાં ધનાઢ્ય વાણિઆઓ વસે છે, તેમની પાસે કોઈ યુક્તિથી પૈસા પડાવીએ તો થોડા વરસ આપણું ટટ્ટુ નભી જાય. એટલે અગાઉ જેમ જે. પી. ની પદવી પ્રદાન થતી હતી. તેમ તેણે લક્ષાધિપતિઓનાં મકાન ઉપર ફરકાવવાની ધજા પ્રદાન કરવાની જાહેરાત કરી. તેમાં જણાવ્યું કે, જેને ત્યાં જેટલા લાખ રૂપીયાની મિલ્કત હોય તેણે તેટલી ધજાઓ દરબારમાંથી લઈ જઈ પોતાના મકાન ઉપર ચઢાવી દેવી. અને એક ધજાએ એક હજાર રૂપીયા દરબારમાં ભરી દેવા. સુગર કોટેડ કવીનાઈનના જેવી ઉપરથી મીઠી જાહેરાત દરબારની બદદાનતને નહિ સમજી શકનારા કેટલાક અભિમાની શેઠીયાઓને પસંદ પડી, અને ટપોટપ રૂપીયા ભરી ધજાઓ પોતાના મકાન ઉપર ફરકાવવા માંડી.

હવે તેજ ગામમાં એક કાકો ભત્રીજો રહેતા હતાં.

કાકો જમાનાનો ખાધેલો હતો પણ ભત્રીજો જરા કમ અક્કલનો હતો. એટલે ભત્રીજાએ એક દિવસ કાકાને કહ્યું કે. 'સો કરતાં આપણે ત્યાં ધન ઘણું છે તો આપણે શા માટે ધજ ન લાવીએ. આ તો લોકોને ઉલટી શંકા જાય છે કે, કરતુર કાકા ખાલીખમ હોવા જોઈએ. માટે આપની આજ્ઞા હોય તો વધારે નહિ તો પંદર હજાર આપી 'પંદર ધજા લઈ આવું.' જવાબમાં કાકાએ જણાવ્યું કે બેટા આ ધજામાં

મઝા નથી પરન્તુ મોડી વહેલી સજા તો છે જ. માટે આપણે એક પણ ધજા લાવવી નથી. ભલે લોકો મને દરીદ્રી માને. આ સુંદર સલાહ ભત્રીજાને પસંદ પડી નહીં. પણ કરે શું ? તીજોરીની ચાવી તો કાકાના કબજામાં હતી. પરન્તુ ભત્રીજો પોતાનું ધાર્યું કરવા માટે તક જોઇ રહ્યો હતો.

એવામાં કાકાને પોતાના મરણ પ્રસંગે કાણુ કરવા જવાનું થયું. એટલે કાકાએ તીજોરીની ચાવી ભત્રીજાને આપી યોગ્ય ભલામણ કરી બે-ત્રણ દિવસ માટે બહારગામ ગયા.

આ બાજુ ભત્રીજાએ પંદર હજાર રૂપીયા ભરી પંદર ધજાઓ લાવી ચઢાવી દીધી. કાકા કાણુ કરી પાછા ફરતા પોતાના મકાન ઉપર ધજા ફરકતી જોઇ સમજી ગયા કે હું કાણુ કરવા ગયો એટલે ભત્રીજાએ આ મોકાણુ માંડી લાગે છે. ઘરે આવી ખૂબ ઠપકો આપ્યો પણ ભત્રીજાએ તે ઠંડે કલેજે સહન કરી લીધો. અને જણાવ્યું કે, 'કાકા ! જે થયું તે હવે ન થયું થોડું જ થવાનું છે.' એમ માખણ ચોપડી કાકા ભત્રીજા વચ્ચે થનારી ધમાલને દૂર કરી દીધી.

કાકા થોડા વર્ષો બાદ ગુજરી ગયા. ઘરનો માલિક હવે તો ભત્રીજો બન્યો. થોડા સમય બાદ એવું બન્યું કે કોઇ એક દેશનો રાજા તે ગામ ઉપર ચઢાઇ લાવ્યો. તેની પાસે નથી તો લડવાની સામગ્રી, અને નથી તો તેને ખંડણી આપી પાછો કાઢવા માટે એક કાણી પાઇ. હવે શું કરવું ? તેની સ્મરણમાં ધનવાળા શેઠીયાઓ યાદ આવ્યા. કોની પાસે કેટલું ધન છે ને તો ઠાકોર તેના દફતરમાં નોંધાયેલી [illegible] જ છે. એટલે મંત્રીજી, ફોજદાર અને હવાલદારો

જમ જેવી ત્રિપુટીને શેઠીયાઓને ત્યાં મોકલી. તેમણે તેમને ત્યાં જઇ કહ્યું કે, 'આપણા ઠાકોર સાહેબ હાલ ભીડમાં છે. માટે તમો અમુક રકમ આપો. સમય આવ્યે વ્યાજ સાથે પાછી આપી દેવામાં આવશે. તેઓ મનમાં સમજી તો ગયા કે ધણીની સજા આવી પહોંચી છે. પણ સત્તા આગળ શાણ-પણ શું કામ લાગે ? એમ વિચારી લાખો રૂપીયા ટપોટપ ગણી આપ્યા. હવે આ વરઘોડો છેવટે સત્રીજીને ત્યાં પહોંચ્યો. તેની પાસે પણ ઉપરની હકીકત જણાવી રૂપીયા માંગ્યા. તેને પણ કાકાનું વેણ યાદ આવ્યું. પણ હવે શું થાય ? એટલામાં તેના પુણ્યોદયે એક યુક્તિ સુઝી આવી. અને તે એ કે જ્યારે મંત્રીજી રૂપીયા માંગે છે તેના જવાબમાં તે "કાકા કહેતા'તા" એટલું જ બોલે છે. કેમ આપવા હોય તો આપો નહિ તો ના પાડો એના જવાબમાં પણ 'કાકા કહેતા તા' નું એક જ વાક્ય બોલે છે. ચાલો ઠાકોર સાહેબ પાસે એના જવાબમાં પણ એક જ વાક્ય રજુ કરે છે. એવામાં ફોજદાર સાહેબ ખીજાયા અને ફટકો લગાવે છે....ત્યારે તે ફટકાની જગ્યાએ હાથ ફેરવી 'કાકા કહેતા તા' એમ જ બોલ્યા કરે છે.

સારાયે બજારમાં પણ એક જ વાક્ય બોલે છે. ઠાકોર સાહેબ પાસે સત્રીજી હાજર થઇ ગયો. ત્યાં પણ ઠાકોર સાહેબ જે જે પ્રશ્નો કરે છે તેનાં જવાબમાં ઉપરનું જ વાક્ય બોલે છે. આખરે ઠાકોરનું મગજ કંટાળ્યું એટલે તેને ત્યાંથી કાઢી મૂક્યો. ગાંડો સમજી રવાના કરી દીધો. 'કાકા કહેતા તા' ના મંત્રાક્ષરે સત્રીજીનો આબાદ બચાવ કરી લીધો. બહારથી ગાંડો પણ અંદરથી ડાહ્યો તે બજારમાં બબડતો ઘર

ભેગો થઇ ગયો. થોડા દિવસ માટે ગાંડો રહી ફટકાના ઘાને રૂઝાવવા માટે મલમ પટાનો થોડો ખર્ચ થયો તો ખરો, પણ મોટી રકમનો બચાવ થઈ ગયો. જો કે તેને સુઝેલી યુક્તિએ કામ સારૂં આપ્યું પરન્તુ કાકાની સલાહને નહિ માનવા બદલ થોડો ઘણો માર તો ખાવો જ પડ્યો.

એજ મુજબ

જે લોકો ભગવાનની અગર ગુરુ મહારાજની તેમ પોતાના વડીલોની હિતકર આજ્ઞાઓને નથી માનતા અને સ્વચ્છંદપણે વર્તે છે તેઓને પરલોકમાં આપત્તિઓમાં સપડાવું પડે છે, તે પ્રસંગે ગુરૂ મહારાજની આજ્ઞા માની હોત તો ઠીક થાત. નહિ માની એનું જ આ પરિણામ આવ્યું છે. એટલું તો મનમાં થયા વિના રહેશે જ નહિ. પણ તેમ પશ્ચાતાપ કરવાથી અગર માનવાથી કરેલ ભૂલના ભોગથી કાંઇ છુટી જવાશે નહિ. કર્યો કર્મ અવશ્ય ભોગવવાજ પડશે.

માટે જ

અધર્મોના કાર્યોને છોડી દઇ ધર્મના કાર્યોનો આદર કરો.



સંપ ત્યાં જંપ

"United we Stand, devided we fall."

સૌ કોઇને સંપીને રહેવું ગમે છે કોઇને પણ કુસંપ ગમતો નથી. છતાં પણ દેશમાં, ન્યાતમાં, ઘરમાં, સ્નેહી-સંબંધીઓમાં, કોઇને કોઈ નિમિત્તે પ્રસંગ થતાં કુસંપી વાતાવરણ ખડું થતાં વાર લાગતી નથી. ઘણી વખત તો એ કુસંપના બીજ એટલા બધાં ઉંડા ગયેલા હોય છે કે એક બીજાના હૃદયમાં એક-બીજા માટે ખૂબ ગંદુ એને ઝેરી વાતાવરણ હોવાનું હોય છે. અરે! છેવટે એક-બીજાના ખૂન પણ કરવા તૈયાર થાય છે. આ પરિસ્થિતિનું મૂળ કારણ સંપથી થતાં લાભો કુસંપથી આલોક અને પરલોકમાં થતા નુકશાનોનું અજ્ઞાન જ કારણ હોય છે.

સંપ ત્યાં જ જંપ હોય છે. ત્યાં જ સાચી શાંતિનો અનુભવ થાય છે. કુસંપના અભાવમાં કલેશ-કંકાસો ઘણાં ઘટી જાય છે. સંપ હોય ત્યાં જ સંપત્તિ વસે છે અને વધે છે. એક કવિએ કહ્યું છે કે:—

સંપ કરે સંપત્ બઢે,
ઘટે ઘરે મન રીસ;
હોય અંક સુખ ફેરવે,
તેશઠ કે છત્તીસ.

અર્થાત્ સંપ કરવાથી સંપત્તિ વધે છે અને મનમાં રીસ ક્રોધ કરવાથી ઘટે છે. તેશઠનો આંકડો જો પોતાનું મુખ ફેરવી નાંખે તો તેસઠના એકદમ ઘટીને છત્રીશ થઇ જાય છે. એ જ મુજબ કુસંપ કરી એક–બીજાથી મોં ફેરવી નાખવાથી પણ લક્ષ્મી ઘટે છે.

વળી સંપ સંગઠનથી જે કાર્યની સિદ્ધિ થાય છે તે કુસંપી વાતાવરણથી થતી નથી.

જેમ સાવરણીની સળીઓ બધી છુટી છુટી પડી હોય તો કચરો કાઢવા અસમર્થ બને છે પરન્તુ બધી જ્યારે એકત્રીત થાય છે ત્યારે જ સાવરણી કહેવાય છે. અને કચરો કાઢવાનું કાર્ય સહેલાઇથી કરી શકે છે.

વળી સુતરના તાંતણા છુટા છુટા હોય છે ત્યારે તેને નાનો બાળક પણ તોડી શકે છે પણ જ્યારે તે બધા એકઠા થઇને દોરડા રૂપમાં બને છે ત્યારે મદોન્મત્ત હાથીને તેમ કોઇ કેદીને પણ સુરકેટાટ બાંધવામાં કામ લાગે છે.

આથી એટલું તો નક્કી થાય છે કે એકબીજાના સંગઠનથી જ સર્વ કાર્યો થઇ શકે છે. કુસુંપથી વ્યવહારિક તેમ ધાર્મિક કાર્યો ઘણા બગડી જાય છે. તેમ આત્માનું અહિત થાય છે તે જુદું. વળી કેટલીક વખત કુસુંપ (ઝઘડો) થવાના કારણોની ઉંડા ઉતરીને શોધ કરીએ છીએ ત્યારે ગેરસમજથી ઉભા થએલ નજીવા કારણો જ માલૂમ પડે છે. એમાં કાંઇ તથ્ય જેવું હોતું નથી.

માટે સૌ કોઇએ લાખો રૂપીયાનાં નુકશાનને વેઠીને પણ સંપને સાચવી લેવાની ખાસ કાળજી રાખવી જોઇએ.

: ૮૧ :

સંપ માટે

સંપની મહત્તા બતાવવા એક પાશ્ચિમાત્ય વિદ્વાન્ કહે છે કેઃ—

So long as you Stand Side by Side,

Shoulder to Shoulder and arm to arm no One Can burt You, no One harm.

To gether you are Safe, you are Safe and Sound but Once Stand a Part and you will fall to the ground.

માટે

સંપથી થતાં લાભોને સમજી સૌ કોઇ સંપીને રહો એજ એક અભિલાષા !



હાથે તે જ સાથે

પરિવર્તનશીલ સંસારમાં પ્રત્યેક પ્રાણીને મરણને શરણ થયા વિના ચાલતું નથી. સંવત–માસ–તિથિ અને વાર–મિનિટ–સેકન્ડ વિગેરે મરણ માટે નિર્માણ થઈ ગયેલા જ હોય છે. પરંતુ અજ્ઞાની આત્માઓ ક્યારે મરશું તે જાણી શકતા નથી. અને એટલાજ માટે સમજુ માનવીઓ ધર્મકાર્ય કરવામાં જરા પણ વિલંબ કરતા નથી. એ જ મુજબ પૂર્વના પુણ્યોદયથી પ્રાપ્ત થએલી લક્ષ્મીનો સદ્વ્યય પોતાના હાથે જ કરી લેવા બનતું કરે છે. પાછળવાળા કરશે એવી વાતો ઉપર ડાહ્યા માણસો વિશ્વાસ રાખતા નથી. એવા જ માણસો "હાથે તે સાથે" એ કહેવતને ચરિતાર્થ કરી રહ્યા છે.

એવી જ રીતે પરલોકની આરાધના માટે રોજ માનવીએ તૈયાર રહેવું જોઈએ. પણ તેને બદલે માંદા માણસને બીલકુલ ભાન હોતું નથી ત્યારે આરાધનાનું સ્તવન, અને પદ્માવતી, છવરાસીની ખામણા વિગેરે સ્વજન સંબંધી સંભળાવે છે. પણ માંદા માણસો પોતાના દર્દની વેદનામાં વ્યસ્ત હોવાથી તે તરફ તેનું લક્ષ જતું નથી.

તેજ મુજબ તેને જરા પણ ભાન ન હોય. છતાં જવાની તૈયારી હોય તેવા સમયે ઘણા માણસો લોકની લાજ ખાતર

માત્ર વ્યવહારને સાચવવા માટે વિના ઇચ્છાએ પણ તમારા પાછળ અમુક ભાગ હમો શુભ ખાતામાં વાપરશું એમ બોલે છે. પણ મરનારને તેની અનુમોદના ન હોવાથી સહેજ પણ ફાયદો થતો નથી. તેમ કેટલીક વખત બોલનારા પણ ત્યાં એકત્ર થએલા લોકોને સંભળાવવા માટે બોલતા હોઇ તેને પણ તેનો લાભ મળતો નથી. વળી મરનારના પાછળ શુભ ખાતે રકમ કાઢનારા કેટલીક વખત તો રાખી મૂકે છે પણ વાપરતા નથી. અને વ્યાજનું વ્યાજ ચઢાવી રકમમાં વધારો કરી રહ્યા હોય છે. વળી કેટલાક તો કોઇ ખરડામાં રૂપીયા ભરાવવાનાં હોય છે તો પોતાના નામથી લખાવે છે. લોકો સમજે છે કે પોતાના ખર્ચ ખાતામાંથી આપે છે. અને તેથી લોકો ખોટી અનુમોદના પણ કરે છે. પરંતુ એ બધી ખોટી પ્રથા છે. વાસ્તવિક રીતિએ શુભ ખાતેથી હસ્તક ફાળાફાળા એમ લખાવીએ તો આપણે દોષિત બનતાં નથી.

ટુંકમાં એટલું જ કહેવાનું કે પરલોકને સુધારવા માટે રોજ આરાધના કરી લેવાની જરૂર છે. અને લક્ષ્મીનો પણ પોતાના હાથે જ સારા ખાતામાં વાપરી વાસ્તવિક પુણ્ય ઉપાર્જન કરી લેવું જોઇએ.



કહો ફુરસદ ક્યારે મળશે ?

જ્યારે જ્યારે ગુરૂ મહારાજના સમાગમમાં આવનારા માણસોને ગુરૂ મહારાજ પૂછે છે કે કેમ કાંઇ પરલોક માટે કાંઇ ધર્મધ્યાન કરો છો કે ? ત્યારે મોટા ભાગે પ્રત્યેક માનવીઓનો એક જ ઉત્તર હશે કે સાહેબ ! શું કરીએ જરા પણ ફુરસદ મલતી નથી. વળી કેટલાક લોકોનો ઉત્તર હોય છે કે હમોને ફુરસદ મળે ત્યારે તો કરીએ છીએ. ત્રીજા નંબરના માનવીઓનું કહેવું એમ છે કે ફુરસદ તો મલે છે પણ પ્રમાદ ભૂતડો નડે છે.

ત્રણે માણસોના જવાબમાં ધર્મ કરવાની તમન્ના અને પરલોકમાં મારૂં શું થશે એની ચિંતાનો અભાવ હોય છે.

હવે આપણે તેમને પૂછીએ છીએ કે તમોને ફુરસદ મલશે ક્યારે ? અને ધર્મ કરશો ક્યારે ? ફુરસદ તો તમોને મરવાની તૈયારી હશે ત્યાં સુધી પણ મળવાની નથી. અરે ! કેટલાક બંદાઓ તો એમ પણ બોલે છે કે હમોને તો મરવાની પણ ફુરસદ નથી પણ શું કરીએ મારૂં બેટું મરવું પડે છે. હજી સુધી મરણને અટકાવવાનું ઇન્જેક્શન કોઇ વિજ્ઞાન

શાસ્ત્રીએ શોધી કાઢયું નથી. નહિ તો લાખો રૂપીઆ ખર્ચીને પણ આ લોકનો વૈભવવિલાસ છોડીને જવું જ ન પડે. એવી વ્યવસ્થા કરનારા કંઇ નરવીરો અને લક્ષ્મીનંદનો આ જગતમાં પડ્યા છે. પણ મરણ આગળ મોટા મોટા સત્તાધીશો પણ પાણી ભરે છે.

માટે ટૂંકમાં એટલું જ કહેવાનું કે તમો મરશો ત્યાં સુધી ફુરસદ તો મળવાની નથી જ. માટે ફુરસદ તો કાઢવી પડશે. ફુરસદ કાઢીને થોડો વખત ધર્મ કરી લેશો તો જ આવતા ભવમાં સુખ મળવાની તક રહેશે. નહિ તો આજે ફુરસદ નથી. કાલે આવજો એમ વાયદા કરનાર શેઠની જે હાલત થઇ તેવી હાલત તમારી થયા વિના રહેશે નહિ.

કોઇ એક ગામમાં સબબંદરકા એટલે તમામ જાતના ધંધા કરનારા એક શેઠ રહેતા હતા. અનેક જાતના ધંધા કરનારાને ખાવાની પણ ફુરસદ નહિ તો પછી ધર્મ કરવાની તો ફુરસદ ક્યાંથી હોય ? એટલે શેઠ ધંધા સિવાય કાંઇ સમજતા જ નથી.

તે જ ગામમાં એક બાવાજી સાત વર્ષ લગી બીજા વગડા-વાની કળા શીખીને આવ્યા છે. તેણે વિચાર કર્યો કે આવી કળા કોઇ ધનાઢ્ય શેઠીઆને બતાવું. તે સારામાં સારું મને ઇનામ મળે. એમ સમજીને તે શેઠ કને ગયો. અને બીજા વગાડી. પણ શેઠનું ધ્યાન તો ધંધામાં જ છે. હવે શેઠ પાસે જ્યારે તેણે ઇનામ માગ્યું ત્યારે તેણે શું જવાબ આપ્યો તેને કવિ લક્ષ્મણરામ કવિતામાં કહી બતાવે છે કેઃ—

એક શરણાઈવાળો, સાત વર્ષ લગે,
    રાખી વીણા વગાડવામાં ખૂબ વખણાણો છે.
એકને જ જાચું, એવી ટેક છેક રાખી;
    એક શેઠને રીઝાવી, મોજ લેવાને મંડાણો છે.
કહે દલપત પછી, બોલ્યો તે કંજુસ શેઠ;
    ગાયક ના લાયક તું, ફોગટ ફુલાણો છે.
પોલું હતું બોલ્યું તેમાં, કરી શી તેં કારીગરી,
    સાંબેલું બજાવે તો, હું જાણું કે તું શાણો છે.

ઉપર મુજબ ઉડાઉ જવાબ આપી બે-ચાર ગાળો ચોપડાવી વિદાય કર્યો.

બીજે દિવસે બાવાજી વિચાર કરે છે કે શેઠ ગઈ કાલે બહુ કામમાં હોઈ મને ઉડાઉ જવાબ આપ્યો હશે. માટે આજે હું જઈ એક-બે પ્રભુના ભજન સંભળાવી શેઠના કાન પવિત્ર કરું. એમ માની શેઠની દુકાને ગયા. શેઠે પુછ્યું કેમ પાછા આવ્યા છો ? તમોને મારે ભજન સંભળાવવા છે. ભલે, કાલે આવજો. આજે મને ફુરસદ નથી. બાવાજીએ નિયમિત જવાનું કાયમ રાખ્યું, અને શેઠે કાલે આવજોનો એક જવાબ આપવાનું કાયમ રાખ્યું. એવામાં અચાનક શેઠ હાર્ટફેલથી દેવલોક પામી ગયા. ગામના ધનાઢ્ય શેઠ એટલે હજારો માણસોની સ્મશાનયાત્રા નીકળી. બાવાજીને ખબર પડી કે પેલા શેઠે આ ફાની દુનિયાથી વિદાયગીરી લઈ લીધી છે. હવે તેમને જીવતાં તો ફુરસદ મળી ન હતી પણ હવે મોટી ફુરસદ મળી છે. માટે શેઠને બે ભજન સંભળાવી આવું. એમ વિચારી [illegible] એટલે લોકો કહે.



Tit for tat, forget that

જેવા સાથે તેવા થશો નહિ.

કર્મ થીઅરીથી અજ્ઞાન આત્માઓ ઘણી વખત ઝઘડા, વૈર–વિરોધ, અગર વ્યવહારિક પ્રસંગે બોલી નાંખે છે કે જેવા સાથે તેવા થયા વિના નહિ ચાલે. અંગ્રેજી ભણેલા કહેશે કે Tit for Tat. romombor That.

પણ એ સઘળું ધર્મનીતિથી વિરૂદ્ધ ગણાય છે. જેવા સાથે તેવા થવું એટલે દુર્જન હોય તેના સાથે દુર્જન થવું. ગાળાગાળી કરે તેની સાથે ગાળાગાળી કરવી, ઝઘડો કરે તેની સાથે ઝઘડો કરવો, ગાંડા સાથે ગાંડા બનવું, મારામારી કરે તેની સાથે મારામારી કરવી.

પરંતુ એ સઘળું સજ્જન પુરૂષો માટે હિતકર ન કહેવાય. બલ્કે લજ્જાસ્પદ કહેવાય. કૂતરૂં કરડે તો આપણે કૂતરાને કદી કરડતા નથી.

ડાહ્યા માણસો સારી વાતોનું અનુકરણ કરે છે. સજ્જન પણ દુર્જન થાય તો પછી સજ્જનની વિશેષતા શી ? હીરામાં અને પથ્થરમાં જેમ ભેદ હોય છે તેમ સજ્જન અને દુર્જનમાં પણ તફાવત હોવો જ જોઈએ.

આપણને કોઇ ગાળ દે તો આપણે તેને સહન કરી લઇએ તો જ આપણી માનવતા દીપે છે. ગાળોથી કાંઇ ગુમડાં થતા નથી. પણ સામી ગાળો દેવાથી આવતા ભવમાં દુઃખ-રૂપી ગુમડાં ઉભા થયા વિના નહિ રહે. વૈરનો બદલો વૈરથી જ લેવામાં આવે તો પછી ક્ષમાધર્મની કિંમત શી? ક્ષમા એ જ વીરપુરૂષોનું ભૂષણ છે.

ઉપકાર કરનારા ઉપર ઉપકાર કરનારા તો થોડા ઘણા નીકળશે. પણ અપકાર ઉપર ઉપકાર કરનારા તો બહુ અલ્પ હોય છે. ઉપકારી ઉપર ઉપકાર કરવામાં નવાઇ નથી, પણ અપકારી ઉપર ઉપકાર કરીએ તો મોટી નવાઇ ગણાય છે.

વળી દુર્જન જ્યારે પોતાની દુર્જનતા છોડતો નથી. તો પછી સજ્જને પોતાની સજ્જનતા શા માટે છોડવી જોઇએ?

ભગવાન મહાવીર પોતાના ઉપર ઉપસર્ગોની ઝડી વરસાવનારા ઉપર વેરનો બદલો લેવા "જેવા સાથે તેવા થવું" એ કહેવતને અનુસરી દુશ્મનોને ધારત તો સુખેથી શિક્ષા કરી શકત પણ ભગવાન ન બની શકત. સજ્જનની કોટિમા ગણત્રી ન થાત. આપણે સૌ તેમના અનુયાયી છીએ. આપણે પણ તેમના જેવા બનવું હોય તો "शिवमस्तु सर्वजगतः" તેમણે આપેલ એ મંત્રનો હંમેશ જાપ કરી Tit for tat, અર્થાત જેવા સાથે તેવા થવું એ ખોટા સિદ્ધાંતને ભૂલી જવો પડશે.



અલ્યા ? હસે છે કેમ ?

આમ તો વિષ અને વિષયમાં માત્ર એક અક્ષરનો જ તફાવત છે. પણ નુકશાનીની અપેક્ષાએ આકાશ પાતાળ જેટલો ભેદ છે. વિષ (ઝેર) મારે પણ ખરૂં અને નહિ પણ મારે. પરંતુ વિષયો તો આત્માને માર્યા વિના રહ્યા નથી અને રહેતા નથી. ધર્મથી અજ્ઞાત એવા લક્ષ્મીનંદનો તેમ આજના કેળવાયેલા માણસો પાંચે ઇન્દ્રિયોના વિષયોની મોજને ઉડાવવામાં જ સર્વસ્વ અને માનવ જન્મની સફળતા સમજે છે. સ્પર્શેન્દ્રિયથી સુંવાળા અને કોમળ ગાદલાં-કપડાં વિગેરેની, રસેન્દ્રિય (જીભ) થી અભક્ષ્ય પદાર્થોનો ભોગવટો, ઘ્રાણેન્દ્રિય (નાકથી) અત્તર, ફુલો અને સુગંધી પદાર્થોની મોજ, ચક્ષુથી રૂપરંગ, સીનેમા, નાટક જોવાની રમુજ અને કર્ણેન્દ્રિય (કાનથી) ફીલ્મી ગાયનો સાંભળવા આદિ પાંચે ઇંદ્રિયોના વિષયોમાં આજ માનવીઓ રાત અને દિવસ મસ્ત રહી અમૂલ્ય જીવનને બરબાદ બનાવે છે. એક એક ઇંદ્રિયના વિષયને વશ પડેલા હાથી, માછલું, ભમરો, પતંગીયુ અને હરણીયું મરણને શરણ થાય છે. તો પછી પાંચે ઇંદ્રિયોને વશ પડેલા માનવીઓની દુર્દશાનું પૂછવું જ શું ? પાંચે ઇંદ્રિયોને વશ પડેલા એક શેઠની કહાણી સાંભળવા જેવી છે.

કોઈ એક ગામમાં એક શેઠ વસે છે. તેમને આવા-ગીરા [illegible]. સૌથી વધુ [illegible] સુંદર રૂપનગર નામની સુંદર શહેરમાં



ચાર-પાંચ ફટકા પેલા નોકરને લગાવી દીધા. જોરથી પડેલા ફટકાથી-ફુટબોલ જેમ ઉછળે તેમ પથારીમાંથી ઉછળી નીચે બહાર પટકાયો. પટકાતાની સાથે જ તે ખડખડ હસવા લાગ્યો. અરે ! આ તો મારો નોકર છે. પણ રોવાની જગ્યાએ આ હસે છે કેમ ? એમ વિચારી શેઠ તેને પૂછે છે કે અલ્યા હસે છે કેમ ?

ત્યારે તે નોકર કહે છે કે શેઠ મેં તો માત્ર એક બે કલાક માટે-જ આ શય્યાનો ભોગવટો કર્યો તેટલા માત્રમાં હન્ટરના મારથી મારી ચામડી સુઝી ગઈ. જો કે મારો તો થોડામાં જ છુટકારો થઇ ગયો છે, પરંતુ જે આ શય્યામાં ધર્મકર્મને છોડી ભગવાનના નામને વિસરી રોજ સુતા હશે તેની તો આવતા ભવમાં શી દશા થશે ? તે તો જ્ઞાની જાણે. હું તો તમારા હન્ટરના મારથી ચેતી ગયો અને ભવિષ્યમાં થનારી મોટી શિક્ષામાંથી બચી ગયો એ હેતુથી શેઠ ! હું હસી રહ્યો છું.

આ બનાવથી શેઠની આંખ ઉઘડી ગઇ અને કહેવા લાગ્યા કે ખરેખર તારી વાત સાવ સાચી છે. એક અપેક્ષાએ તું મારો ગુરૂ છે. તેજ દિવસથી સઘળી મોજ શોખ છોડી દઇ આત્માને ધર્મમાં જોડી દઇ શેઠ સદ્ગતિના ભાગી બન્યા.

ટુંકમાં—

સૌ કોઇ પાંચે ઇંદ્રિયોને વશ ન પડતા ઇંદ્રિયોને પોતાને વશ બનાવવા પ્રયત્ન શીલ બનો એજ એક અભિલાષા.

❀

ઠગ વિદ્યાનો નમુનો
ઉર્ફે
કેદારનાથનું કંકણ.

એક વખત એક બિલાડી ફરતી ફરતી કોઇના ઘરમાં પેઠી. ઘરમાં આમતેમ રેડીયમનાં જેવી ચમકતી ચક્ષુઓ ચારે કોર ફેરવતાં રસોડા તરફ એની નજર ગઈ. ત્યાં દુધનું એક મટકું (માટીનું વાસણ) જોવામાં આવ્યું. તરતજ ઉપરનું ઢાંકણ નીચે ગબડાવી નાંખી દુધ પીવા માટે તેણે મુખ અંદર નાખ્યું કે તરત જ ઘરનો માલીક આવી ચડ્યો.

માલીકના હાથમાં રહેલી લાઠીને જોઈ બાવરી બનેલી બીલ્લીબાઇ એકદમ ભાગવાની કોશિષ કરે છે. પરંતુ મટકાનું મોં સાંકડું હોવાથી મોં ઝટ નીકળી શકતું નથી. એટલે મટ-કાની સાથે જ નાસવા જતાં અચાનક મટકું ભીંત સાથે પછડાવાથી ફુટી ગયું, અને તેનો કાંઠલો તેના ગળામાં જ રહી ગયો. કાંઠલા સાથે જ બીલ્લીબાઈ જંગલમાં જઇ એક વિશાળ વૃક્ષ નીચે જઈ બેઠા. ત્યાં ઉંદરનો એક મોટું દર છે. તેમાંથી ઉંદરો બહાર આવે છે અને અંદર જાય છે. કોઇપણ વખત નહિ જોયેલા વિચિત્ર આભૂષણવાળા બીલ્લીબાઇને

વીતરાગ પ્રભુની શક્ય આજ્ઞાને શિરોધાર્ય કરવાનો હેતુ જો ન હોય.

૩ સુંદર કવર, સુંદર કાગળ, સુંદર પ્રીન્ટીંગ અને બોલ્ડ ટાઇપવાળા સંસ્થાઓના રીપોર્ટમાં માત્ર લાંબી-લાંબી ડાહી-ડાહી અને વાયડી સેવાની અને ધર્મકાર્યોની વાતોનાં જ તડાકા મારવામાં આવ્યા હોય, પરંતુ તેમાં દર્શાવેલ વસ્તુનો તે તે સંસ્થામાં જો અમલ નહિ થતો હોય.

૪ સાધુવેશ માત્ર ભોળી જનતાને આકર્ષવા માટે જ હોય, પરંતુ તે વેષની સંપૂર્ણ વફાદારી, તેમ તેને અનુકૂળ સુંદર આચરણનું જો દેવાળું જ હોય.

૫ હાથવણાટના સુતરનો, બગલાની પાંખ જેવો સફેદ ઝભ્ભો, માત્ર દેશભક્ત તરીકે ગણાવવા પૂરતો જ હોય, પરંતુ તેની પાછળ દેશની અને લોકસેવાની સાચી તમન્ના અને શક્ય ક્રિયા જો ન હોય.

૬ સાકર અને શેરડીની મધુરતાને પણ મહાત કરે એવી તેમ પ્લેટફોર્મ અને ટેબલ ઉપર હાથ અફળાવી વિવિધ અભિનયવાળી વ્યાખ્યાનવાણી માત્ર લોકરંજન માટે તેમ પ્રખરવક્તા કહેવડાવવા માટે જ હોય. પરંતુ વાણી પ્રમાણે જરા પણ વર્તન જો ન હોય.

૭ One rate (એક જ ભાવ) અત્રે સુંદર અને સ્વાદિષ્ટ ભોજન મળે છે. ચોકખું ભેળસેળ વિનાના ઘીની એક જ દુકાન આદિના લગાવેલા પાટીયા માત્ર દેખાવના કુરા અને

અક્કલના બૂડા ઘરાકોને ફોસલાવવા પુરતાજ હોય. પણ અંદર લખેલા માલથી બીલકુલ જુદોજ માલ હોય.

તો

અને તેના જેવી સઘળીયે રોજગારુ ક્રિયાઓ બીહીબાઈએ પહેરેલા કેદારનાથના કંકણ જેવી સમજવી અને તેવી ક્રિયાના કરનારા ઠગભગતોને સૌએ નવ ગજના નમસ્કાર કરી તેમનાથી સાવધાન રહેવાની ખાસ ભલામણ છે. જેથી ધાર્મિંક ક્રિયાઓનો તથા ધાર્મિંક વસ્તુઓનો પોતાનો સ્વાર્થ સાધવા માટે દુરૂપયોગ કરી પાપનો પોટલો બાંધનારાની પણ સાન કાંઈ ઠેકાણે આવે.



આંખો ખુલ્લી છે ત્યાં સુધી જ

અનાદિ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં ક્વચિત જ માનવદેહ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, સુદેવ, સુગુરુ, અને સુધર્મની પ્રાપ્તિ થાય છે.

પરન્તુ તેની દુર્લભતા અને મહત્તાને નહિ સમજનારા માનવીઓ સારીએ જીંદગી ખાવાપીવામાં, હરવા ફરવામાં અને મોજશોખ જ લુંટવામાં તેમ હાટ, હવેલી અને ધનની પ્રાપ્તિ પાછળ એળે ગુમાવી રહ્યા છે.

પરન્તુ એ સઘળીએ મોજશોખ અને વૈભવોની ધમાલ ક્યાં સુધી? કહેવું પડશે કે માત્ર આ તમારી જે આંખો ખુલ્લી છે ત્યાં જ સુધી.

ઘણા માણસો સવારમાં ભગવાનનું નામ લેવાને બદલે તેમ પરમાત્માની સ્તુતિ કરવાને બદલે તેમને પુર્વના પુણ્યોદયથી પ્રાપ્ત થએલ વાડી, ગાડી અને લાડીની જ પ્રશંસા કરતા હોય છે. તેવા માણસને પણ જો કોઈ આંખ ખોલનાર ગુરુ મહારાજ મળી જાય તો ઠેકાણે આવી જાય છે. તે એક નીચે જણાવેલ દ્રષ્ટાંતથી માલુમ પડશે.

એક વખત એક કાશીથી પ્રખર વિદ્વાન થઈને આવેલ પંડિત કોઈ જુગારીયાની સોબતમાં આવી જવાથી સાતે વ્યસ-

નમાં સપડાઇ ગયા. અને તેમ થવાથી તેમના શીરે હજારો રૂપીયાનું દેવું થઇ ગયું, એટલું બધું મોટું દેવું વસુલ કરવા માટે તેણે ચોરીનો ધંધો કરવાનો વિચાર કર્યો.

એક રાતના તે પંડિતજી રાત્રે બાર વાગે ચોરી કરવા નીકળી પડ્યા. પ્રથમ એક ધનવાન શેઠને ત્યાં જઇ ચડ્યા. બારીના કાણામાંથી જુએ છે તો બાપ દીકરા હિસાબ લખી રહ્યા છે. હિસાબ મેળવતા માત્ર એક આનો ખુટે છે. શેઠ પોતાના દીકરાને ધમકાવી પુછે છે કે બોલ, એક આનો કયાં ગયો? છોકરો કહે છે કે હું કાંઇ જાણતો નથી. એટલે તુરત જ શેઠે સાલા, જુઠું બોલે છે. એમ કહી એક તમાચો લગાવી દીધો. ચોર પંડિતજી આ દૃશ્ય જોઇ વિચાર કરે છે કે, જે એક આના માટે પોતાના વ્હાલા પુત્રને મારે છે તેને ત્યાંથી હું હજારોની ચોરી કરૂં તો જરૂર શેઠ જીવતાં જ મરી જાય. પાપના પ્રસંગે પણ આવો વિવેક કેળવી પંડિતજી આગળ વધ્યા. આગળ જતાં એક વેશ્યાને ત્યાં ગયા. ત્યાં પણ બારીમાંથી જુએ છે તો એક કોઢીયા પ્રેમીની પાંચ પચ્ચીસ રૂપીયા માટે સારવાર કરી રહી છે. આ દૃશ્ય જોઇ પંડિતજી પહેલાની માફક વિવેક કેળવી આગળ વધ્યા. જતાં જતાં એક ધનવાન બ્રાહ્મણને ત્યાં ગયા. ત્યાં જરા બારણા આગળ ઉભા રહી જુએ જે તો બ્રાહ્મણ ઉંઘમાં પણ....'સ્વસ્તિ તુભ્યં', કલ્યાણ તુભ્યં, ભિક્ષાં દેહી' કહી ભીક્ષાનો જાપ કરી રહ્યા છે. પંડિતજીએ વિચાર કર્યો કે આટલું બધું ધન હોવા છતાં હજુ ઉંઘમાં પણ ભીક્ષા માંગે છે. તેનું ધન લુંટવામાં તેના પ્રાણ પરલોકમાં સીધાવ્યા વિના નહિ રહે. માટે લાવ જરા આગળ જાઉં

એમ વિચારી ઠેઠ રાજદરબારમાં પહોંચ્યા. બસ, રાજાને લુંટીશું તો તેને કાંઈ ગોદો વાગવાનો નથી. ચોરીના કાર્યમાં પણ વિવેકને જાળવતાં જાળવતાં લગભગ ચાર વાગી ગયા. દરબારગઢના દરવાજા ખુલી ગયા છે. પંડિતજી પોલીસોની નજર ચુકાવી ઠેઠ રાજાના દિવાનખાનામાં ઘુસી ગયા. દિવાનખાનામાં રાજા સાહેબની રાત્રે શરીર ઉપરથી ઉતરેલા દાગીનાની પેટી તૈયાર પડી છે. તે પેલા પંડિત ચોરે ઉપાડી અને ભાગવા જાય છે ત્યાં રાજા જાગી જાય છે. એટલે પંડિતજી રાજાના પલંગ નીચે દાબડા સાથે છુપાઇ જાય છે. અને રાજા પોતાના નિત્ય નિયમ પ્રમાણે ભગવાનની સ્તુતિ બોલવાને બદલે હાટ, હવેલી, લાડી, વાડી અને વૈભાવોનાં ગુણગાનનું વર્ણન એક શ્લોકમાં કરી રહ્યા છે.

चेतोहरा युवतयः स्वजनोनुकुलः
सद् बांधवाः प्रणय गर्भ गिरश्च भृत्याः
वल्गन्ति दन्ति निवहार-तरलाः तुरंगाः ॥

અર્થ:—ચિત્તને હરનારી મારી સ્ત્રીઓ છે, મારો સ્વજન વર્ગ મને અનુકુળ છે, શ્રેષ્ઠ બાંધવો છે, સ્નેહભરી વાણીથી બોલનારા મારા નોકરો છે, મારે આંગણે હાથી અને ચપળ ઘોડાઓ ઝુલી રહ્યા છે.

ઉપર મુજબ શ્લોકના ત્રણ પાદમાં પોતાના વૈભવોનું વર્ણન કરી રાજા સાહેબ આગળ ચોથું પાદ બનાવવા ખુબ પ્રયત્ન કરે છે. પણ બીલકુલ યાદ આવતું નથી. ત્રણે પદો ત્રણ ચાર વખત બોલ્યા કરે છે. પણ યાદ જ નથી આવતું.



સૌથી મોટું હિંસક પ્રાણી કોણ?

મોટે ભાગે સૌ કોઈ સિંહ, દીપડા, વાઘ, વરૂ, સર્પો આદિ પ્રાણીઓને હિંસક પ્રાણીઓ તરીકે માને છે. અલબત્ત ઉપરોક્ત સર્વ પ્રાણીઓ હિંસક તરીકે ગણી શકાય છે પરન્તુ તેઓ આ જગતમાં જે કાંઇ નુકશાન કરે છે, તેના કરતાં લાખોગણું વધારે નુકશાન દયાવિહીન માનવીઓ કરતાં આજે માલુમ પડે છે.

સામાન્ય અક્કલનો ઉપયોગ કરી વિચારીએ તો માલુમ પડશે કે, સિંહ આદિ જંગલી જાનવરોની હિંસા મર્યાદિત હોય છે અને તે પણ પોતાના પેટ પુરતી હોઇ તે હિંસા તેમના જીવનમાં તેમને માટે અનિવાર્ય ગણાય છે.

જ્યારે પાશ્ચિમાત્ય વિદ્યા અને નીતિ, રીતિથી ઓતપ્રોત જીવન જીવનારા કેટલાક અજ્ઞાન માનવીઓ માનવ સેવાના અંચળા હેઠળ નાહક લાખો, કરોડો નહિ બલ્કે અસંખ્ય નિર્દોષ પ્રાણીઓના જાન લેવાની દુષ્ટ કાર્યવાહી કરી રહ્યા છે. જે મનુષ્યો માટે ખૂબ લજ્જાસ્પદ શરમજનક બીના ગણાય.

સ્વયં જીવવાની તીવ્ર ઇચ્છાવાળા અને મરવાનું બીલકુલ પસંદ નહિ કરનારા માનવીઓ, જેની કોઈપણ [illegible] નહિ [illegible] એવા મુંગા, અપંગ, નિર્દોષ અને અજ્ઞાની પશુ

પક્ષીઓને જાનથી મારી નાખવાની કાર્યવાહી કરનારાઓ હિંદુસ્તાનમાં રામરાજ્ય લાવવાની વાયડી વાતો શું જોઇને કરતા હશે ? તેની કાંઈ સમજ પડતી નથી. વળી માનવો પોતે સમજદાર, કેળવાયેલ અને બુદ્ધિશાળી હોવાનો દાવો કરી ગરીબ પ્રાણીઓને મારવાની વાત કરતાં માનવતાનું લીલામ કરી રહ્યા છે એમ કહીએ તો કશું જ ખોટું નથી. માનવોની સમજ અને બુદ્ધિનો ઉપયોગ સૌના ભલામાં થવો જોઈએ. જો તેમ ન થતું હોય તો તેઓ તેમને મળેલી બુદ્ધિ અને જ્ઞાનનો દુરૂપયોગ કરી રહ્યા છે, એમ પણ માન્યા વિના ચાલે નહિ.

વળી ગમે તેટલી સંખ્યામાં સિંહો, વાઘો, દીપડાઓ, ગધેડાઓ કે ઘોડાઓ ભેગા થાય તો પણ તેઓ કોઈ ગામને લૂંટી શકતાં નથી, અસંખ્ય જીવોનો નાશ કરી નાંખે એવા બોમ્બ ગોળાઓ બનાવી શકતા નથી, લાખો જીવોની કતલ થાય એવા કસાઈખાનાઓ ખોલી શકતા નથી, મત્સ્ય ઉદ્યોગ ખોલાવી શકતા નથી, વાંદરાઓની નિકાસ કરી શકતા નથી, મચ્છર-માંકડનો નાશ કરનાર ડી. ડી. ટી. જેવા પાઉડર બનાવી શકતા નથી, માખી મારવાનો સપ્તાહ ઉજવી શકતા નથી. ચારપગા જાનવર એમાંથી કાંઈપણ હાનિકારક પ્રવૃત્તિ કદી કરતા નથી.

પણ

ઉપરોક્ત સઘળી હિંસક પ્રવૃત્તિઓ અજ્ઞાન, નિર્દય અને વિવેકહીન બે પગા જાનવરો ખુશીથી કરી શકે છે. આથી એ સિદ્ધ થાય છે કે, દુનિયામાં કોઈ મોટામાં મોટું હિંસક પ્રાણી હોય તો તે દયાવિહિન માનવીઓ જ છે.

હવે શાસ્ત્ર દૃષ્ટિએ તપાસીએ તો પણ પશુઓ કરતાં હિંસક માનવીઓનો વધુ અધઃપાત થાય છે. ગમે તેટલા પ્રમાણમાં સિંહ, વાઘ હિંસા કરે તો ચોથી નરકથી આગળ જતા નથી, સર્પ પાંચમી નરકથી આગળ મરીને જતા નથી, જ્યારે માનવીઓ જો હિંસાખોર બની જાય તો ઠેઠ સાતમી નરકના પણ મેમાન થઈ શકે છે. માનવો પશુ કરતાં ઉચ્ચ ગણાતા હોય તો તેઓમાં રહેલા દયા અને ત્યાગ ધર્મને લઇને જ. અને મોટામાં મોટો ધર્મ અહિંસા અને ત્યાગ છે. માટે મોટા મા મોટા અહિંસક તરીકે ગણાવું હોય તો અહિંસાદેવીના સાચા ઉપાસક બનવા સૌ કોઈ પ્રયત્ન કરો.

હવે તમોને કોઇ પૂછે કે. આ દુનિયામાં મોટામાં મોટું હિંસક જાનવર કોણ? તો છાતી ઠોકીને કહી શકો છો કે, નિર્દોષ અને મુંગા પ્રાણીઓના જાન લુંટનાર માનવની આકૃતિ માત્રને ધારણ કરી દાનવોને પણ શરમાવે એવા હિંસાના કરપીણ કૃત્યો કરનારા, કરાવનારા અને અનુમોદન આપનારા (ટેકો) માત્ર માનવો જ.

ટુંકમાં

સૌ કોઇ દાનવ મટી માનવ બનો પરંતુ માનવ મટી દાનવ બનશો નહિ.

સગવડો જોઇએ છે પણ........

પ્રત્યેક પ્રાણી પોતાના આખાએ જીવનમાં જેટલી જેટલી જરૂરી સગવડો હોય તે સઘળી સગવડોને પ્રાપ્ત કરવા રાત અને દિવસ જેટલો શક્ય પ્રયત્ન થાય તેટલો કરી છુટે છે.

પરંતુ પ્રયત્ન માત્રથી કે ઇચ્છા માત્રથી સૌને સગવડો મળી જાય છે, એવું કદી બનતું નથી.

તો પછી એ વિચારવાની જરૂર છે કે આપણને પસંદ પડતી સઘળી સગવડો શાથી મળે છે? અને અગવડો શાથી દૂર થાય છે?

સાધન વિના સાધ્યની પ્રાપ્તિ કદી જ થતી નથી. ઇચ્છા માત્રથી સુખી થવાતું હોત તો દુનિયામાં કોઇ દુઃખી આપણી નજરે પડે જ નહિં.

